بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**રબ્બે ઝિદ્‌ની ઈલ્મા વર્ઝુકની ફહ્‌મા.** رَبِّ زِدْنِیْ عِلْمًا وَارْزُقْنِیْ فَهْمًا

**અર્થ : અય મારા રબ ! મારું ઈલ્મ વધાર અને મને સમજદારીની રોઝી અતા કર.**



**સરપરસ્ત**

**પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)**




**અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

**Vol.-1, Isuue-1, November-2013**

Website : www.jafariaawaz.com ❄ email : jafariaawaz@gmail.com



**સંપાદક મંડળ**

તંત્રી : કાસમભાઈ વિજાપુરા - ૯૪૨૬૫૪૧૪૭૨

સહતંત્રી : 'માસૂમ' મહેરપુરી - ૯૬૮૭૬૭૯૫૧૩

સહયોગી : મોલ્વી ખાદિમહુસૈન પટેલ (મોલીપુર)
મોલ્વી કમ્બરઅલી દાવડા (કાટવાડ)
મોલ્વી અબ્બાસઅલી સલેમા (હરિપુરા)

લેસર&ગ્રાફિક વર્ક : શબ્બીરઅલી રેવાસીયા - ૯૯૨૫૭૩૦૧૦૭

**વ્યવસ્થાપક મંડળ**

વ્યવસ્થાપક : ઈબ્રાહીમભાઈ વાઘ - ૯૪૨૮૬૪૬૪૭૬

સહવ્યવસ્થાપક : અકબરઅલી મસી - ૯૮૨૫૪૯૭૧૭૮
અનવરઅલી મતિયા

**કાર્યાલયનું સરનામું**

**'જાફરી આવાઝ' (માસિક)**

મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા

પીન – ૩૮૩૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬


## લેખાનુક્રમ


| | |
|---|---|
| ઊઘડતે પાને | ૩ |
| ગડમથલ | ૮ |
| કુરઆન શિક્ષણ | ૯ |
| અહાદીસ | ૧૧ |
| ઝિયારતે વારેસાની તફસીર | ૧૩ |
| સુપરમેન ઈન ઈસ્લામ : હઝરત ઈમામ જાફર સાદિક (અ.) | ૧૯ |
| અલ ઈર્શાદ | ૨૩ |
| નબી સા દૂસરા કોઈ નહીં બશર દેખા | ૨૬ |
| ઈમામ હુસૈન (અ.)ના ગમની ફઝીલત | ૨૮ |
| નહજુલ અસરાર | ૩૧ |
| જન્નતનો એકમાત્ર પરવાનો | ૩૩ |
| કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૩૫ |
| સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૩૭ |
| ખુત્બો : માનવસેવા વિષે | ૩૯ |
| શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | ૪૩ |
| બ્લોગ | ૪૫ |
| મીર અનીસના મરસિયા | ૪૭ |
| મશાયખવાણી | ૫૧ |
| જ્ઞાનગોષ્ઠિ | ૫૩ |
| જાફરી પંચાંગ | ૫૬ |
| આપણા ઘરની વાતો | ૫૭ |
| 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૫૭ |


# ઊઘડતે પાને...

કરબલામાં હરવલા.

હરવલા કરવા એટલે દોડવું.

કરબલામાં મોહર્રમ મહિનાની દસમી તારીખે આશૂરાના દિવસે હુસૈની અઝાદારો ઝોહરૈનની નમાઝ પછી શોક પ્રગટ કરવા આવી જે દોડ લગાવે છે તેને પણ હરવલા કહી શકાય. આ દોડ કેવી રીતે શરૂ થઈ અને ક્યાંથી શરૂ થઈ તે જાણવું રસપ્રદ રહેશે.

ઈરાકનું એક શહેર.

તવીરીજ એનું નામ.

તવીરીજ શહેર કરબલાથી વીસ કિલોમીટર દૂર આવેલું છે અને તે નજફે અશરફ જતાં રસ્તામાં આવે છે. આ શહેરમાં લોકો મોહર્રમ મહિનામાં

'રક્ઝા' કરે છે. 'રક્ઝા' શબ્દનો અર્થ પણ દોડવું એવો થાય છે. હુસૈની અઝાદારો 'રક્ઝા' શા માટે કરે છે તેની વિગતવાર માહિતી હવે આપણે જાણીશું.

હિજરી સન–૬૧નો મોહર્રમ મહિનો.

દસમી મોહર્રમનો દિવસ.

આશૂરાનો દિવસ.

આ દિવસે ઈમામ હુસૈન (અ.)એ કરબલામાં આવાઝે ઈસ્તેગાસા બુલંદ કરી.

هَلْ مِنْ نَاصِرٍ يَنْصُرُنَا

*(છે કોઈ મારી મદદનો કરનાર ?)**

અહલેબૈત અને અઝીઝો અન્સારે લબ્બૈક કહીને પોતપોતાના જીવ ઈમામ હુસૈન (અ.) ઉપર કુરબાન કરી દીધા. આ પ્રસંગ બન્યે સદીઓ પસાર થઈ ગઈ છે, પરંતુ સદાએ હુસૈન 'હલમિન નાસેર યુન્સુરના' આજે પણ ગુંજી રહી છે અને જ્યાં સુધી ઈમામ હુસૈન (અ.)ના ગુલામો, મોહિબ્બો અને માતમદારો બાકી રહેશે ત્યાં સુધી આ અવાજ ઈન્શાઅલ્લાહ ગુંજતો રહેશે. આશૂરાના દિવસે આ અવાજ ઉપર લબ્બૈક કરતાં કરતાં ઈમામ હુસૈન (અ.)ના અઝાદારો ઈન્શાઅલ્લાહ 'હરવલા' પણ કરતા રહેશે અર્થાત્ દોડવાની ક્રિયા કરતા રહેશે. અને પોતાની આંખોમાંથી આંસુ વહાવતા રહેશે. આ અવાજ ઉપર અમલ પ્રદર્શિત કરવા માટે આશૂરાના દિવસે આજે પણ ઈરાકના શહેર તવીરીજમાં 'રક્ઝા'ની શરૂઆત કરવામાં આવે છે.

લાખોની સંખ્યામાં અઝાદારો છાતી ઉપર અને પીઠ ઉપર માતમ કરતા કરતા તવારીજથી આવીને કરબલાએ મોઅલ્લા તરફ દોડે છે અને આવાં પ્રદર્શનોથી આશૂરાની યાદને તાજી કરે છે જો કે, દોડવાની આ ક્રિયાને બંધ કરાવવા માટે દરેક જમાનામાં જુલ્મ અને સિતમ કરવામાં આવ્યો છે, પરંતુ તેમ છતાં પણ ઈમામ હુસૈન (અ.)ની સાથે મોહબ્બત કરવાવાળાઓએ આ ક્રિયાને ચાલુ જ રાખી છે એટલે સુધી કે આજે તો તે કાયમી રિવાજ બની ચૂકયો છે.

અત્યારે તવીરીજ શહેરમાંથી થતા 'રક્ઝા'ના જવાબદાર વ્યક્તિ સૈયદ સામિર મૂસા કઝવીની છે કે જેમણે 'મજલ્લતુલ અહરાર'ની ટીમ બનાવી છે. અને દુનિયાના વિવિધ દેશોમાંથી અને ઈરાકના જુદા જુદા શહેરોમાંથી 'રક્ઝા' કરવા માટે લોકો તવીરીજ શહેરમાં આવે છે અને દસમી મોહર્રમ પહેલાં ખૂબ મોટી સંખ્યામાં ભેગા થઈ જાય છે. સૈયદ કવીઝીનીએ એવું જણાવ્યું છે કે આ 'રક્ઝા' (દોડ)નો હેતુ અને કારણ અને મતલબ એ છે કે હુસૈની પરંપરા હર હંમેશાં બાકી રહે અને તેઓ ઈમામ હુસેન (અ.)ની સદા ઉપર લબ્બૈક કહેતા રહે અને તેમની નુસરત માટે નીકળવાની યાદ પણ તાજી રહે. આ પરંપરા સદીઓથી ચાલુ છે જો કે 'રક્ઝા' કરવાવાળાઓને કતલ પણ કરવામાં આવ્યા હતા અને જુદા જુદા પ્રકારની તકલીફો પણ આપવામાં આવી હતી, ખાસ કરીને સદ્દામના જમાનામાં રક્ઝામાં શરીક થનારાઓને કતલ કરવા ઉપરાંત ઘણી બધી તકલીફો આપવામાં આવતી હતી.

**હિ.સ. ૧૩૦૦ પહેલાં તવીરીજમાં રક્ઝા :**

* ઈમામ હુસૈન(અ.)એ કરબલામાં કરેલ ઈસ્તેગાસાનો આ પોકાર કયામત સુધી ચાલનારા વલીઓના એક એવા વંશવેલાની મદદ લેવા માટે હતો કે જે વંશવેલો ઈમામ હુસૈન(અ.)ના મકસદને ફેલાવે અને કયામત સુધી દુનિયામાં જીવંત રાખે. એ વંશવેલાનું કાર્ય આજપર્યંત ચાલુ છે. -તંત્રી

ખૂબ લાંબા સમયથી એવી પરંપરા ચાલુ હતી કે નવમી મોહર્રમના દિવસથી જે લોકો તવીરીજ શહેરમાં ભેગા થઈ જતા હતા, કે જેમની સંખ્યા દસ હજારથી વધારે થઈ જતી હતી. ત્યાર પછી તેઓ આશૂરાની રાત્રે કરબલાએ મોઅલ્લા તરફ ચાલી નીકળ્યા હતા. ડગલેને પગલે કરબલાના પ્રસંગને યાદ કરતાં કરતાં ગમગીન થઈ જતા એટલે સુધી કે તેઓ પોતાની રીતે માતમ કરતા કરતા અને આંસુ વહાવતા, વહાવતા કરબલાની નજીક 'કત્રતુલ ઈસ્લામ' નામની જગ્યાએ પહોંચી જતા હતા 'કત્રા 'એવા પુલનું નામ છે કે જ્યાંથી તવીરીજના લોકો કરબલામાં દાખલ થતા હતા. આ જગ્યાએ સુબ્હની નમાઝ જમાઅત સાથે અદા કરવામાં આવતી હતી. નમાઝે જમાઅતની ઈમામત કઝવીની ખાનદાનના આલિમોમાંથી કોઈ જતા હતા અને આ જગ્યાએ ઝોહરૈનની નમાઝ સુધી રોકતા હતા. ઝોહરૈન અદા કરવા પછી તે બધા અઝાદારો ઈમામ હુસૈન (અ.)ના હરમ તરફ રવાના થઈ જતા હતા.

**હિજરી સન ૧૩૦૦ પછીનો 'રકઝા' :**

હિ.સ. ૧૩૦૦ પછી આ હુસૈની અઝાદારોમાં પ્રગતિ થઈ. એ વખતે આ હુસૈન કાફલાની તમામ કાર્યોની જવાબદારી અલ્લામા સૈયદ સાલેહ કઝવીની મર્હૂમના ખભાઓ પર હતી. અલ્લામા સૈયદ સાલેહ કઝનવી હિ.સ. ૧૩૦૪માં વફાત પામ્યા. અલબત્ત જ્યાં સુધી તેઓ જીવતા રહ્યા તેમણે આ પરંપરામાં પ્રગતિ કરી અને વધુમાં વધુ મોમિનો એમાં શરીક થાય તે માટે તેમને દા'વત આપી. અલ્લામા સૈયદ સાલેહની આગેવાનીમાં આ કાફલો દર વર્ષે આશૂરાની સુબ્હની નમાઝે ફજ્ર પછી કરબલાએ મોઅલ્લા તરફ રવાના થતો હતો પરંતુ ખુદ અલ્લામા સાલેહ કઝવીની ઘોડા ઉપર સવાર થઈને એક હાથમાં અલમ લઈને લહેરાવતા લહેરાવતા અને બુલંદ અવાજમાં 'યા હુસૈન, યા હુસૈન' કહેતા કહેતા માતમી ટુકડીની આગળ રહેતા હતા.

અલ્લામા કઝવીનીનો આ અંદાજ દિલસોઝ હતો અને કરબાલાવાળાઓની યાદમાં આંસુ વહાવનારાઓના ગમમાં વધારો કરતો અને આખાય કાફલા ઉપર ગમ છવાઈ જતો હતો અને વાતાવરણ 'યા હુસૈન, લબ્બૈક યા હુસૈન'ના અવાજોથી શોકમય બની જતું હતું. આ રુદન અને વિલાપમાં આ હુસૈની કાફલો કત્રતુલ ઈસ્લામ પર આવીને રોકાતો અને અલ્લામા સાલેહ કે જેઓ આ કાફલાના પુર્સાદાર, બાની અને સરદાર હતા તેમની ઈમામતમાં બધા નમાઝે ઝોહરૈન અદા કરતા અને નમાઝે ઝોહરૈન પછી એક વખતે ફરીથી અલ્લામા પોતાના અલમને વાતાવરણમાં લહેરાવતા અને 'યા હુસૈન, યા હુસૈન'નો અવાજ બુલંદ કરતા અને રડતા ત્યાર પછી હજારોની સંખ્યામાં લોકો 'લબ્બૈક યા હુસૈન, લબ્બૈક યા હુસૈન' કહેતા કહેતા બન્ને હરમશરીફ તરફ દોડવાની શરૂઆત કરતા. આવી રીતે અમુક વર્ષો પછી લોકો આ ક્રિયાને 'રકઝા તવીરીજ' કહેવા લાગ્યા.

એવું કહેવાય છે કે તવીરીજથી અઝાદારીનો આ રિવાજ સદીઓથી ચાલ્યો આવતો હતો. પરંતુ આવી રીતે દોડીને આવવું અને પુર્સો આપવો તેની શરૂઆત અલ્લામા સૈયદ સાલેહ કઝવીનીની સરદારીમાં શરૂ થઈ. અલ્લામા કઝવીનીની વફાત પછી આની સરદારી તેમના ખાનદાનમાં આગળ

ચાલતી આવે છે. હિ.સ. ૧૩૫૮ સુધી તેમના મોટા દીકરાએ બધી કાર્યવાહી સંભાળી. તેમની વફાત પછી સૈયદ મહદી કઝવીનીનીએ કાર્યવાહીનાં સૂત્રો સંભાળ્યાં અને હિ.સ. ૧૩૬૬ સુધી વ્યવસ્થા સંભાળી, ત્યાર પછી હિ.સ. ૧૩૭૫ સુધી સૈયદ મોહંમદ ઝિયા કઝવીનીનો જમાનો ચાલુ રહ્યો. ત્યાર પછી હિ.સ. ૧૪૦૫ સુધી સૈયદ રઝા બિન સૈયદ હસન કઝવીનીએ સરદારી કરી. ઈ.સ. ૨૦૦૩માં સદ્દામની હુકૂમત સમાપ્ત થઈ ત્યારથી લઈને આજ સુધી સૈયદ સામિર મૂસા કઝવીનીની સરદારીમાં લાખ્ખોની સંખ્યામાં અઝાદારોનો આ કાફલો સૈયદુશ્શોહદાના હરમ મુબારક તરફ 'યા હુસૈન, યા હુસૈન' કહેતો કહેતો આજપર્યંત ચાલુ રહ્યો છે.

સૈયદ આમિર મૂસા કઝવીનીનું કહેવું છે કે 'રકઝા તવીરીજ' આખી દુનિયાના લોકોને પ્રભાવિત કરે છે અને દરેક જમાનામાં હુકૂમતની કોશિશ એ રહી છે કે આને બંધ કરવામાં આવે. ખાસ કરીને ૭૦ના દસકામાં સેંકડો લોકોને ગિરફતાર કરવામાં આવ્યા અને ઘણા બધાને ઈજાઓ પહોંચાડવામાં આવી. આટલાં દુ:ખો અઝાદારો પર ઓછાં ન હતાં ત્યાં તો સદ્દામનો જમાનો શરૂ થયો અને તેણે અગાઉના જાલિમોના બધા જ રેકોર્ડ તોડી નાખ્યા. તેણે બાકીના મોમિનો ઉપર જુલ્મના પહાડ તોડ્યા. તેણે રકઝા કરનારાઓને પણ પોતાના જુલ્મનાં નિશાન બનાવ્યા. આ માટે તેણે વિવિધ પ્રકારની યુક્તિઓ અજમાવી. રસ્તામાં કમીનગાહો (સંતાઈને છૂપો હુમલો કરવા માટેની જગ્યાઓ) બનાવડાવી, જાસૂસો મુકર્રર કર્યા, વીજળીના તાર ગોઠવ્યા, રસ્તાઓ બંધ કરી દીધા, પરંતુ આ કાફલો પોતાની મંઝિલ તરફ કૂચ કરતો જ રહ્યો. મુસીબતો અને સજાઓ થતી છતાં પણ મોતની પરવા કર્યા વગર દર વર્ષે લોકો તવીરીઝથી કરબલા જતા જ રહ્યા. છેવટે સદ્દામે ઈ.સ. ૧૯૯૧થી રકઝા તવીરીજ પર સંપૂર્ણ પાબંદી લગાવી દીધી અને તે પાબંદી છેક ઈ.સ. ૨૦૦૩ સુધી, તેની હુકૂમતની સમાપ્તિ સુધી, બાકી રહી. સદ્દામી હુકૂમતના ખાત્મા પછી ઈ.સ. ૨૦૦૩માં ઈમામ હુસૈન (અ.)ના અઝાદારોએ ઈમામ હુસૈન (અ.)ની મોહબ્બતમાં 'યા હુસૈન, યા હુસૈન' કહેતાં કહેતાં રકઝા તવીરીજને ફરીથી ચાલુ કરી. અને તે સમયથી આજ સુધી તે ચાલુ છે.

સૈયદ સામિર કઝવીની બતાવે છે કે આ રકઝા તવીરીજ હવે માત્ર તવીરીજ શહેરના લોકો પૂરતો સીમિત નથી રહ્યો પરંતુ તેના માટે આખા ઈરાકમાંથી લોકો ભાગ લે છે બલ્કે ઈરાક સિવાય બીજા ઈસ્લામી દેશોના લોકો પણ શરીક થાય છે. ખાસ કરીને પાકિસ્તાન અને હિન્દુસ્તાનના ઘણા લોકો ઈમામ હુસૈન (અ.)ના અવાજ 'હલ મિન નાસેર...' પર 'લબ્બૈક, યા હુસૈન' કહેતા કહેતા, માતમ કરતા કરતા, આંસુ વહાવતા વહાવતા સૈયદુશ્શોહદાના હરમ મુબારક તરફ દોડતા ચાલ્યા આવે છે એમાં જવાન, ઘરડા, પુરુષો, સ્ત્રીઓ, બાળકો બધા જ શામેલ થાય છે. એ પણ જાણો કે આમાં ઈરાકી ફોજોની પણ એક અઝાદારી માતમી ટુકડી હોય છે જેમાં સિપાહીથી લઈને જનરલ સુધી લોકો શામેલ થાય છે. હવે તો આ 'રકઝા તવીરીજ' હુસૈની પરંપરાઓમાંની એક પરંપરા બની ગઈ છે.

હવે તો આના માટે દર વર્ષે ઈરાકી હુકૂમત

ખાસ વ્યવસ્થા કરે છે. તેમના રક્ષણ માટે પોલિસ બંદોબસ્ત અને લશ્કરને મુકર્રર કરવામાં આવે છે. સમગ્ર રસ્તામાં તેમના માટે લંગર (જમવાની વ્યવસ્થા) અને મેડિકલ સેવાઓની ખાસ વ્યવસ્થા કરવામાં આવે છે અને કરબલા શહેરમાં તેમના માટે ખાસ રસ્તો મુકર્રર કરવામાં આવે છે કે જેના ઉપર પર સલામતીની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવે છે.

'કત્રતુલ ઈસ્લામ' નામની જગ્યાએથી મોહર્રમની દસમી તારીખે ઝોહરૈનની નમાઝ બાદ હુસૈન અઝાદારો પોતાના બન્ને હાથે માથું કૂટતા, દોડતા દોડતા સૌ પ્રથમ ઈમામ હુસૈન (અ.) ના હરમ શરીફમાં દાખલ થાય છે. તેમના માટે હરમશરીફમાં પ્રવેશવા અને બહાર નીકળવા માટે દરવાજા અગાઉથી નકકી કરી દેવામાં આવે છે અને તેમને દોડવામાં તકલીફ ન પડે તે માટે હરમશરીફના દરવાજાનાં પગથિયાં ઉપર રેતી પાથરી દેવામાં આવે છે. ત્યાર પછી તેઓ બન્ને હરમની વચ્ચેની ખુલ્લી જગ્યામાં દોડતા દોડતા અને માથાં કૂટતા કૂટતા બહાર નીકળે છે અને બન્ને હરમની વચ્ચેની ખુલ્લી જગ્યામાં થઈને હઝરત અબ્બાસ અલમદાર (અ.)ના હરમમાં થઈને બહાર નીકળે છે. આ રીતે તેઓ 'હરવલા' (દોડ) કરે છે. બન્ને હરમ વચ્ચેની દોડ મક્કામાં હાજી લોકો સફા અને મર્વા પહાડીઓ વચ્ચે જે સઈ કરે છે તેની યાદ અપાવે છે. કરબલામાં આવી જડબેસલાક વ્યવસ્થા ગોઠવવી હુકૂમત માટે ખરેખર એક પડકારરૂપ બાબત બની જાય છે.


**('રૌઝએ હુસૈન'**એપ્રિલ–૨૦૧૨ ઉર્દૂ લેખક : મઝહર હયાતખાન)


મોમિન રોશનઅલી મો.૯૪૨૭૦ ૮૬૦૧૦ મોમિન મોહસિનઅલી મો.૯૦૯૯૬૧૭૯૫૦

મોમિન હાસમભાઇ મો.૯૪૨૯૩ ૮૨૬૬૪

(રસુલપુર – ખેરાલુવાળા)





# યાદગાર હાર્ડવેર

**હાર્ડવેર, પ્લાયવુડ, પ્લમ્બર પાઇપ ફીટીંગ**


**સામાનના છૂટક તથા જથ્થાબંધના વહેપારી.**

**૩૦, ડિવાઇન પ્લાઝા શોપીંગ સેન્ટર, બસ સ્ટેન્ડ રોડ, વડનગર.**




## ૨૫૫

સંપાદન : જાફરી આવાઝ કાર્યાલય



### ::::: આડી ચાવીઓ :::::

(૧) કરબલાનું એક નામ (૪)

(૩) અઝાદારીનો મહિનો,મોહર્રમ(૪)

(૫) ભાર, બોજ (૩)

(૮) તંબુ (૩)

(૯) ફલાણું, અમુક (૨)

(૧૧) વ્યક્તિના હાથ ઉપર હાથ મૂકીને લેવામાં આવતી પ્રતિજ્ઞા (૩)

(૧૩) ઈજ્જત, આબરુ, મર્યાદા, સન્માન (૪)

(૧૫) ઈચ્છા ધરાવનાર, અભિલાષી (૫)

(૧૮) રાજા, બાદશાહ (૨)

(૨૦) માલસામાન વેચવા માટે બાંધેલું મકાન, હાટ, વિક્રય કેન્દ્ર (૩)

(૨૧) ખતરાથી ભરેલું, ભયજનક (૫)

(૨૨) ઈસ્લામનો એક પંથ / સંપ્રદાય (૨)

(૨૩) પાણી,વગેરેની વ્યવસ્થા માટેનું કેન્દ્ર (૩)

(૨૬) દુ:ખથી ભરેલું, ગમથી ભરેલું (૪)

(૨૭) ઘોડો, અશ્વ (૪)

### ::::: ઊભી ચાવીઓ :::::

(૧) કરબલામાં આવેલ એક નહેરનું નામ (૬)

(૨) હાહાકાર, રોકકળ, રડવું–પીટવું (૪)

(૩) અભિમાન, સન્માન, ગર્વ (૨)

(૪) ઘરવાળાં, સ્વજનો (૫)

(૬) એકત્ર, એકઠું (૨)

(૭) અરબીમાં નમાઝ માટેનો શબ્દ (૩)

(૧૦) પ્રહાર, ઝાટકો, ઝર્બત (૨)

(૧૨) પહેલાંનું, ભૂતપૂર્વ, ભૂતકાળનું (૩)

(૧૩) કરબલાના એક શહીદ, આઝાદ (૨)

(૧૪) ધર્મયુધ્ધનું મેદાન, રણક્ષેત્ર (૪)

(૧૬) ગેબથી પ્રાપ્ત થયેલું ઈલ્મ, અલ્લાહ તરફથી મળેલું ઈલ્મ, ઈલ્મે .......... (૩)

(૧૭) ગાયન, ગીત (૨)

(૧૮) ખભો, કાંસકી (૨)

(૧૯) બાતિલનો વિરોધી શબ્દ (૨)

(૨૧) અપવિત્ર, ગંદુ, દુષ્ટ, પિશાચ (૩)

(૨૨) શોધ,નિશાન,પગેરું(૩)

(૨૪) માતાના પિતા (૨)

(૨૫) રસ્તો (૨)

(૨૭) કાંટો (૨)



# કુરઆન શિક્ષણ

**નબીઓ અને ઇમામો વિષેની આયતો**

અઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી(મદ્દે.)

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

يٰۤاَيُّهَا النَّبِىُّ اِنَّاۤ اَحۡلَلۡنَا لَكَ اَزۡوَاجَكَ
الّٰتِىۡۤ اٰتَيۡتَ اُجُوۡرَهُنَّ وَ مَا مَلَكَتۡ
يَمِيۡنُكَ مِمَّاۤ اَفَآءَ اللّٰهُ عَلَيۡكَ وَ بَنٰتِ
عَمِّكَ وَ بَنٰتِ عَمّٰتِكَ وَ بَنٰتِ خَالِكَ وَ
بَنٰتِ خٰلٰتِكَ الّٰتِىۡ هَاجَرۡنَ مَعَكَ وَ امۡرَاَةً
مُّؤۡمِنَةً اِنۡ وَّهَبَتۡ نَفۡسَهَا لِلنَّبِىِّ اِنۡ
اَرَادَ النَّبِىُّ اَنۡ يَّسۡتَنۡكِحَهَا خَالِصَةً
لَّكَ مِنۡ دُوۡنِ الۡمُؤۡمِنِيۡنَ ؕ قَدۡ عَلِمۡنَا
مَا فَرَضۡنَا عَلَيۡهِمۡ فِىۡۤ اَزۡوَاجِهِمۡ وَ مَا
مَلَكَتۡ اَيۡمَانُهُمۡ لِكَيۡلَا يَكُوۡنَ عَلَيۡكَ
حَرَجٌ ؕ وَكَانَ اللّٰهُ غَفُوۡرًا رَّحِيۡمًا ﴿٥٠﴾

❂ હે નબી ! બેશક અમે તારા માટે તે પત્નીઓ હલાલ કરી દીધી છે કે જેમની મહેર તું આપી ચૂકયો છે, અને અલ્લાહે તને ગનીમતના માલ તરીકે આપેલી લોંડીઓ પણ કે તેમાંથી જેમનો તું માલિક થઈ ગયો છે, અને તારા કાકાની દીકરીઓ તથા તારી ફોઈની દીકરીઓ, અને તારા મામાની દીકરીઓ તથા તારી માસીની દીકરીઓ કે જેઓ તારી સાથે હિજરત કરીને આવી છે, અને દરેક મોમિન સ્ત્રી કે જે પોતાને નબીના હવાલે કરી દેવા ચાહે, એવી શરતે કે નબીએ પણ તેણીની સાથે નિકાહ કરવાનો ઈરાદો કર્યો હોય, આ હુકમ કેવળ તારા માટે જ છે બીજા મોમિનો માટે નથી; ઉમ્મતીઓ માટે તેમની સ્ત્રીઓ તથા લોંડીઓના સંબંધમાં જે આજ્ઞા કરી છે તે અમે સારી પેઠે જાણીએ છીએ કે જેથી તારા માટે કાંઈ વાંધો આવે નહીં અને અલ્લાહ મોટો માફ કરનાર (અને) રહેમ કરનારો છે.

**(પારો–૨૨, સૂરએ અહઝાબ, આયત–૫૦)**

---

اِنَّ اللّٰهَ وَ مَلٰٓئِكَتَهٗ يُصَلُّوۡنَ عَلَى النَّبِىِّ
ؕ يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا صَلُّوۡا عَلَيۡهِ وَ

❂ નિ:સંશય અલ્લાહ તથા તેના ફરિશ્તા નબી પર દુરૂદ મોકલતા રહે છે; (માટે) હે ઈમાનવાળાઓ ! તમે પણ તેના પર દુરૂદ મોકલો અને એવી રીતે સલામ મોકલો જેવો કે સલામ

| | |
|---|---|
| سَلِّمُوْا تَسْلِيْمًا ﴿٥٦﴾ | મોકલવાનો હક છે.<br>**(પારો–૨૨, સૂરએ અહઝાબ, આયત–૫૬)** |
| اِنَّ الَّذِيْنَ يُؤْذُوْنَ اللّٰهَ وَ رَسُوْلَهٗ لَعَنَهُمُ اللّٰهُ فِى الدُّنْيَا وَ الْاٰخِرَةِ وَ اَعَدَّ لَهُمْ عَذَابًا مُّهِيْنًا ﴿٥٧﴾ | ❂ નિ:સંશય જે લોકો અલ્લાહ તથા તેના રસૂલને ઈજા પહોંચાડે છે, તેમના પર અલ્લાહે દુનિયા તથા આખેરતમાં ફિટકાર કર્યો છે અને તેમના માટે ફજેત કરનારો અઝાબ તૈયાર કર્યો છે.<br>**(પારો–૨૨, સૂરએ અહઝાબ, આયત–૫૭)** |
| فَبَشَّرْنٰهُ بِغُلٰمٍ حَلِيْمٍ ﴿١٠١﴾ | ❂ જેથી અમોએ તેને એક સહનશીલ પુત્રની ખુશખબરી આપી.<br>**(પારો–૨૩, સૂરએ સાફફાત, આયત–૧૦૧)** |
| فَلَمَّا بَلَغَ مَعَهُ السَّعْيَ قَالَ يٰبُنَيَّ اِنِّيْٓ اَرٰى فِى الْمَنَامِ اَنِّيْٓ اَذْبَحُكَ فَانْظُرْ مَاذَا تَرٰى قَالَ يٰٓاَبَتِ افْعَلْ مَا تُؤْمَرُ سَتَجِدُنِيْٓ اِنْ شَآءَ اللّٰهُ مِنَ الصّٰبِرِيْنَ ﴿١٠٢﴾ | ❂ પછી જ્યારે તે (ઈસ્માઈલ) તેની સાથે હરવા ફરવાને લાયક થયો ત્યારે તેણે કહ્યું કે હે મારા વ્હાલા પુત્ર ! હું સપનામાં શું જોઉં છું કે હું તને (અલ્લાહના નામ પર) ખરેખર કુરબાન કરી રહ્યો છું, માટે તું હવે વિચાર કરીને કહે કે તારી શી સલાહ છે ? તેણે અરજ કરી કે હે મારા પિતા ! તને જે આજ્ઞા મળી છે તે પૂર્ણ કર, અગર અલ્લાહે ચાહ્યું તો તું મને ધૈર્ય ધરાવનારાઓ માંહેનો જોશે.<br>**(પારો–૨૩, સૂરએ સાફફાત, આયત–૧૦૨)** |
| فَلَمَّآ اَسْلَمَا وَ تَلَّهٗ لِلْجَبِيْنِ ﴿١٠٣﴾ | ❂ પછી બન્ને (અલ્લાહની આજ્ઞાને) આધીન થયા અને (ઈબ્રાહીમે) તે (ઈસ્માઈલ)ને (ભૂમિ ઉપર) ઊંધે મોઢે નાખી દીધો.<br>**(પારો–૨૩, સૂરએ સાફફાત, આયત–૧૦૩)** |

**જાફરી આવાઝનું કુરિઅર સરનામું** મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ (માસિક), આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ. આઈ.સી. ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર. મો.૯૯૨૫૭૩૦૧૦૭



# અહાદીસ

અનુવાદક : જનાબ સૈયદ ઓવેસઅેહમદ ઝેડ. જાફરી

કિતાબ : ઈર્શાદાતે રસૂલ (સ.)

## ૨૬ | ઝકાત અને સદકાઓ વિષે

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

خُذۡ مِنۡ اَمۡوَالِهِمۡ صَدَقَةً تُطَهِّرُهُمۡ

وَ تُزَكِّيۡهِمۡ بِهَا... ﴿١٠٣﴾

*(હે રસૂલ ! તું તેમના માલની ઝકાત લે અને તેના બદલે તેમને ગુનાઓથી પાક કર...)*

(સૂરએ તૌબા, આયત-૧૦૩)

(૩૯૪) ઝકાત આપવાથી ગુનાઓ નષ્ટ થાય છે.
(ઉસૂલે કાફી, જિલ્દ-૩, બાબ અલ ઈસ્લામ)

(૩૯૫) તમારા માલની ઝકાત આપો. જેણે પોતાના માલની ઝકાત નથી આપી તેની કોઈ નમાઝ નથી અને તેનો કોઈ દીન નથી, રોઝો નથી અને હજ પણ કબૂલ નથી અને તેની જિહાદ પણ કબૂલ થશે નહીં.
(રૌઝતુલ વાએઝીન, સફા-૩૫૬)

(૩૯૬) જ્યારે ઝકાત રોકી લેવામાં આવશે તો જમીન પોતાની બરકતોને રોકી લેશે.
(વાફી, જિલ્દ-૨, કિતાબુઝઝકાત, સફા-૬)

(૩૯૭) સદકો માગનારના હાથમાં પહોંચે તેના પહેલાં અલ્લાહના હાથમાં પહોંચે છે.
(મજાઝાતુ ન્નબવીયા, સફા-૬૪૫)

(૩૯૮) જે બંદો પોતાના માલની ઝકાતમાંથી એક કીરાત (જવના ચાર દાણા) જેટલું પણ રોકી રાખશે તે મોમિન નથી.
(બિહારૂલ અન્વાર, જિલ્દ-૭૭, સફા-૫૮)

(૩૯૯) સદકો બલાઓને દૂર કરે છે ભલેને પછી તે કેટલીય ભારે કેમ ન હોય.
(બિહારૂલ અન્વાર, જિલ્દ-૭૭, સફા-૫૮)

(૪૦૦) પોતાની ધનદોલતનું ઝકાતની મદદથી રક્ષણ કરો અને તમારામાંના બીમારોનો ઈલાજ સદકાથી કરો.
(ઈસ્નાઅશરીયા, સફા-૧૪)

(૪૦૧) મોમિનના પડછાયાને બાદ કરતાં કયામતની જમીન આગની જમીન છે કારણ કે મોમિનનો સદકો તેના પર છાંયો કરે છે.
(વાફી, જિલ્દ-૨, બાબ ફઝલુસ્સદકા, સફા-૫)

(૪૦૨) સદકો આપો કારણ કે સદકો માલમાં વધારો કરે છે. સદકો આપો કે જેથી અલ્લાહ તમારા ઉપર રહેમ કરે.
(વાફી, જિલ્દ-૨, બાબ ફઝલુસ્સદકા, સફા-૫૫)

(૪૦૩) છૂપી રીતે અપાયેલો સદકો પરવરદિગારના ગુસ્સાની આગને ઓલવી નાખે છે.
(વાફી, જિલ્દ-૨, બાબ ફઝલુસ્સદકા, સફા-૫૬)

(૪૦૪) રસૂલલ્લાહ (સ.)ને પૂછવામાં આવ્યું, યા રસૂલલ્લાહ ! કયો સદકો અફઝલ છે ? આપે જવાબમાં ફરમાવ્યું, એવા સગાસંબંધીને સદકો આપવો કે જે સદકો આપનાર સાથે દ્વેષભાવ રાખતો હોય.
(વાફી, જિલ્દ-૨, બાબ ફઝલુસ્સદકા, સફા-૫૬)

(૪૦૫) સગાસબંધીને સદકો આપવો તે એક જ સમયે સદકો પણ છે અને સિલેરહેમી પણ છે. (ઈસ્નાઅશરીયા, સફા-૮)

(૪૦૬) સદકો આયુષ્યમાં વધારો કરે છે અને રોજી લઈને આવે છે અને ખરાબ મોતથી બચાવે છે અને અલ્લાહના ગુસ્સાની આગને ઓલવી નાખે છે.
(બિહારૂલ અન્વાર, જિલ્દ-૭૭, સફા-૧૬૫)

(૪૦૭) અલ્લાહ સદકાની મદદથી સિત્તેર પ્રકારના ખરાબ મોતથી રક્ષણ આપે છે.
(ઈસ્નાઅશરીયા, સફા-૧૭)

(૪૦૮) વહેલી સવારે સદકો આપો કારણ કે બલાઓ સદકાથી આગળ વધી શકતી નથી.
(તરાએફુલ હિકમ, જિલ્દ-૨, સફા-૩૫૧)

(૪૦૯) જાણી લો કે જે કોઈ સદકો આપીને મય્યત ઉપર મહેરબાની કરશે તેના માટે અલ્લાહની પાસે ઓહદના પહાડ જેટલો બદલો હશે અને તે કયામતના દિવસે અર્શે ઈલાહીના છાંયામાં હશે કે જે દિવસે અર્શે ઈલાહી સિવાય કોઈ બીજી વસ્તુનો છાંયો નહીં હોય. જીવિત અથવા મૃત બધા જ સદકાની મદદથી નજાત હાંસિલ કરે છે.
(જામેઅ અલ-અખબાર, સફા-૧૯૭)

(૪૧૦) અલ્લાહે છ બાબતો મારા માટે નાપસંદ કરી છે. મેં પણ મારા પછી મારા ફરઝંદો અને ઔલિયા અલ્લાહના અનુયાયીઓ માટે પણ તે બાબતોને નાપસંદ કરી છે. તેમાંથી એક સદકો આપ્યા પછી સદકો લેનાર પર કરેલા ઉપકારની જાહેરાત કરવી તે છે. (વાફી, જિલ્દ-૨, કિતાબ અલ ઝકાત, સફા-૫૯)

(૪૧૧) જે સદકો આપશે તેને તેણે આપેલા દરેક દિરહમના બદલામાં ઓહદના પહાડ જેટલી જન્નતની નેઅમતો આપવામાં આવશે. (રૌઝતુલ વાએઝીન, સફા-૩૫૭)

(૪૧૨) કોઈ પણ બંદાની સૌથી ઉત્તમ ધનદોલત તેણે એકઠા કરેલા સદકાઓ છે. (તરાએફુલ હિકમ, જિલ્દ-૧, સફા-૨૭૮)

૪૧૩) તમારા માટે સદકો આપવો આવશ્યક છે કારણ કે તેની દસ ખાસિયતો છે, પાંચ દુનિયામાં અને પાંચ આખેરતમાં, દુનિયામાં એ કે તેનાથી તમારી હાલતોની પાકીઝગી છે અને તમારા શરીરોની પાકીઝગી છે તમારી માંદગીઓની દવા છે અને દિલોમાં પ્રસન્નતા પેદા કરે છે, ધનદોલતમાં વૃધ્ધિ કરે છે અને રોજીમાં બરકત આપે છે અને કયામતના દિવસે છાંયડા રહેશે. હિસાબ કિતાબમાં આસાનીનું કારણ છે, ત્રાજવામાં સવાબનું પલ્લું ભારે રાખશે અને પુલે સિરાત પસાર કરવામાં સહેલાઈ અને જન્નતમાં ઉચ્ચ દરજ્જો મળવાનું કારણ બનશે.
(ઈસ્નાઅશરીયા, સફા-૩૨૪)

# ઝિયારતે વારેસાની તફસીર

આપણે બધા વર્ષ દરમિયાન અને વિશેષત: માહે મોહર્રમમાં ઝિયારતે વારેસા પઢીએ છીએ. આપણે ઝિયારતે વારેસા ઈમામ હુસૈન (અ.)ને સંબોધીને પઢીએ છીએ. આપણે અરબીભાષી ન હોવાથી આપણે એ જાણતા નથી હોતા કે આપણે ઈમામ હુસૈન (અ.)ને સંબોધન કરીને જે કહીએ છીએ તે શું કહીએ છીએ. આજે આપણે એ અરબી ભાષામાં લખાયેલ ઝિયારતે વારેસાને સમજવાનો પ્રયત્ન કરીએ જેથી ઈમામ હુસૈન (અ.) પ્રત્યેની આપણી માઅરેફતમાં વધારો થાય.

શાબ્દિક રીતે જોઈએ તો ઝિયારતનો અર્થ થાય છે કોઈ આદરણીય વ્યક્તિની મુલાકાત કરીને તેમને (શબ્દોનું) નજરાણું પેશ કરવું. ઝિયારત શબ્દ કોઈ જિગરી દોસ્ત અથવા ગાઢ સંબંધીની મુલાકાત કરવાના અર્થમાં પણ વપરાય છે. પરંતુ આવી જ મુલાકાત જ્યારે કોઈ રૂહાની રાહબર જેવા કે કોઈ નબી (અ.), તેમના જાનશીન અથવા તો ઈમામ (અ.)ની સાથે ગોઠવાતી હોય ત્યારે તો તે મુલાકાત ખૂબ જ મહત્વની બની જતી હોય છે અને તેનો હેતુ ખૂબ જ ઊંડાણભર્યો બની જાય છે. આવી વિશિષ્ટ વ્યક્તિઓ સાથે રૂહાની સંબંધ વિકસાવવો એ એક અસાધારણ સિધ્ધિ છે. તેમ છતાંય એમને દુરૂદો સલામ પહોંચાડતી વખતે તો તેમની શારીરિક હાજરીની ઝાંખી થાય છે.

સલામી પેશ કરવાની બીજી એક કુદરતી ખાસિયત એ હોય છે કે મુલાકાત લેનાર ઝાઈર ઝિયારતના શબ્દોને અને વાક્યોને સૌથી સારી રીતે, શુધ્ધ ઉચ્ચારણ સાથે, પોતાના દિલના મનોભાવ એ વિશિષ્ટ વ્યક્તિ સાથેની તેની મોહબ્બતને શકય હોય તે રીતે સારી રીતે વ્યક્ત કરે છે. ખરેખર તો એક શીઆ માટે માઅસૂમ ઈમામ (અ.)ને પોતાની સલામી અને અકીદત પેશ કરતાં વધારે સારી રીત આના કરતાં બીજી કઈ હોઈ શકે ? આપણા માઅસૂમ ઈમામો (અ.)એ વાકછટાની બાબતમાં અભિવ્યક્તિનાં શિખરો સર કરેલાં છે અને પોતાના ખાલિકની માઅરેફત એટલી બધી પ્રાપ્ત કરી છે કે જેના માટે તે લાયક છે. તેથી જ તો તેમના શબ્દોમાં વાકછટાનાં અને મખ્રજનાં લક્ષણો જોવા મળે છે અને તેમના શબ્દો ક્ષતિઓ અને ભૂલોથી અલિપ્ત હોય છે. કદાચ આવી ચોકસાઈ અને સચોટતાના કારણે જ સફવાન જમ્માલે ઈમામ જાફર સાદિક (અ.)ની પાસે ઈમામ હુસૈન (અ.)ના રોઝાની ઝિયારત કરવા જવાની પરવાનગી માગી અને સાથે સાથે તેમણે ઈમામ (અ.)ને વિનંતી કરી કે તેઓ તેમને ઝિયારતના આદાબ અને નિયમો બતાવે. આ વિનંતીના જવાબમાં ઈમામ (અ.)એ તેમને ઝિયારતે વારેસા પઢવાનું સૂચન કર્યું.

(સંદર્ભ : મિસ્બાહુલ મુતહજ્જિદ, શેખ તૂસી (રહે.અ.), મફાતિહુલ જિનાન, પેજ–૧૪૨૪, ઉર્દૂ આવૃત્તિ)

**'ઝિયારતે વારેસા' નામ રાખવા પાછળનું કારણ :**

આ ઝિયારતને 'ઝિયારતે વારેસા' નામ

આપવા પાછળનું કારણ એ હોઈ શકે છે કે આ ઝિયારતની શરૂઆતની લીટીઓમાં ઈમામ હુસૈન (અ.)ને ભૂતકાળના બધા પયગમ્બરોના વારિસ અને જાનશીન તરીકે સંબોધવામાં આવ્યા છે.

તો ચાલો આપણે પણ મઝલૂમ ઈમામ (અ.) ને સંબોધીને આ ઝિયારત રૂપી નજરાણું ગમગીન દિલથી પઢીએ અને સાથે સાથે તેની સમજૂતીની સાથે તેમની માઅરેફતથી આપણા દિલોને રોશન કરીએ.

નોંધ : (અહીં જે સમજૂતી રજૂ થઇ છે તે ઝિયારતના શબ્દોના વાકયોના બાહ્ય અર્થ દર્શાવે છે. તેના ગુઢાર્થ અને સચોટ અર્થ તો ફક્ત ઈમામ સાદિક (અ.)ના જાનશીન ઈમામે ઝમાના (અ.) જ જાણતા હશે.)

જયારે કોઈ ઝાઈર ઈમામ હુસૈન (અ.)ના રોઝાની નજીક જાય તો તે કોઈ ખાસ નિય્યત કર્યા વગર જ ઝિયારત પઢવાનું શરૂ કરી દે તો પણ ચાલે. પરંતુ જો તે ઈમામ (અ.)ના રોઝાની પાસે ન હોય અને પોતાના વતનમાં હોય તો દૂરથી ઝિયારત પઢવાની નિય્યત કરે.

(1) اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ اٰدَمَ صِفْوَةِ اللّٰهِ

*(સલામો થાય તમારા ઉપર, અય અલ્લાહે પસંદ કરેલા આદમ (અ.)ના વારિસ !)*

આ વિધાન અનુસાર ઈમામ હુસૈન (અ.)ને હઝરત આદમ (અ.)ના વારસદાર ગણવામાં આવે છે. 'વારિસ'નો અર્થ શું થાય ? વારિસ તરીકે કોનો સંદર્ભ આપવામાં આવ્યો છે ? વારિસ તો એ હોય કે જે માણસની વફાત પછી કે શહાદત પછી તેની માલમિલકતનો અને પરિણામોનો વારસો પ્રાપ્ત કરે. અને આ વારસો ભૌતિક અથવા આધ્યાત્મિક બન્ને પ્રકારનો પણ હોઈ શકે. વારિસ તે વારસાને પોતે જે રીતે ઇચ્છે તે રીતે, વિસ્તૃત કરવાનો અબાધિત અને બિનવિવાદાસ્પદ અધિકાર ભોગવે છે. આ બાબતમાં કુરઆને મજીદ હઝરત ઝકરિયા (અ.)ની દુઆનો ઉલ્લેખ કરે છે :

...فَهَبْ لِيْ مِنْ لَّدُنْكَ وَلِيًّا ۝٥ يَّرِثُنِيْ وَيَرِثُ مِنْ اٰلِ يَعْقُوْبَ ... ۝٦

(સૂરએ મરયમ, આયત–૫ અને ૬)

*(તેથી મને તારા તરફથી એક એવો વારિસ આપ કે જે મારો વારિસ બને અને આલે યાકૂબમાંથી વારિસ બને.)*

સર્વશક્તિમાન અલ્લાહ બીજી એક જગ્યાએ કુરઆને મજીદમાં ફરમાવે છે :

وَوَرِثَ سُلَيْمٰنُ دَاوٗدَ ... ۝١٦

(સૂરએ નમ્લ, આયત–૧૬)

*(અને સુલયમાન દાવૂદનો વારિસ હતો.)*

અહલે સુન્નતના પ્રખ્યાત સાક્ષર (આલિમ) ઈબ્ને મંજુરે આ આયતના અર્થને પોતાની કિતાબ 'લિસાનુલ અરબ'માં આ રીતે સમજાવ્યો છે :

وَرُوِيَ اَنَّهٗ كَانَ لِدَاوٗدَ عَلَيْهِ السَّلَام تِسْعَةُ وَلَدًا فَوَرِثَهٗ سليمانُ عليه السلام مِنْ بَيْنِهِمُ النُّبُوَّةَ وَالْمُلْكَ

*(હઝરત દાવૂદ (અ.)ને ૧૯ દીકરાઓ હતા. એમાંથી હઝરત સુલયમાન (અ.)એ તેમનો વારસો મેળવ્યો, પયગમ્બરીમાં અને સાથે સાથે હિકમતમાં.)*

આવા ગણનાપાત્ર આલિમે કરેલી આ આયતની તફસીર સ્પષ્ટપણે એ હકીકત તરફ નિર્દેષ

કરે છે કે ખોટી રીતે કરેલી નબી (સ.) સંબંધિત જાહેરાત કે "અમે નબીઓ કોઇ ભૌતિક વસ્તુઓ અમારી પાછળ છોડી જતા નથી." તે પાયા વગરની અને વાહિયાત છે. આવી પંગુ અને બનાવી કાઢેલી હદીસને બેશરમીપૂર્વક મુખ્યત્વે તો એટલા માટે ઘડી કાઢવામાં આવેલ છે કે રસૂલલ્લાહ (સ.)ના સાચા વારસદારોને ફિદકના તેમના વારસાથી વંચિત કરી દેવામાં આવે અને તેમની પાસેથી તેને હડપ કરી લેવામાં આવે.

તેમ છતાંય ઝિયારતની શરૂઆતની સલામમાં ઈમામ હુસૈન (અ.) હઝરત આદમ (અ.)ના વારસાના વારિસ છે. આ વારસો કોઈ ભૌતિક વસ્તુ અથવા તો હઝરત આદમ (અ.)ની કોઇ સિફત અથવા તો કોઈ ગુણ હોઈ શકે છે કે જે હઝરત આદમ (અ.) ધરાવતા હતા. ઈમામ હુસૈન (અ.) તે વસ્તુ, સિફત અને ગુણના વારિસ હતા એવા ખાસ સંદર્ભ صِفْوَةِ(પસંદ થયેલા) સાથે કે જેનો ઉલ્લેખ સલામમાં કરવામાં આવેલ છે.

صِفْوَةِનો અર્થ થાય પસંદ થયેલા અથવા શુધ્ધ કરવામાં આવેલા. હઝરત આદમ (અ.) અલ્લાહના પસંદ થયેલા અને પસંદગીપાત્ર બંદા છે કે જેમને માનવજાતિની શરૂઆત કરવા માટે અને માનવજાતની હિદાયત માટે પ્રથમ પયગમ્બર તરીકે દુનિયામાં મોકલવામાં આવ્યા હતા. એવી જ રીતે ઈમામ હુસૈન (અ.) પણ અલ્લાહે પસંદ કરેલા અને તેના પસંદગીપાત્ર બંદા હતા.

(2) اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ نُوْحٍ نَبِيِّ اللّٰهِ

*(સલામો થાય તમારા ઉપર અય અલ્લાહના નબી નૂહ (અ.)ના વારિસ !)*

વારિસ એ હોય છે કે જે વારસાને સાચવી રાખે છે અને તેનું રક્ષણ કરે છે. હઝરત નૂહ (અ.) એ પોતાના ઈમાનદાર લોકોનું કશ્તી ઉપર ઈલાહી અઝાબથી રક્ષણ કર્યું હતું. બરાબર એવી જ રીતે ઈમામ હુસૈન (અ.)એ પોતાનો જીવ આપી દઈને અધર્મ અને ગુમરાહીના જળપ્રલયમાંથી ઈસ્લામને અને મુસલમાનોને બચાવી લીધા હતા. આ હઝરત નૂહ (અ.)નો આધ્યાત્મિક / રૂહાની વારસો હતો કે જેને ઈમામ હુસૈન (અ.)એ વારસામાં મેળવ્યો હતો.

(3) اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ اِبْرَاهِيْمَ خَلِيْلِ اللّٰهِ

*(સલામો થાય તમારા ઉપર અય અલ્લાહના ગાઢ મિત્ર હઝરત ઈબ્રાહીમ (અ.)ના વારિસ !)*

હઝરત ઈબ્રાહીમ (અ.)નું વ્યક્તિત્વ પાંચ તબક્કાઓમાં વિકાસ પામ્યું હતું. સૌ પ્રથમ તેઓ એક અબ્દ (બંદા) તરીકે પસંદ થયા હતા, પછી એક નબી તરીકે, પછી એક રસૂલ તરીકે, પછી એક ખલીલ (મિત્ર) તરીકે અને છેવટે એક ઈમામ તરીકે. અલ્લાહે સૌ પ્રથમ હઝરત ઈબ્રાહીમ (અ.)ને એક અબ્દ તરીકે લીધા. જ્યારે તેઓ કેટલાક દરજ્જા મેળવવામાં સફળ થયા તો તેમની નબી તરીકે પસંદગી થઈ. જ્યારે તેમનો દરજ્જો વધ્યો તો અલ્લાહે તેમના ઉપર રિસાલતની નવાઝિશ કરી. જ્યારે તેઓ ઈલાહી કસોટીમાં સફળ થયા તો અલ્લાહે તેમને પોતાના ગાઢ દોસ્ત તરીકે પસંદ કરી લીધા. છેવટે તેમણે છેલ્લી કસોટીનો સોદો સફળતાપૂર્વક પાર પાડ્યો તો તેમની ઈમામ તરીકે પસંદગી કરી લીધી.

કુરઆને મજીદ દોસ્તીના ત્રીજા તબક્કાનો સંદર્ભ આ રીતે આપે છે:

...وَاتَّخَذَ اللّٰهُ اِبۡرٰهِيۡمَ خَلِيۡلًا ﴿۱۲۵﴾

(સૂરએ નિસા, આયત–૧૨૫)

*(...અને અલ્લાહે ઈબ્રાહીમને ખલીલ (દોસ્ત) તરીકે લઈ લીધા.)*

આ આયતની તફસીરમાં પયગમ્બરે પાક (સ.) સમજાવે છે કે خَلِيل શબ્દ خَلَّت અથવા خُلَّت ઉપરથી આવ્યો છે. خَلَّت નો અર્થ થાય છે ગરીબાઈ અને વંચિતતા. હઝરત ઈબ્રાહીમ (અ.) પોતાની જરૂરિયાતો અને ખ્વાહિશો માટે ફક્ત સર્વશક્તિમાન અલ્લાહ ઉપર આધાર રાખનાર અને સ્વનિર્ભર હતા. તેઓ પોતાની જરૂરિયાત માટે કદી લોકો પાસે જતા નહીં અને તેમનાથી અલિપ્ત રહેતા હતા. તેથી જ્યારે જાલિમ બાદશાહ નમરૂદે તેમને આગમાં ફેંકયા તો અલ્લાહે હઝરત જિબ્રઈલ (અ.)ને ફરમાવ્યું,

"જાઓ અને મારા બંદાની મદદ કરો."

હઝરત જિબ્રઈલ (અ.) હઝરત ઈબ્રાહીમ (અ.)ની પાસે ગયા જ્યારે કે તેઓ હવામાં અધવચ્ચે હતા અને તેમને પૂછયું, "તમારા ભારમાં મને ભાગીદાર બનવા દો. અલ્લાહે મને તમારી મદદ કરવાનો હુકમ કર્યો છે." પોતાની પરિસ્થિતિ દુર્દશાગ્રસ્ત હોવા છતાંય હઝરત ઈબ્રાહીમ (અ.) એ તે મહાન ફરિશ્તાની દાવતનો આવું કહીને અસ્વીકાર કર્યો,

"અલ્લાહ મારા માટે કાફી છે અને હું સંપૂર્ણપણે તેના ઉપર આધાર રાખું છું અને મને માત્ર તેનામાં જ વિશ્વાસ છે. ખરેખર હું (મદદ માટે) તેના સિવાય બીજા કોઈની પાસે જતો નથી અને મારે બીજા કોઈની જરૂર નથી."

આથી અલ્લાહે તેમનું નામ 'ખલીલ' ધર્યું કે જેનો અર્થ એ થાય છે કે હઝરત ઈબ્રાહીમ (અ.) તેની મદદ મેળવવા માટે ગરીબ છે, માત્ર તેની સ્વનિર્ભરતા માટે વંચિત છે અને તેમણે બીજા કોઈ પણ તરફની આશાઓનો અંત આણ્યો છે.

(તફસીરે નૂરુસ્સકલૈન, જિલ્દ–૧, પેજ–૫૫૮)

બીજી એક હદીસમાં ઈમામ મોહંમદ બાકિર (અ.)એ પ્રગટ કર્યું છે કે અલ્લાહે હઝરત ઈબ્રાહીમ (અ.)ને પોતાના ખલીલ તરીકે નિયુક્ત કર્યા કારણ કે તેમણે કોઈને પણ ખાલી હાથે જવા દીધો નથી અને એ કારણે કે તેઓ મદદ માટે માત્ર અલ્લાહ તરફ જ ફર્યા છે. (ઈલાસ અલ શરાઈ, પેજ–૩૪)

પયગમ્બરે પાક (સ.) જણાવે છે કે,

"અલ્લાહે હઝરત ઈબ્રાહીમ (અ.)ને પોતાના ખલીલ તરીકે પસંદ કર્યા કારણ કે તેઓ લોકોને ખાવાનું ખવડાવતા હતા અને જ્યારે લોકો સૂઈ જતા હતા ત્યારે તેઓ રાતની ઈબાદતમાં મશગૂલ થઈ જતા હતા." (ઈલાસ અલ શરાઈ, પેજ–૩૫)

જ્યારે આપણે હઝરત ઈબ્રાહીમ (અ.)ની લાક્ષણિકતાઓ ઉપર વિચાર કરીએ તો તે લક્ષણો સૌથી વધારે પસંદગીપાત્ર અને વખાણલાયક આપણને જાણવા મળે છે. ઈમામ હુસૈન (અ.) તેમના વારિસ હોવાથી આવાં બધાં લક્ષણો વારસામાં ધરાવતા હતા. માત્ર અલ્લાહ ઉપર જ આધાર રાખવો, લોકોને ખાવાનું ખવડાવવું, જરૂરિયાતમંદને ખાલી હાથે કદી પાછો કાઢી ન મૂકવો. જ્યારે પોતાના લોકો રબથી બેપરવા બનીને ઊંઘતા હોય ત્યારે અંધારી રાતે ઈબાદત કરવી. આવી ઈબાદતનું સર્વોત્તમ ઉદાહરણ કરબલામાં

આશૂરાની રાતનું જોઈ શકાય છે. જ્યારે દુશ્મનો આનંદપ્રમોદમાં અને મોજમજામાં ડૂબેલા હતા ત્યારે ઈમામ (અ.) અને તેમના સાથીદારો પહેલેથી જ હકની શાનમાં ગૂંથાયેલા હતા અને પોતાનાં સૂકાં ગળાં અને સૂકાયેલા હોઠ દ્વારા કુરઆને પાકની તિલાવત કરી રહ્યા હતા. ઈમામ હુસૈન (અ.)ની અહલેબૈતની બીબીઓ પોતાના ફરઝંદોને બીજા દિવસે રણમેદાનમાં લડવા જવા માટે તૈયાર કરી રહી હતી, અને ઈસ્લામ ખાતર ઈમામ હુસૈન(અ.) માટે કુરબાની આપવા માટે સમજાવી રહી હતી.

④ اَلسَّلَامُ عَلَيْكَ يَاوَارِثَ مُوْسٰى كَلِيْمِ اللّٰهِ۔

*(સલામો થાય તમારા ઉપર અય અલ્લાહ સાથે કલામ કરનાર હઝરત મૂસા (અ.)ના વારિસ !)*

અલ્લાહ તઆલા હઝરત મૂસા(અ.)ની બાબતમાં કુરઆનમાં ફરમાવે છે:

...وَكَلَّمَ اللّٰهُ مُوْسٰى تَكْلِيْمًا ﴿١٦٤﴾

(સૂરએ નિસા, આયત–૧૬૪)

*(... અને એ મૂસા ઉપર કે (તેમની સાથે) વાતો કરીને અલ્લાહે પોતાના વચનનું સંબોધન કર્યું.)*

અમીરુલ મોમિનીન (અ.) ફરમાવે છે :

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ كَلَّمَ مُوْسٰی تَكْلِیْمًا وَاَرَاهُ مِنْ آیَاتِهِ عَظِیْمًا بِلَا جَوَارِحٍ وَلَا اَدَوَاتٍ وَلَا لَهَوَاتٍ

*(બધી પ્રશંસા અલ્લાહ માટે છે એવો એક કે જેણે હઝરત મૂસા (અ.) સાથે કલામ કર્યા તેમની સાથે વાતો કરીને. અલ્લાહે તેમને પોતાની અઝીમ નિશાનીઓ, અવયવો અને ઈન્દ્રિયોના માધ્યમ વગર અને વાણીના અવયવો વગર અને જડબાંના હલનચલન વગર દેખાડી.)*

(નહજુલ બલાગા, ખુત્બા નં.૧૮૨)

ઈમામ સાદિક (અ.) ફરમાવે છે :

“અલ્લાહે હઝરત મૂસા (અ.)ને ફરમાવ્યું, “અય મૂસા ! શું તમને ખબર છે કે મેં તમારી સાથે વાતચીત કરવા માટે તમને શા માટે પસંદ કર્યા ? હઝરત મૂસા (અ.)એ નકારમાં જવાબ આપ્યો. અલ્લાહે ફરમાવ્યું, મેં પૃથ્વીના બધા ખૂણાઓમાં તપાસ કરી, પરંતુ તમારા કરતાં વધારે નમ્ર માણસ મને જોવા ન મળ્યો.”

(અમાલીએ તૂસી, પેજ–૧૬૫)

ખરેખર તેમના જમાનામાં ઈમામ હુસૈન કરતાં વધારે નમ્ર માણસ શોધશો તો નિષ્ફળતા મળશે.

(વધુ આવતા અંકે)

## સ્ત્રીઓ માટે અમલનો નમૂનો

હઝરત બીબી ફાતેમા ઝહરા(અ.) બાળપણથી જ પોતાના બાપના રિસાલતના મિશનમાં બરાબર સહભાગી રહ્યાં અને દુનિયાની સ્ત્રીઓને બતાવી દીધું કે એક સ્ત્રી દીકરી બનીને કેવી રીતે બાપને સમર્થન અને મદદ આપી શકે છે. પત્ની તરીકે આપ (અ.)એ હઝરત અલી (અ.)ની સાથે લગભગ નવ વર્ષ એવી રીતે પસાર કર્યાં કે અલી (અ.)ને એવું કહેવું પડ્યું કે બિન્તે રસૂલે આખી જિંદગી સુધી મારી પાસે કોઈ વસ્તુની ફરમાઈશ નથી કરી અને માતા તરીકે તો આપ (અ.)એ પોતાના ખોળામાં એવાં ચાર બાળકોનો ઉછેર કર્યો કે જેઓ ઈસ્લામનો મકસદ બની ગયાં. ઈસ્લામી દુનિયામાં આજે જે કંઈ ઈસ્લામમાં જોવામાં આવી રહ્યું છે તે ફાતેમા ઝહરા(અ.)ની ગોદમાં ઉછેરેલા ઈમામ હુસૈન (અ.) અને હઝરત બીબી ઝૈનબ (અ.)ની કુરબાનીઓનું પરિણામ છે.

Superman In Islam

સુપરમેન ઈન ઈસ્લામ

# હઝરત ઈમામ જાફર સાદિક (અ.)

::::: અનુવાદક :::::
હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)

## તારાઓ વિષે જાબિરના પ્રશ્નો

(ગતાંકનું ચાલુ)

ઈમામ જાફર સાદિક(અ.)એ સ્પષ્ટતા કરતાં ફરમાવ્યું, જો આપણે અલ્લાહને જોઈ શકત તો આપણે તેને આપણી દૃષ્ટિમાં સીમિત કરી દેત અને તેના અસ્તિત્વ સુધી પહોંચી જાત અને જો આવું થાત તો આપણે નિરાશ થઈ જાત. જાબિરે કહ્યું, જો આપણે તેને જોતા તો તેને શું સીમિત કરી દેતા ? ઈમામ જાફર સાદિક(અ.)એ હકારાત્મક જવાબ આપ્યો અને ફરમાવ્યું, કોઈ પણ પદાર્થને જોવો તેને સીમિત કરી દેવું તે છે. જો આપણે તેમને સીમિત ન કરી શકીએ તો તેને ચારેય બાજુથી જોઈ ન શકીએ એટલે સુધી કે જો આપણે અલ્લાહની માઅરેફત પ્રાપ્ત ન કરી શકીએ તો પણ જેટલો તેને જોઈ લઈએ તેટલા આપણે નિરાશ થઈ જઈશું કારણ કે આપણે તેને સીમિત કરી દઈશું અને જો તે આપણી અંદર સીમિત થઈ જશે તો આપણે તેને અસીમ નહીં સમજીએ અને આવી રીતે આપણી છેલ્લી નજાત વિશે આપણે તેનાથી નિરાશ થઈ જઈશું. તેમ છતાં પણ આપણે તેના અસ્તિત્વની માઅરેફત પ્રાપ્ત નહીં કરી શકીએ કારણ કે આપણે વિચારતા થઈ જઈશું કે અલ્લાહ સીમિત છે અને તેણે આપણને પણ સીમિત બનાવ્યા છે અને આપણે અનંત જીવન અને આખેરતની નજાતની આશા નહીં રાખી શકીએ અને વિચારીશું કે અલ્લાહ પોતે સીમિત છે તો આપણને કેવી રીતે અનંત જીવન આપી શકે કારણ કે સીમિત સર્જક અસીમ સર્જનને પેદા કરવાની શક્તિ ધરાવી શકે નહીં અને જો અલ્લાહને જોઈ લીધા પછી આપણે તેના અસ્તિત્વની માઅરેફત પ્રાપ્ત કરીએ તો તેનાથી પણ વધારે નિરાશ થઈ જઈશું.

જાબિરે પૂછ્યું, આપણને કઈ વસ્તુ અલ્લાહના અસ્તિત્વની માઅરેફત પ્રાપ્ત કરી લીધા પછી વધારે નિરાશ કરશે ? ઈમામ જાફર સાદિક(અ.) એ ફરમાવ્યું, જ્યારે આપણે તેના અસ્તિત્વની માઅરેફત પ્રાપ્ત કરી લઈએ અને તેને ઓળખી લઈએ તો તે આપણી દૃષ્ટિમાં નાનો થઈ જશે કારણ કે આપણે જોઈ ન શકાય તેવા અને એક અલ્લાહ વિશે ઊંચા વિચાર ધરાવીએ છીએ અને માનીએ છીએ કે તે એટલો મોટો છે કે જો આપણી બુધ્ધિ કેટલીય ગણી વધારે સશક્ત થઈ જાય તો પણ આપણે તેની માઅરેફત પ્રાપ્ત કરી શકવાના નથી.

આ વિષય આપણને આશાવાદી અને શોધતા રાખે છે અને આપણી આશા બંધાયેલી રહે છે કે અસીમ અને અનંત અલ્લાહે આપણને હંમેશના જીવન માટે પેદા કર્યા છે અને અલ્લાહ કાદિર અને બેનિયાઝ છે માટે તેને તેની મખ્લૂકની કોઈ મોહતાજી નથી એટલે તેણે આપણને ફક્ત તેના કરમના કારણે પેદા કર્યા છે માટે આપણને હંમેશની ખુશનસીબી આપશે. પરંતુ જ્યારે આપણે અલ્લાહના અસ્તિત્વની માઅરેફત પ્રાપ્ત કરી લઈએ તો આપણે પોતાની જાતને કહીશું કે બસ અલ્લાહ તો આટલો નાનો છે કે જે આપણી નાની

અને સીમિત બુધ્ધિમાં સમાઈ ગયો.

આ વાતો જે હું તમને કરી રહ્યો છું તે ઉસૂલે દીનની દૃષ્ટિએ નહીં, બલ્કે ફિલોસૉફીની દૃષ્ટિએ કરી રહ્યો છું. મારા કહેવાનો અર્થ એ છે કે જો તમે મુસલમાન ન હો તો આ વાત સમજી શકો નહીં કે આપણું અલ્લાહ તઆલાને ન જોવું તેને જોવા કરતાં વધારે સારું છે કારણ કે જો તેને જોઈને આપણે વાતાવરણમાં સીમિત કરી નાખીશું તો તે રૂહાની દૃષ્ટિએ પણ આપણી નજરમાં સીમિત થઈ જશે. માટે સારું તો એ છે કે આપણે તેને ન જોઈએ.

જાબિરે કહ્યું, હું આપની આ વાતથી સંમત નથી. હું માનું છું કે જ્યારે આપણે અલ્લાહના અસ્તિત્વને શોધી લઈશું તો તે રૂહાની દૃષ્ટિએ આપણી નજરમાં મોટો થઈ જશે અને હું જે કહું છું તેની મારી પાસે દલીલ પણ છે. મારી દલીલ એ છે કે જ્યારે હું શહેરના બજારમાં કોઈ માણસને પસાર થતો જોઉં છું તો તે મને રસ્તા પર ચાલતાં બીજા લોકો કરતાં જુદો નથી દેખાતો. શક્ય છે કે તે પોતાની જમણી કે ડાબી બાજુ ચાલવાવાળા લોકો કરતાં વધારે ઊંચો કે જાડો હોય. પરંતુ મારી નજરમાં રૂહાની દૃષ્ટિએ તે બીજા લોકો કરતાં જુદો નથી. પરંતુ જ્યારે હું તેને કોઈ મહેફિલમાં જોઉં છું અને મને ખબર પડે છે કે તે ફકીહ છે તો હું તેની નજીક જઈને તેનાથી ફિકેહના મસઅલા પૂછીશ.

આવી રીતે જ્યારે હું તેની વાતચીતને સાંભળીશ અને મને લાગશે કે તે આલિમ છે તો હું તેના વ્યક્તિત્વ સુધી પહોંચી જઈશ અને મારી નજરમાં તે પહેલાંના કરતાં ઘણો મોટો થઈ જશે. જ્યારે કદીક હું ત્રીજા, ચોથા, પાંચમા અને છઠ્ઠા દિવસે એની પાસે જઈશ અને દરરોજ તેનાથી મસઅલા પૂછીશ અને તે મને જવાબ આપશે તો હું તેની વધુને વધુ અદબ કરવા લાગી જઈશ કારણ કે મને ખબર પડી જશે કે તે માણસ આલિમ છે.

આવી રીતે જો આપણે અલ્લાહના અસ્તિત્વની એવી માઅરેફત ધરાવતા થઈ જઈએ કે જેવી માઅરેફત ધરાવવાનો હક છે તો આપણી નજરમાં તેની અદબ વધી જશે.

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, જે માણસની પાસે તમે દરરોજ જઈને મસઅલા પૂછશો તે તમારા જેવો માણસ હશે. પછી ભલેને તેની સમજ તમારી સમજ કરતાં વધારે હોય, પરંતુ તેની સમજ એક માણસની સમજ કરતાં વધારે નહીં હોય અને જો તે તમારા સવાલોનો જવાબ આપી દે તો તેનો અર્થ એ નથી કે તે બીજા બધા માણસો કરતાં મહાન છે અને બધું જાણે છે.

એ જ માણસને જો તમે તાળું બનાવનાર માણસ પાસે લઈ જાઓ અને તેનાં ઓજાર તેના હાથમાં આપી દો અને કહો કે તમારા માટે તે તાળું બનાવી આપે તો તે કામ નહીં કરી શકે. જે કંઈ તેણે શીખ્યું છે તેનો સંબંધ ફિકેહથી છે, તાળું બનાવવાથી નથી. એ જ માણસને તમે તાળું બનાવનારની દુકાનથી પનીર, દૂધ, વગેરે બનાવનારની દુકાન પર લઈ જશો અને કહેશો કે પનીર વેચો તો તમે જાણી લેશો કે તેને પનીર વેચતાં નહીં આવડે કારણ કે તેણે ક્યારેય આવાં કાર્યો કર્યાં નહીં હોય અને ફિકેહ સિવાય તે કંઈ જ શીખ્યો નહીં હોય. તમને એટલા માટે તેની અદબ કરવાનું મન થયું કે તમે તેના ઈલ્મને સમજી શકો છો, પરંતુ તમારી સમજ અને ઈલ્મ પણ સીમિત છે. જો કે, તેની પહોંચ એટલી છે કે તમે એક ફકીહના ઈલ્મ સુધી પહોંચી શકો છો.

જાબિરે કહ્યું, ગમે તેમ પણ જ્યારે હું તેનાથી પરિચિત થઈ જઈશ તો તેની વધારે જ અદબ કરીશ.

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, માનવજાતના પરસ્પર સંબંધની દૃષ્ટિએ આ વિષય

સાચો છે, પરંતુ માણસ અને અલ્લાહ વચ્ચેના સંબંધમાં આ વિષય સાચો નથી. જો માનવજાત અલ્લાહના અસ્તિત્વ સુધી પહોંચી જાય તો તે અલ્લાહની અદબ નહીં કરી શકે, કારણ કે તે તેમની નજરમાં નાનો દેખાશે અને માણસ પોતાને કહેશે કે મારી સમજ સીમિત હોવા છતાં જ્યારે હું અલ્લાહ સુધી પહોંચી જાઉં છું તો પછી આપમેળે સાબિત થાય છે કે અલ્લાહ પણ સીમિત છે નહીંતર હું આ સીમિત બુધ્ધિની સાથે ક્યારેય અલ્લાહ તઆલાના અસ્તિત્વ સુધી પહોંચી શકત નહીં.

આ વાત હું દલીલની રીતે કહી રહ્યો છું નહીંતર માનવજાત અલ્લાહ તઆલાના અસ્તિત્વ સુધી ક્યારેય પહોંચી શકે નહીં કારણ કે અલ્લાહનું અસ્તિત્વ એવું છે કે જે અઝલી, અબદી અને અસીમ છે. તેની માઅરેફત પ્રાપ્ત કરવી અશક્ય છે પરંતુ જો આ અશક્ય વાતને એવી ધારી લેવામાં આવે કે એક દિવસ માનવજાત અલ્લાહના અસ્તિત્વ સુધી પહોંચી જશે તો અલ્લાહ તેમની નજરમાં એટલો નાનો થઈ જશે કે તેને સામાન્ય માણસ ગણી લેવામાં આવશે. આ જ કારણે હું કહું છું કે અલ્લાહને ન જોઈ શકવો તે એક એવી અસરકારક બાબત છે કે જેના કારણે આપણે અલ્લાહની માઅરેફત વડે અબદી નજાતની આશા રાખી શકીએ છીએ નહીંતર જો આપણે તેની હદો સુધી પહોંચીને તેના અસ્તિત્વને પામી લઈએ તો તે આપણી નજરમાં સીમિત થઈ જશે અને આવી રીતે આપણે તેને સામાન્ય માણસોની હરોળમાં લઈ આવીશું. આ વાત હું ફિલોસૉફીની દૃષ્ટિએ કહી રહ્યો છું, ઉસૂલે દીન પ્રમાણે નહીં કારણ કે એમાં કોઈ શક નથી કે મુસલમાનોને તેમની હંમેશની નજાત મળીને જ રહેશે.




**ભારત સરકાર દ્વારા નિયુક્ત**
**નોટરી**
(GOVT. OF INDIA)
**શબ્બીરઅલી આઈ. સેલીયા (લાલા)**
(રસુલપુર-મેત્રાણા) **એડવોકેટ & નોટરી - ટેક્સ કન્સલ્ટન્ટ**
**M : 99092 87164** E : sabbirlala429@yahoo.co.in

NOTARY SHABBIRALI I. SELIYA Ahmedabad GUJARAT Reg. No. 9568/13 GOVT. OF INDIA

ADVOCATE

**અમારા તરફથી નીચે મુજબની ઉપલબ્ધ સેવાઓ.....**

**દરેક પ્રકારના કરાર** : ભાડા, વેચાણ, પાવર ઓફ એટર્ની, કબજા કરાર, બાનાખત, સમજુતી કરાર, જમીન/મિલકતને લગતા દસ્તાવેજ અને ભાગીદારી તથા ભાગીદારી છુટી કરવાના દસ્તાવેજ બનાવી રજીસ્ટર્ડ કરી આપવામાં આવશે.

**દરેક પ્રકારની એફીડેવીટ (સોગંદનામા)** : ગેસ કનેકશન, પાસપોર્ટ ને લગતી તમામ એફીડેવીટ, ટ્રુ કોપી, સર્ટીફાઈડ ટ્રુ કોપી, ટ્રાન્સલેશન તેમજ નોટરી તથા દરેક જાતના **સોગંદનામા** બનાવીને નોટરાઈઝ કરી આપવામાં આવશે.

ઈન્કમટેક્ષ રીટર્ન, પર્સનલ ફાઈલ, પાન કાર્ડ, ગુમાસ્તા ધારા સર્ટી, મેરેજ રજીસ્ટ્રેશન સર્ટી., સર્વીસ ટેક્સના કામ કરી આપવામાં આવશે.

**ઓફીસ : એફ-૧૭, નવાબ પ્લાઝા, રોયલ અકબર સામે, સરખેજ રોડ, અમદાવાદ-૫૫.**
**કોર્ટ** : (૧) સી - ૫૧, ત્રીજો માળ, મેટ્રો ક્રીમીનલ કોર્ટ, ઘીકાંટા, અમદાવાદ.
(૨) ભદ્ર કોર્ટ, ક્રીમીનલ બ્રાન્ચની બાજુમાં, દરગાહ ગલી, અમદાવાદ.



# અલ ઈર્શાદ

## જંગે અહઝાબનાં મિત્રદળો સામે જંગ

(ગતાંકનું ચાલુ)

(ઉમર બિન અલી અઝહરીએ ઉમર બિન ઉબૈદના હવાલાથી અને તેમણે અલ હસનના હવાલાથી બયાન કર્યું કે તે કહેતા હતા કે :)

''જ્યારે અલી (અ.)એ અમ્ર બિન અબ્દેવદને હલાક કરી નાખ્યો તો તેના માથાને કલમ કર્યું અને તેને લઈને પયગમ્બર (સ.)ની ખિદમતમાં આવ્યા અને તેને આપ (સ.)ની પાસે નાખી દીધું એ વખતે અબૂ બક્ર અને ઉમર ત્યાં મોજૂદ હતા. તે લોકો ઊભા થયા અને હઝરતના માથાને બોસો લીધો.''

(અલી બિન હકીમ ઉદી બયાન કરતા હતા કે મેં અબુ બક્ર બિન ઐયાશને એવું કહેતા સાંભળ્યા છે કે :)

''અલી (અ.)ની તલવારનો વાર તીવ્રતાથી વાગતો હતો. આવો વાર કોઈ બીજો મુસલમાન કરતો નહોતો. આ એમની તલવારનો વાર હતો કે અમ્ર બિન અબ્દેવદ કતલ થયો. પરંતુ આવો જ એક તીવ્ર પ્રહાર આપના ઉપર પણ કરવામાં આવ્યો અને આ વાર ઈબ્ને મુલ્જમે કર્યો હતો.''

જંગે ખંદકના વિશે અલ્લાહ તઆલાએ જે વહી નાઝિલ કરી તે આ પ્રમાણે હતી :

''ખુદા તેને ખૂબ સારી રીતે જોઈ રહ્યો હતો જે વખતે લોકો તમારા પર તમારા ઉપરથી આવી પડયા અને તમારી નીચેની તરફ પણ પડ્યા અને જે વખતે (તેમની વિપુલતાથી) તમારી આંખો અંજાઈ ગઈ હતી અને (ખોફથી) કાળજાં મોઢા સુધી આવી ગયાં હતાં અને ખુદા વિષે તરેહ તરેહના (બૂરા) વિચારો કરવા લાગ્યા હતા એ વખતે મોમિનોનું ઈમ્તેહાન લેવામાં આવ્યું હતું અને ખૂબ જ સારી રીતે ઝંઝોડવામાં આવ્યા હતા અને જે વખતે મુનાફિકો અને એ લોકો કે જેમના દિલોમાં (કુફ્રની) બીમારી હતી તેઓ કહેવા લાગ્યા હતા કે ખુદાએ અને તેનાં રસૂલ (સ.)એ અમારી સાથે જે વાયદા કર્યા હતા તે નર્યા દગા જ હતા.''

(સૂરએ અહઝાબ, આયત-૧૦ થી ૧૧)

''અને ખુદાએ પોતાની મહેરબાનીથી મોમિનોને લડવાની નોબત આવવા ન દીધી અને ખુદા તો (મહાન) જબરદસ્ત (અને) ગાલિબ છે''

(સૂરએ અહ્ઝાબ, આયત-૨૫)

જંગે અહ્ઝાબમાં જે કોઈ મુસલમાનો હતા અને જેમને અલ્લાહની રાહમાં જેહાદ નહોતી કરી, આંહઝરત (સ.)એ એ બધાયની મુલાકાત કરી અને તેમના વિરુધ્ધ નારાજગી પ્રગટ કરી, પરંતુ બધા લોકોનો અભિપ્રાય એવો હતો કે ખંદકની જંગના વિજયનો સહેરો માત્ર ને માત્ર અમીરુલ મોમિનીન (અ.)ના માથા ઉપર બંધાયો હતો. આપના હાથે આં જંગ ફતેહ થયો હતો. આપના હાથે જ્યારે

અમ્ર અને નોફિલ બિન અબ્દુલ્લાહ હલાક થઈ ગયા તો દુશ્મનોના પગ ઉખડી ગયા અને તેમને (બુતપરસ્તોએ) પરાજયનો સામનો કરવો પડ્યો. પયગમ્બરે ખુદા (સ.)એ તરત જ ઈર્શાદ ફરમાવ્યો,

"આજ પછી આપણે તેમના ઉપર ગર્વ કરીશું અને તે લોકો કદી પણ આપણા ઉપર હુમલો નહીં કરે."

(યૂસુફ બિન કલીબે સુફયાન બિન ઝૈદના હવાલાથી બતાવ્યું, તેમણે કુરઆનના કારીઓના હવાલાથી બતાવ્યું અને તેમણે આ પ્રસંગ અબ્દુલ્લાહ બિન મસઊદના હવાલાથી બતાવ્યો કે :)

તે (અબ્દુલ્લાહ બિન મસઊદ) આ આયતની કિરઅત કર્યા કરતા હતા :

"શું અલ્લાહે તમને જંગથી નજાત નથી આપી (અલીના કારણે) અને ખુદા તો (મહાન) જબરદસ્ત અને ગાલિબ છે." (સૂરએ અહ્ઝાબ,આયત-૨૫)

અમ્ર બિન અબ્દેવદના કતલ પર હસાન બિન સાબિત (રહેમતુલ્લાહ)એ આવા અશ્આર કહ્યા હતા અને લોકોને સંભળાવતા હતા :

નવજવાન મર્દ અર્થાત્ અમ્ર બિન અબ્દેવદ મદીનાની દક્ષિણ દિશાની પહાડીઓની નજીક આવ્યો કેમકે તેને (પોતાના મોતની) ઉઝ્રત (બદલો/ મહેનતાણું)ની આશા ન હતી.

તમે જોયું હતું કે અમારી તલવારો ખેંચેલી હતી. તમે એ પણ જોયું હતું કે અમારી પાસે બહેતરીન ઘોડાઓની કમી ન હતી.

જંગે બદ્રના દિવસની સવારે તમે જોયું હતું કે એક જમાઅતના લોકોએ તમારા ઉપર વાર કર્યો હતો અને ઝર્બ લગાવી હતી કે જે કમજોર ન હતી. તમે એવી હાલતમાં આવ્યા હતા કે (અમ્ર) જ્યારે કે તમને તલબ કરવામાં આવ્યા ન હતા કોઇ મોટી લડાઈના માટે અથવા કોઈ વિરોધી કાર્યવાહીના માટે."

બતાવવામાં આવે છે કે જ્યારે હસાન બિન સાબિતની નઝમ કબીલાએ બનૂ આમિરના સામે પઢવામાં આવી તો એ કબીલાના એક નવજવાને તેનો જવાબ આપ્યો. તેણે હસાનની નઝમ કે જે અન્સારોની તારીફોનો સંગ્રહ હતો, તેના જવાબમાં એક નઝમ કહી.

પવિત્ર ખાના એ કા'બાની કસમ તમે (અસત્ય બોલ્યા છો તમે અમને હલાક નહોતા કર્યા બલ્કે આ શમશીર બાની હાશિમનું કારનામું હતું કે (મક્કાવાસીઓ) તેમના કારનામાનો ગર્વ મળ્યો હતો.

એ અબ્દુલ્લાહના દીકરા અહમદ (અર્થાત્ મોહંમદ (સ.)ની તલવાર હતી અને જંગમાં તે અલી (અ.)ના હાથોમાં હતી કે આ ગર્વ તમને મળ્યો હતો એટલા માટે ખામોશ થઈ જાઓ.

તમે પોતાની જવાંમર્દી અને કુવ્વતથી અમ્ર બિન અબ્દેવદને હલાક કર્યો ન હતો બલ્કે તે હરીફક જે ખોફનાક શેરની સૂરતવાળો હતો (તેણે હલાક કર્યો હતો).

અર્થાત એ અલી (અ.) હતા કે જેમને આવો ફખ્ર પ્રાપ્ત થતો હતો. હવે અમારી વિરુધ્ધ વધારે દાવો કરવાની જરૂર નથી કેમકે તે દાવો અપમાન જનક છે.

બદ્રમાં જ્યારે તમે જંગ કરવા માટે આગળ વધ્યા હતા તો કુરેશના સરદારોએ તમારો સાથ છોડી દીધો હતો અને તે પાછો હટી ગયો હતો અને લડાઈમાં વિલંબ થયો હતો.

પરંતુ જ્યારે હમ્ઝા અને ઊબૈદાએ (ગનીમ) ની સામે આગળ વધ્યા હતા અને અલી (અ.) સ્ફૂર્તિથી પોતાની હિન્દી (લોખંડી) તલવાર લઈને ઝપટયા હતા. એ વખતે તેમણે (ગનીમે) કહ્યું હતું,

"હા, આ લોકો અમારી બરોબરીના છે."

પછી તે લોકો પણ જલ્દીથી તેમના મુકાબલા માટે આગળ વધ્યા હતા કેમકે તેમને જંગની તમન્ના હતી.

અલી (અ.)એ હાશમી અંદાજમાં મેદાનનું ચક્કર લગાવ્યું (આપની મહાન ઝાતના કારણે) દુશ્મનો નિસ્તો નાબૂદ થઇ ગયા. તેમને પોતાના તકબ્બુર અને જુલ્મનું નુકસાન ભોગવવું પડ્યું હતું.

તમે અમારા ઉપર કોઈ પણ પ્રકારની ફઝીલત પ્રાપ્ત કરી શકતા નથી. તમારા માટે કોઈ પણ ફખ્ર કે ગૌરવની બાબત નથી કે જેનું વર્ણન કરી શકાય. (ક્રમશઃ)





- કોમ્પ્યુટર વેચાણ અને રીપેરીંગ.
- લેપટોપ વેચાણ અને રીપેરીંગ.
- પ્રિન્ટર વેચાણ અને રીપેરીંગ.
- ટોનર રીફીલીંગ.
- રેસ્ટોરન્ટ, ગેસ્ટહાઉસ, ઓફીસ, સ્કુલ માં સી.સી.ટીવી કેમેરા નુ ઇન્સ્ટોલેશન કરી આપવામા આવશે.
- કોમ્પ્યુટર ને લગતી તમામ એસેસરીજ મળશે.

જી/46 હીરાપન્ના કોમ્પલેક્ષ,
ગંજ બજાર ની સામે, સિધ્ધપુર-384151

આબિદઅલી 98793 97529
ગુલામઅલી 98798 52727

# અમીટી ટ્રેડર્સ

UltraTech CEMENT The Engineer's Choice
Binani Industries Limited

ખીલાસરી, એંગલ, ચેનલ, પાટાપટ્ટી, લોખંડની પાઈપ, સિમેન્ટની વિવિધ ડિઝાઈનની જાળીઓ તમામ પ્રકારના થાંભલા નાની મોટી સિમેન્ટની ટાંકીઓ, બારી બારણાની ફ્રેમ, કોટાસ્ટોન, સિમેન્ટના પતરાં તથા ગેલ્વે પતરા, કપચી તેમજ મકાનના બાંધકામને લગતી તમામ આઈટમો છુટક તથા હોલસેલના વહેપારી.

ઉમરૂ ચાર રસ્તા, મકતબા જાફરીયાની સામે, કાકોશી રોડ, તા. સિધ્ધપુર.

# نبی سا دوسرا کوئی نہیں بشر دیکھا

ولی عہد پیر سید محمد کامران حسین جعفری (مد)

| | |
|---|---|
| નબી સા દૂસરા કોઈ નહીં બશર દેખા, | نبی سا دوسرا کوئی نہیں بشر دیکھا |
| કોઈ નબીકા અલી સા ન હમસફર દેખા. | کوئی نبی کا علی سا نہ ہمسفر دیکھا |
| મુસ્કુરાકર કહા ઈમરાનને સુબ્હાનલ્લાહ, | مسکرا کر کہا عمران نے سبحان اللہ |
| પિસર કો ઝૂલેમેં જબ ચીરતે અઝદર દેખા. | پسر کو جھولے میں جب چیرتے اژدر دیکھا |
| કહા ખુદાને કે તૂને મેરી ઈબાદત કી, | کہا خدا نے کہ تو نے مری عبادت کی |
| જિસ ઘડી મૈંને રુખે હૈદરે સફ્દર દેખા. | جس گھڑی میں نے رخِ حیدرِ صفدر دیکھا |
| લઈન બોલે નબી હૈ યા નબીઝાદા હૈ, | لعین بولے نبی ہے یا نبیزادہ ہے |
| જંગ કો આતે હુએ જબ અલી અકબર દેખા. | جنگ کو آتے ہوئے جب علی اکبر دیکھا |
| હાયે કિસ તરહ સે આબિદને બાપકા લાશા, | ہائے کس طرح سے عابد نے باپ کا لاشہ |
| બલા કે રન મેં બેગોરો કફ્નો સર દેખા. | بلا کے رن میں بے گور و کفن و سر دیکھا |
| જલે ખયામ જો દેખે તો ફાતેમાને કહા, | جلے خیام جو دیکھے تو فاطمہ نے کہا |
| મૈંને ફિર જલતે હુએ મેરા ઘર દેખા. | میں نے پھر جلتے ہوئے آج میرا گھر دیکھا |
| ગૂંજી કાનોમેં સદા 'બંદાએ અલી હસ્તમ', | گونجی کانوں میں صدا بندہ علی ھستم |
| જિસ ઘડી જાનિબે દરગાહે કલંદર દેખા. | جس گھڑی جانبِ درگاہِ قلندر دیکھا |
| કહા ઝૈનબને યેહ આબિદ સે બર સરે મિમ્બર, | کہا زینب نے یہ عابد سے بر سرِ منبر |
| તેરી આવાઝ મેં બાબાકા આજ અસર દેખા. | تری آواز میں بابا کا آج اثر دیکھا |

બુતે કા'બા ને કહા, લા ઈલાહા ઈલ્લલ્લાહ,
ખડા અલીકો જો દોશે રસૂલ પર દેખા.

بتِ کعبہ نے کہا لا الہ الا اللہ
کھڑا علی کو جو دوشِ رسول پر دیکھا

સલામ તુઝ પે કરોડોં શહીદે કરબોબલા,
તેરે જૈસા ન કિસી ઔર મેં સબર દેખા.

سلام تجھ پہ کروڑوں شہیدِ کرب و بلا
ترے جیسا نہ کسی اور میں صبر دیکھا

નબીસે પૂછા કે મેઅરાજ મેં ક્યા ક્યા દેખા,
કહા અલીકો હર એક સિમ્ત જલ્વાગર દેખા.

نبی سے پوچھا کہ معراج میں کیا کیا دیکھا
کہا علی کو ہر اک سمت جلوہ گر دیکھا

કહા શબ્બીરને બરછી જો લગી અસ્ગરકો,
મૈને મુરઝાતે હુએ મેરા ગુલે તર દેખા.

کہا شبیر نے برچھی جو لگی اصغر کو
میں نے مرجھاتے ہوئے میرا گلِ تر دیکھا

જાનિબે લશ્કરે મલઊન જો આયે શબ્બીર,
કહીં નેઝા, કહીં બરછી, કહીં ખંજર દેખા.

جانبِ لشکرِ ملعون جو آئے شبیر
کہیں نیزہ، کہیں برچھی، کہیں خنجر دیکھا

લેને પાની કો જો અબ્બાસે દિલાવર નિકલે,
ઈક અલમદાર ને દો લાખ કા લશ્કર દેખા.

لینے پانی کو جو عباسِ دلاور نکلے
اک علمدار نے دو لاکھ کا لشکر دیکھا

હુએ ફરસ પે જબ સવાર તો આઅદાને કહા,
હમને અબ્બાસ કો હૈદર કે બરાબર દેખા.

ہوئے فرس پہ جب سوار تو اعدا نے کہا
ہم نے عباس کو حیدر کے برابر دیکھا

સલામ લાખોં હુસૈન ઈબ્ને અલી કે ભાઈ,
તેરે જૈસા ન વફાદાર બિરાદર દેખા.

سلام لاکھوں حسین ابنِ علی کے بھائی
ترے جیسا نہ وفادار برادر دیکھا

કહા રસૂલને સુબ્હાન રબ્બીય્યલ આ'લા,
જબ દમે સજ્દા નવાસે કો પુશ્ત પર દેખા.

کہا رسول نے سبحان ربی الاعلیٰ
جب دمِ سجدہ نواسے کو پشت پر دیکھا

કહા કુફ્ફાર ને દેખા જો નબીકા બિસ્તર,
નબી થે સોયે, મગર જાગતે હૈદર દેખા.

کہا کفار نے دیکھا جو نبی کا بستر
نبی تھے سوئے مگر جاگتے حیدر دیکھا

# ઇમામ હુસૈન (અ.)ના ગમની ફઝીલત

**સંકલન : મોલ્વી હસનઅલી શરાફતઅલી (કઠોર)**

રય્યાન બિન શબીબથી રિવાયત છે કે હું મોહર્રમની પહેલી તારીખે અબૂલ હસન રઝા (અ.)ની ખિદમતમાં હાજર થયો. આપ (અ.)એ મને ફરમાવ્યું, "અય શબીબના ફરઝંદ ! શું તમે રોઝાથી છો ?" તો મેં કહ્યું, "ના", તો આપ (અ.)એ ફરમાવ્યું, "આ એ દિવસ છે કે જેમાં ઝકરિયા (અ.) એ અલ્લાહથી દુઆ કરી અને ફરમાવ્યું,

...رَبِّ هَبْ لِي مِن لَّدُنكَ ذُرِّيَّةً طَيِّبَةً ۖ إِنَّكَ سَمِيعُ الدُّعَاءِ ﴿٣٨﴾

*(અય મારા પરવરદિગાર ! તારા ત્યાંથી મને પાકો-પાકીઝા વંશ અને ઓલાદ અતા ફરમાવ કેમકે તું જ દુઆનો સાંભળવાવાળો છે.)*

ખુદા તઆલાએ એમની દુઆ કબૂલ કરી અને ફરિશ્તાઓને હુકમ કર્યો, તો એમણે ઝકરિયા (અ.) ને અવાજ આપી કે જ્યારે તેઓ મહેરાબમાં ઊભા હતા અને નમાઝ પઢી રહ્યા હતા. ખુદા તમને યહ્યા (અ.)ની ખુશખબરી આપે છે. જે માણસ આ દિવસે રોઝો રાખે અને ખુદા તઆલાથી દુઆ કરે તો ખુદા એની દુઆ કબૂલ કરશે. જેવી રીતે ઝકરિયા (અ.)ની દુઆ કબૂલ કરી.

પછી આપ (અ.)એ ફરમાવ્યું, "અય શબીબના બેટા ! મોહર્રમ એ મહિનો છે કે જાહેલિયના જમાનાના લોકો તેની હુરમતનો ખ્યાલ રાખતા હતા, પરંતુ આ ઉમ્મતે ન તેની હુરમતને ઓળખી કે ન પોતાના પયગમ્બર (અ.)ની હુરમતને. આ મહિનામાં તેમણે આંહઝરતની ઓલાદને શહીદ કરી અને તેમની સ્ત્રીઓને કેદી કર્યા અને તેમની માલમિલકતને લૂંટી. ખુદા કદી પણ તેમને નહીં માફ કરે.

અય શબીબના બેટા ! જો કોઈ બાબત માટે રડવા ઈચ્છતા હો તો હુસૈન ઈબ્ને અલી ઈબ્ને અબી તાલિબ (અ.)ના માટે રડો કેમકે આપ (અ.) ને તેમણે બકરાની જેમ ઝુબ્હ કર્યા અને ૧૮ જુવાનોને એમના ખાનદાનની સાથે શહીદ કર્યા કે એમના જેવા આખી પૃથ્વી પર કોઈ ન હતા. સાત આસમાન અને જમીન તેમના કતલ થવાથી રડતાં હતાં અને ચાર હજાર ફરિશ્તાઓ એમની મદદ માટે નાઝિલ થયા હતા, પરંતુ એમણે આવીને એવી હાલતમાં જોયા કે આપ શહીદ થઈ ચૂક્યા હતા. હવે આપની કબ્ર પાસે ધૂળ, માટી અને વાળ વિખરાયેલી હાલતમાં રહેશે ત્યાં સુધી કે જ્યારે મહદી (અ.) ઝુહૂર કરશે તો તેઓ તેમના દોસ્ત અને અન્સારમાં હશે અને એમનો નાઅરો 'યા સારતલ હુસૈન' (અય હુસૈનના ખૂનનો બદલો લેવાવાળા) હશે.

અય શબીબના બેટા ! મારા વાલિદે હદીસ બયાન કરી તેમના વાલિદથી પોતાના દાદાથી કે જ્યારે મારા દાદા હુસૈન (અ.) શહીદ થયા તો આસમાને ખૂન વરસાવ્યું લાલ રંગની ધૂળ સાથે.

અય શબીબના બેટા ! જો હુસૈન (અ.) પર

એટલું રડો કે તમારા આંસુ તમારા બન્ને ગાલો પર આવી જાય તો અલ્લાહ તમારા બધા ગુના, જે તમે કર્યા હોય, નાના હોય કે મોટા, થોડા હોય કે વધારે, માફ કરી દેશે.

અય શબીબના બેટા ! જો તને એ વાતની ખુશી હોય કે અલ્લાહની સાથે એ હાલતમાં મુલાકાત કરે કે તારા પર કોઈ ગુના ન હોય તો હુસૈન (અ.)ની ઝિયારત કર.

અય શબીબના બેટા ! જો એ વાત તને ખુશ કરતી હોય કે જન્નતના બનાવેલા ઓરડામાં પયગમ્બરે ખુદા (અ.) અને એમની અહલેબૈત (અ.)ની સાથે તું હોય તો હુસૈન (અ.)ને શહીદ કરવાવાળા પર લા'નત મોકલ.

અય શબીબના બેટા ! જો તને એ વાત ખુશ કરે કે તારો સવાબ એવા લોકોની જેમ હોય કે જેઓ હુસૈન (અ.)ની સાથે શહીદ થયા, તો જ્યારે તને હુસૈન (અ.)ની યાદ આવે તો કહે :

...يَٰلَيۡتَنِي كُنتُ مَعَهُمۡ فَأَفُوزَ فَوۡزًا عَظِيمٗا ﴿٧٣﴾

*(કાશ, હું એમની સાથે હોત તો મોટી કામયાબી મેળવી હોત.)*

અય ફરઝંદે શબીબ ! જો તને એ વાતથી ખુશી થતી હોય કે જન્નતના બુલંદ દરજ્જામાં તું અમારી સાથે હોય તો અમારા ગમમાં ગમગીન અને દુ:ખી થા અને અમારી ખુશીમાં ખુશ અને ખુશહાલ રહે. તમારા પર જરૂરી છે અમારી સાથે મોહબ્બત અને દોસ્તી રાખ કારણ કે જો કોઈ માણસ કોઈ પથ્થરથી પણ મોહબ્બત કરે તો અલ્લાહ તેને એ પથ્થરની સાથે કયામતમાં ઊભો કરશે.

સનદે મુત્તસલની સાથે શેખ સદૂકથી એમના અસ્નાદની સાથે જેવું કે ઈબ્ને અબ્બાસથી રિવાયત છે કે હઝરત અલી (અ.)એ રસૂલલ્લાહ (સ.)થી ફરમાવ્યું છે કે ગમગીનનું આહ ખેંચવું એ જુલ્મો સિતમ પર જે અમારા પર થયા એ તસ્બીહ છે અને એમનો ગમ કરવો, ઈબાદત કરવી અને અમારા રાઝને છૂપાવવું રાહે ખુદામાં જિહાદ છે. પછી આપ (અ.)એ ફરમાવ્યું કે આ હદીસને સોનાના પાણીથી લખવી જોઈએ.

બક્ર બિન મોહંમદ અઝદીથી અબૂ અબ્દિલ્લાહ (અ.)થી રિવાયત છે કે આપ (અ.) એ ફઝીલને ફરમાવ્યું કે શું તમે એકબીજાની સાથે બેસીને અમારી હદીસ કહો છો ? તેમણે કહ્યું, હા, આપ ઉપર કુરબાન થાઉં. આપ (અ.)એ ફરમાવ્યું કે હું એ મજલિસને દોસ્ત રાખું છું, માટે અમારા અમ્રને જીવતું રાખો. અય ફઝીલ ! ખુદા રહેમ કરે એના ઉપર કે જે અમારા કાર્યને જીવતું રાખે. અય ફઝીલ ! જે માણસ અમારો ઝિક્ર કરે અથવા જેની પાસે અમારો ઝિક્ર કરાવવામાં આવે અને એની આંખમાં માખીના પાંખની બરાબર આંસુ નીકળે તો ખુદા એના ગુનાઓને માફ કરી દેશે, ભલેને તે સમુદ્રના પરપોટાના બરાબર કેમ ન હોય.

શેખ સદૂક પોતાની સનદની સાથે અબૂ અમ્મારા મનશદથી અબૂ અબ્દિલ્લાહ (અ.)થી રિવાયત કરી છે. આપ (અ.)એ ફરમાવ્યું, અય અબૂ અમ્મારા ! કંઈક અશ્આર હુસૈન ઈબ્ને અલી (અ.)ના મરસિયામાં મારા માટે પઢો. રાવી કહે છે કે મેં અશઆર પઢ્યા તો આપ (અ.)એ રુદન કર્યું. ફરી

મેં પઢ્યું. આપે ફરી રુદન કર્યું. અલ્લાહની કસમ, હું સતત અશ્આર પઢતો રહ્યો અને આપ (અ.) રુદન કરતા હતા. ત્યાં સુધી કે મેં રુદનની અવાજ ઘરના અંદર પણ સાંભળી. આપ (અ.)એ ફરમાવ્યું, અય અબૂ અમ્મારા ! જે માણસ હુસૈન ઈબ્ને અલી (અ.) ના બારામાં શેર પઢે અને પચાસ માણસોને રડાવે એના માટે જન્નત છે. જે માણસ હુસૈન (અ.)ના બારામાં અશ્આર પઢે અને ત્રીસ માણસોને રડાવે તો એના માટે જન્નત છે. જે ઈમામ હુસૈન (અ.) ના બારામાં શેઅર પઢે અને વીસ માણસોને રડાવે તો એના માટે જન્નત છે. જે માણસ હુસૈન (અ.) ના બારામાં શેઅર પઢે અને દસ માણસોને રડાવે તો એના માટે જન્નત છે. જે માણસ હુસૈન (અ.) ના બારામાં શેઅર પઢે અને એક માણસને રડાવે, એના માટે જન્નત છે. જે માણસ હુસૈન (અ.)ના બારામાં પઢે અને રડવા જેવો ચહેરો બનાવે એના માટે જન્નત છે.

દાવૂદ રક્કી કહે છે કે હું હઝરત અબૂ અબ્દિલ્લાહની પાસે હતો. આપે પાણી માગ્યું. જ્યારે પાણી પી લીધું તો મેં જોયું કે આપ રુદન કરી રહ્યા છે અને આપની આંખમાં આંસુ નીકળી રહ્યા છે. આપે ફરમાવ્યું, અય દાવૂદ ! ખુદા લા'નત કરે કાતિલે હુસૈન (અ.) પર. જે બંદો પાણી પીએ અને હુસૈન (અ.)ને યાદ કરે અને આપ (અ.)ના કાતિલ પર લા'નત કરે તો ખુદા એના માટે એક લાખ નેકી લખશે અને એના એક લાખ ગુના માફ કરશે અને એક લાખ દરજ્જા બુલંદ કરશે અને એવું કે જાણે તેણે એક લાખ ગુલામ આઝાદ કર્યા અને ખુદા એને ખુશ દિલની સાથે મહશર કરશે.


શૌકતભાઈ – ૯૪૨૮૩ ૮૪૨૮૬
ફૈઝઅહેમદ – ૯૭૧૪૭ ૬૪૧૯૪
દુકાન – ૯૭૨૨૯ ૦૧૪૬૦

દશાવાડાવાળા
અપના
કટલરી સ્ટોર

હોલસેલર : કટલરી, હોઝયરી, રમકડાં, વિગેરે

ઈ–૧૫, મહાવીર કોમ્પલેક્ષ, યશ હોસ્પિટલ નજીક, વાલીયા ચોકડી, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર – ૩૯૩ ૦૦૨



વેટરનરી ડોક્ટર

ડો. નજરઅલી હૈદરઅલી માંકણોજીયા

(B.V.Sc. & A.H.)

- Graduate in 2005
- ૭ વર્ષનો Field Practice નો અનુભવ
- દરેક પશુઓને લગતા દરેક પ્રકારના રોગોની સારવાર માટે સંપર્ક કરો.

મો. ૯૯૭૮૭૬૯૬૫૧

ગામ : કાકોશી, તા. સિધ્ધપુર, જિ. પાટણ

# નહજુલ અસરાર

સંપાદક : મોલ્વી સૈયદ ગુલામહુસૈન રઝા

અનુવાદ : મો.કાસમભાઈ વિજાપુરા

سلونی قبل ان تفقدونی

**સલૂની કબ્લ અન તફકદૂની**

(પૂછો એ પહેલાં કે મને ન પામો.)

(ગતાંકનું ચાલુ)

આ સાંભળીને એક માણસ ઊભો થયો જેની ગરદનમાં એક કિતાબ લટકાવેલી હતી. તે મોટા અવાજે કહેવા લાગ્યો કે, અય મુદ્દઈ ! (દાવો કરનાર!) અગર આપ કોઈ વાત નથી જાણતો તો આપ એવા અનુયાયી થયા કે જે કંઈ પણ જાણતા નથી. સારું ત્યારે હું સવાલ કરું છું. જવાબ આપો, આ સાંભળીને અસ્હાબે અલી (અ.) એકદમ ઊભા થઈ ગયા કે જેથી તેને કતલ કરી નાખે. અમીરુલ મોમિનીન (અ.)એ ફરમાવ્યું કે તેને છોડી દો કેમકે ખુદાની હુજ્જતો કદી ગુસ્સાથી એકાએક કોઈના પર ટૂટી પડતી નથી. અને વળી બાતિલથી ખુદાની બુર્હાનો (દલીલો) જાહેર થતી નથી.

પછી તે માણસની તરફ રજૂ થઈને આપ (અ.)એ ફરમાવ્યું, તું તારી બધી જ ભાષાઓમાં સવાલ કરી લે ઈન્શાઅલ્લાહ તઆલા હું બધાયનો જવાબ આપીશ.

(૧) **સાઈલ** : મશરિક અને મગરિબની વચ્ચેનું અંતર કેટલું છે ?

**હઝરત (અ.)** : ફિઝા (વાતાવરણ)નું અંતર.

**સાઈલ** : ફિઝાનું અંતર કેટલું છે ?

**હઝરત (અ.)** : આસમાનનું પરિભ્રમણ.

**સાઈલ** : આસમાનનું પરિભ્રમણ કેટલું છે ?

**હઝરત (અ.)** : સૂર્યની એક દિવસની સફર.

**સાઈલ** : આપ (અ.)એ સાચું ફરમાવ્યું.

(૨) **સાઈલ** : કયામત ક્યારે થશે ?

**હઝરત (અ.)** : નિર્ધારિત સમય આવી પહોંચવાથી કે જેનું ઈલ્મ તકદીરના માલિકને છે.

**સાઈલ** : આપ (અ.)એ સાચું ફરમાવ્યું.

(૩) **સાઈલ** : દુનિયાની ઉંમર કેટલી છે ?

**હઝરત (અ.)** : લોકો સાત હજારથી વધારે વર્ષ કહે છે, પરંતુ તેની કોઈ હદ નથી.

**સાઈલ** : આપ (અ.)એ સાચું ફરમાવ્યું.

(૪) **સાઈલ** : બક્કાથી મક્કા કેટલું દૂર છે ?

**હઝરત (અ.)** : મક્કા હરમની ફરતાં આવેલા વિસ્તારને કહે છે અને બક્કા ખાન એ કા'બાને કહે છે.

**સાઈલ** : તેનું નામ મક્કા શા માટે રાખવામાં આવ્યું ?

**હઝરત (અ.)** : એટલા માટે કે અલ્લાહ તઆલાએ જમીનને તેના નીચેથી હટાવી દીધી (અર્થાત્ છુપાવી દીધી.)

**સાઈલ** : બક્કા નામ શા માટે રાખવામાં આવ્યું. ?

**હઝરત (અ.) :** એટલા માટે કે તે જબ્બારોને અને ગુનેગારોને રડાવે છે.

**સાઈલ :** આપ (અ.)એ સાચું ફરમાવ્યું

(૫) **સાઈલ :** અર્શ પેદા કરવા પહેલાં ખુદા ક્યાં હતો ?

**હઝરત (અ.) :** પાક છે તે અલ્લાહ કે જેની કુના સિફતની સુઝબુઝ તેની કુર્સીઓની કરામત અને મદદની અતિશયતાની કુરબત છતાંય અર્શને ઉઠાવવાવાળા નથી કરી શકતા કે ન તો નિકટવર્તી ફરિશ્તાઓ કે જે તેના અન્વારે જલાલના પડદાઓમાં રહે છે.વાય થાય તારા ઉપર, એવું ન કહે કે નથી અને ક્યાં છે ? કેવો છે ? ક્યારથી છે ? કોની સાથે છે ?

**સાઈલ :** આપે સાચું ફરમાવ્યું.

(૬) **સાઈલ :** ખુદાના આસમાન અને જમીન પેદા કરવા પહેલાં કેટલા સમય સુધી અર્શ પાણી પર ઠરાવેલું હતું ?

**હઝરત (અ. ) :** શું તું ઈચ્છે છે કે તેની વિગત બયાન કરું ?

**સાઈલ :** જી, હા.

**હઝરત (અ.) :** અગર જમીન ઉપર રાઈ (ના દાણા) નાખવામાં આવે એટલે સુધી કે તે વાતાવરણને રોકી દે (બંધ કરી દે) અને જમીન અને આસમાનની વચ્ચે ભરાઈ જાય તો પણ હું તારી બેઅકલી છતાંય તને ઈજાઝત આપું કે તું તેના એકે એક દાણાને પૂર્વથી લઈને પશ્ચિમ સુધી સ્થાનાન્તરિત કરે પછી તારી ઉંમર વધારી દેવામાં આવે એટલે સુધી કે તું તેમને સ્થાનાન્તરિત કરે અને તું તેમની ગણતરી કરવાની ઈચ્છા કરે તો તે તારા માટે સરળ હશે એની સરખામણીમાં કે તું ગણતરી કે જમીન અને આસમાનના પેદા હોવાના કેટલા સમય પહેલાં અર્શ પાણી ઉપર ઠરાવેલું છે. આ તો તેના એક લાખમા ભાગના એકસોમા (૧/૧૦૦) ભાગના એક અંશનો એક વસ્ફ છે કે જે મેં તારી સામે બયાન કર્યો. મેં તને જે થોડુંક બયાન કર્યું તેના માટે હું ખુદાની માફી માગું છું.

સાઈલે પોતાનું માથું ધુણાવ્યું અને અશહદો અલ્લા ઈલાહા ઈલ્લલ્લાહ કહી દીધું.

**ગડમથલ નં.૨૫૫નો ઉકેલ**

**<u>આડી ચાવીઓ:</u>** (૧) નયનવા (૩) માહે અઝા (૫)વજન (૮) ખયમા (૯) ફુલાં (૧૧) બૈઅત (૧૩) હુરમત (૧૫) તલબગાર (૧૮) શાહ (૨૦) દુકાન (૨૧) ખતરનાક (૨૨) સુન્ની (૨૩) સબીલ (૨૭) ગમનાક (૨૮) રહવાર **<u>ઊભી ચાવીઓ:</u>** (૧) નહેરે ફુરાત (૨) વાવયલા (૩) માન (૪) અહલેબૈત (૬) જમા (૭) સલાત (૧૦) વાર (૧૨) સાબકા (૧૩) હુર (૧૪) મકતલ (૧૬) લદુન્ની (૧૭) ગાન (૧૮) શાના (૧૯) હક (૨૧) ખબીસ (૨૨) સુરાગ (૨૪) નાના (૨૫) રાહ (૨૬) ખાર

# જન્નતનો એકમાત્ર પરવાનો

**લેખન : જનાબ સૈયદ ઓવેસએહમદ જાફરી સાહેબ**

"હે આદમજાત તારા પર અફસોસ છે. તું બેદરકાર છે પરંતુ ઉપેક્ષિત નથી. તારું મોત તારા તરફ ઉતાવળે આગળ વધી રહ્યું છે. તે તારા તરફ ખાતરીપૂર્વક ડગ માંડી રહ્યું છે. તે તારા તરફ નિશાન તાકી રહ્યું છે અને ટૂંક સમયમાં જ મોતનો ફરિશ્તો તારી રૂહ કબ્ઝ કરી લેશે અને તું તારી કબરમાં એકલો જ રહી જઈશ. કબરમાં તારી રૂહ તને પાછી આપવામાં આવશે અને મુન્કીર અને નકીર નામના બે ફરિશ્તાઓ તારી કબરમાં દાખલ થશે અને તારી કસોટી કરવા સવાલો પૂછશે.

સૌથી પ્રથમ તેઓ તારા રબ વિષે પ્રશ્ન કરશે, તારી તરફ મોકલવામાં આવેલા પયગમ્બર વિષે પૂછશે, તું જેને અનુસરતો હતો તે કિતાબ વિષે પૂછશે અને તું જે ઈમામની બૈઅતમાં હતો તે ઈમામ વિષે પૂછશે. આ ઉપરાંત તેં તારું જીવન કેવી રીતે પસાર કર્યું અને મિલકત કેવી રીતે ભેગી કરી અને તારી દોલત ક્યાં ક્યાં વાપરી તે વિષે પૂછશે. સાવધાન થઈ જા, તારી જાત તપાસ કર્યા કર અને સવાલોના યોગ્ય જવાબ આપવાની તૈયારી કરી લે.

જો તું ઈમાનદાર હોઈશ અને અલ્લાહ તરફથી નિમાયેલા ઈમામો પ્રત્યે વફાદાર હોઈશ તો અલ્લાહ તને યોગ્ય જવાબ આપવાની કાબેલિયત એનાયત કરશે અને તને જન્નતની ખુશખબરી આપવામાં આવશે અને અલ્લાહ તારાથી રાજી થશે અને ફરિશ્તાઓ તને આવકાર આપશે.

જો તું ઈમાન ધરાવતો નહીં હોય તો તારી જીભ થોથવાશે અને તારા દાવાને સ્વીકારવામાં નહીં આવે તું સવાલોના જવાબ આપી શકીશ નહીં. તને દોઝખની તરફ મોકલવામાં આવશે અને ફરિશ્તાઓ તારી તરફ અણગમો દાખવશે અને ઉકળતું પાણી અને દોઝખનું રહેઠાણ તને આપશે."

ઉપરોકત ફકરો ઈમામ ઝૈનુલ આબેદીન (અ.) એ બયાન કરેલી ચેતવણીરૂપ એક લાંબી દુઆમાંથી લેવામાં આવ્યો છે. ચોથા ઈમામ ઝૈનુલ આબેદીન (અ.) તેમના સમયના સૌથી વધારે ઈબાદતગુઝાર વ્યકિત હતા. ઈમામે એવી દુઆઓ લખેલી છે કે હજાર વર્ષની ઉપર થઈ ગયા હોવા છતાં તે દુઆઓ આજે એટલી જ અસરકારક લાગે છે.

ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)એ સૌથી વધારે દુ:ખદ સંજોગો જોયા હતા. તેમણે તેમના વાલિદ ઈમામ હુસૈન (અ.), કાકાઓ, ભાઈઓ, પિત્રાઈઓ, સગાંવહાલાંઓ અને સહાબીઓને ઘાતકીરીતે તરસ્યા અને ભૂખ્યા શહીદ થતા જોયા હતા. તેમ છતાં તે અલ્લાહની યાદ અને ઈબાદતોમાં રાત દિવસ રચ્યાપચ્યા રહેતા હતા.

ઉપરોકત દુઆમાં વ્યકિતએ જે ઈમામની બૈઅતમાં જીવન પસાર કર્યું છે. તે બાબત વિષેનું વર્ણન જોવા મળે છે. આ બાબત વિષે કુરઆનમાં નીચે મુજબ આયત જોવા મળે છે :

يَوْمَ نَدْعُوا كُلَّ أُنَاسٍ بِإِمَامِهِمْ ۖ فَمَنْ أُوتِيَ كِتَابَهُ
بِيَمِينِهِ فَأُولَٰئِكَ يَقْرَءُونَ كِتَابَهُمْ وَلَا يُظْلَمُونَ

فَتِيلًا ﴿٧١﴾

*'તે દિવસે અમે લોકોના દરેક જૂથને તેમના ઈમામો સાથે બોલાવીશું, ત્યાર બાદ જેને તેની કિતાબ (આમાલનામું) જમણા હાથમાં આપવામાં આવશે તે લોકો તેને વાંચશે અને તેમનું એક ખજૂરના તાંતણા જેટલું પણ ખોટું કરવામાં નહીં આવે"*

(સૂરએ બની ઈસરાઈલ, આયત–૭૧)

وَجَعَلْنَا مِنْهُمْ اَئِمَّةً يَّهْدُوْنَ بِاَمْرِنَا لَمَّا صَبَرُوْا ۗ وَكَانُوْا بِاٰيٰتِنَا يُوْقِنُوْنَ ﴿٢٤﴾

*"અને તેમના દરમિયાન અમે તેમની હિદાયત માટે અમારા હુકમથી ઈમામો નીમ્યા છે જ્યારે તેઓ સબ્ર અપનાવશે અને અમારી નિશાનીઓ ઉપર યકીન રાખશે."*

(સૂરએ સજ્દા, આયત–૨૪)

અહીં આપણે અલ્લાહનો શુક્ર કરવો જોઈએ કે તેણે ઈમામ ઝૈનુલ આબેદીન(અ.) દ્વારા આપણને ઈમામ અલી (અ.)ની વિલાયતની માઅરેફત કરાવી, કારણ કે બેશક આ માઅરેફત (પહેચાન) જ જન્નતનો પરવાનો છે.

**આ અંકમાં મો.ઇમદાદઅલી સુથાર (મોલીપુરવાળા)એ બનાવેલ ડિઝાઇનનો ઉપયોગ કરવામાં આવેલ છે.**

## નન્હે રોઝેદાર



કુલસૂમફાતેમા હસનઅલી મલેકપુરા
માતા : આબેદાબેન (બાદરપુર)
ઉ.વર્ષ : ૧૨ રોઝા : ૨૯



સલમાફાતેમા
ઉ.વર્ષ : ૧૦
રોઝા : ૩૦


Hero

અસ્સલામુન અલૈક

સલામ સાથે જણાવવાનું કે અલ્લાહના ફઝલો કરમથી અને મોહંમદ વ આલે મોહંમદ (અ.)ના વસીલાથી અને પીરો મુરશિદની ભલી દુઆઓથી મોમિન ભાઈઓને જણાવતાં ખુશી થાય છે કે હીરો બાઇકનો શો રૂમ તથા આધુનિક સર્વિસ સ્ટેશન સાથે શરૂ કરેલ છે. તો દરેક મોમિન ભાઈઓ સહકાર આપશો.

# મોડર્ન ઓટો

દરેક ગાડીનો વીમો તથા કોઇ પણ જિલ્લાનું પાસીંગ કરી આપવામાં આવશે.

મોમિન અકબરઅલી એચ. – ૯૭૨૯૭ ૦૦૨૦૯
મોમિન આબિદઅલી એચ. – ૯૮૨૫૩ ૮૯૪૫૮
મોમિન હસનઅબ્બાસ એચ. – ૯૭૨૪૭ ૮૨૨૩૦

(બાદરપુરવાળા)

કોઈ પણ હીરો બાઈક ખરીદતાં પહેલાં અમારી મુલાકાત અવશ્ય કરશો.

અલગ જિલ્લા માટે પાસીંગ ચાર્જ રૂા. ૨૦૦/– થશે.

સન પ્લાઝા કોમ્પલેક્ષ, પૃથ્વી હોસ્પિટલની સામે, પોલીટેકનીક રોડ, વડનગર. ફોન : ૦૨૭૬૧–૨૨૩૫૩૦

## કુરઆને મજીદના
# સૂરાઓનો પરિચય

**સૂરા નં.૮૦** **સૂરએ અબસ**

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **માટે જોઈએ કે ઈન્સાન પોતાના ખોરાક તરફ લક્ષ આપે. (૨૪)**

**કે અમોએ પાણી જોરથી વરસાવ્યું. (૨૫)**

**પછી અમોએ જ ભૂમિને સારી રીતે ફાડી નાખી. (૨૬)**

**પછી અમોએ જ તેમાં(થી) અનાજ ઉત્પન્ન કર્યું. (૨૭)**

**અને દ્રાક્ષ તથા ભાજી તરકારી. (૨૮)**

**અને ઝૈતૂન તથા ખજૂરના ઝાડો. (૨૯)**

**અને ગીચ બગીચા. (૩૦)**

فَلْيَنْظُرِ الْاِنْسَانُ પોતાના સર્જન પર વિચાર કર્યા પછી ઈન્સાનનું પોતાના ખાવા-પીવા તરફ ધ્યાન દોરવામાં આવ્યું કે જે ચીજોથી તમે તમારું પેટ ભરો છો જરા વિચારો તો ખરા કે એક તરફ તો અમે જમીનને એવી બનાવી કે એ વનસ્પતિની સેવા કરી શકે અને બીજી તરફ આસમાનોમાંથી પાણી વરસાવ્યું જેથી વનસ્પતિના વિકાસમાં જમીનની તાકાતોને ઉભારે આમ આ સૃષ્ટિની સર્વે તાકાતો ઈન્સાનના ખાવા-પીવાના બંદોબસ્તમાં કામે લાગેલી છે. સૂર્યની ગરમી, ચંદ્રની ચાંદની, તારાઓની ચમક, હવાની તેજી-સુસ્તી કે શરદી-ગરમી પછી ઋતુઓના પલટાઓ, વગેરે. આ સર્વે ચીજોને અનાજ, ફળફળાદી, શાકભાજીઓ અને બાગ બગીચાઓના વિકાસ અને રક્ષામાં એક મહાન દખલ છે, બલ્કે સૃષ્ટિની મશીનરીનો દરેક પુરજો પોત પોતાના કામમાં લાગેલા છે અને ઈન્સાન આ ખામોશ કુદરતના કારખાનાથી પોતાની ઈચ્છા અને જરૂરત મુજબ પોતાનો ખોરાક મેળવે છે. આથી વિચાર કરવામાં આવે તો ઈન્સાનને એક રોટલીનો કોળિયો ત્યારે જ મળે છે કે જ્યારે જમીન અને આસમાનની કુદરતી શકિતઓ પોતાની ફરજો બજાવે છે.

આ આયતમાં અલ્લાહે પોતાની કુદરતના કારખાનાની સેરની દાવત આપી છે અને તેમ છતાં પણ તમે એની નેઅમતોનો પાડ ન માનો તો તમારા પર અફસોસ છે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **અને મેવા તથા ઘાસચારો. (૩૧)**

**ખુદ તમારા લાભ માટે તથા તમારા પશુઓના લાભ માટે. (૩૨)**

**પછી જ્યારે કાનમાં પડદા ફાડી નાખનારી (ગર્જના) આવી પહોંચશે. (૩૩)**

وَ فَاكِهَةً وَّ اَبًّا અલ્લામા જલાલુદ્દીન સિયુતીનું વૃતાંત છે કે કોઈ શખ્સે એક સહાબીને આ આયતે મજીદની તફસીર વિષે પૂછ્યું તો એ કહેવા લાગ્યા કે મને કયું આસમાન છાયા દેશે અને કઈ જમીન પોતાની પીઠ પર ઉઠાવશે ? જો અલ્લાહના

કલામમાં મારા તરફથી કોઇ વાત કહી દઉં કે જે હું ન જાણતો હોઉં. فَاكِهَةً નો અર્થ તો માલૂમ હતો, પૂછનાર માત્ર أَبًّا નો અર્થ પૂછવા માગતો હતો. શેખ મુફીદથી રિવાયતમાં લખાયેલ છે કે આ વાત હઝરત અમીરુલ મોમિનીન હઝરત અલી (અ.) સુધી પહોંચી તો આપે ફરમાવ્યું,

'સુબ્હાનલ્લાહ ! એ પણ માલૂમ નથી કે أَبًّا નો અર્થ ઘાસ થાય છે. જ્યારે કે કુરઆનમાં فَاكِهَةً وَأَبًّا પછી આવ્યું છે કે તમારી અને તમારા જાનવરો માટે છે અને દેખીતું છે કે મેવો ઈન્સાન માટે છે તો જે ચીજ જાનવરો માટે અલ્લાહે પેદા કરી એ ઘાસ જ છે.''

સાખ્ખાના અર્થમાં છે એટલે કે ભારે અવાજ જન્માવનારી અને એનાથી મુરાદ કયામત છે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **ત્યારે તે દિવસે ઈન્સાન પોતાના ભાઈથી (પણ દૂર) નાસતા ફરશે. (૩૪)**

**અને પોતાની મા તથા બાપથી પણ. (૩૫)**

**અને પોતાની સ્ત્રી તથા છોકરાથી પણ. (૩૬)**

**તે દિવસે તેઓમાંથી દરેક જણને પોતાની જ પડી હશે. (૩૭)**

يَوْمَ يَفِرُّ કયામતની સખ્તી અને હયબતનું બયાન છે કે દરેક ઈન્સાન બહુ જ હેરાન–પરેશાન હશે અને મહેશરમાં એટલો ભયભીત હશે કે કોઇ નિકટતાને નિકટતાનું ભાન નહીં રહે અને નફસા નફસીની હાલત હશે. એ વેળા હઝરત પયગમ્બર (સ.)એ મહેશરની દહેશતનો ઉલ્લેખ કર્યો અને ફરમાવ્યું કે હશ્રના રોજ લોકો ઉઘાડા શરીરે હશે અને પરસેવો એમના મોં સુધી પહોંચેલો હશે આપના એક હરમે મોહતરમે અરજ કરી કે 'હુઝૂર ! તો પછી શું લોકો એક બીજાને નગ્ન નિહાળશે ?' તો ફરમાવ્યું, 'કોઇને કોઇ તરફ જોવાની ફુરસત જ કયાં હશે ?' દરેક જણ પોતાના અર્ક (પરસેવા)માં ગર્ક હશે અને દરેક દરેકને પોતાની ચિંતા લાગેલી હશે. આથી આપે એ જ આયતો પઢી.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **તે દિવસે ઘણા ખરા ચહેરા પ્રકાશિત. (૩૮)**

**હસમુખા (અને) આનંદી હશે. (૩૯)**

**અને ઘણા ખરા ચહેરા તે દિવસે ધૂળમાં રગદોળાયેલા હશે. (૪૦)**

**તેમના પર કાળાશ પથરાયેલી હશે. (૪૧)**

**એ જ (લોકો) તો નાસ્તિક (અને) દુરાચારી છે. (૪૨)**

وُجُوهٌ મોમિનોના ચહેરા ખુશખુશાલ હશે અને તેઓ ખુશ ખુશ થતા જન્નત તરફ જશે. જ્યારે કાફિરો, મુશરિકો અને મુનાફિકોના ચહેરાઓ પર હતાશા છવાયેલી હશે. غَبَرَةٌ નો અર્થ પણ અંધકાર અને કાળાશ અને કતરા ધુમાડાઓની કાળાશને કહેવામાં આવે છે. અર્થાત્ એમના ચહેરા કાળા હશે.


**મકતબા જાફરીયા નોલેજ એન્ડ રિસર્ચ ઍકડમી**
**સંલગ્ન આયોજિત**

**ફાઈન આર્ટસ**

**મિલન સમારંભની વિચારણા બાબત**

::::: સંપર્ક :::::

**મોમિન ગુલામમોહંમદ (મયુરભાઈ ડોડીયા)**
મો. ૯૯૨૫૧ ૬૮૫૧૫ / ૯૮૯૮૫૧૪૧૪૩
mayur_ad429@yahoo.com

**મોમિન એહમદઅબ્બાસ બાલવા**
મો. ૯૭૨૨૨૧૦૪૪૦
noorart440@gmail.com

મૌલાના ઓબયદુલ્લાહ અમૃતસરી દ્વારા સંપાદિત 'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

## જનાબે અમીર (અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### ઔલાદે સાલેહ

(ગતાંકનું ચાલુ)

**જનાબે હુસૈન (અ.)ના ફઝાએલનું વર્ણન**

(૧૫) અબૂ હુરૈરા (રઝી.અ.)થી નકલ છે કે જનાબે રિસાલત મઆબ (સ.)એ ફરમાવતા હતા કે જેણે હસન અને હુસૈનથી પ્યાર કર્યો તેણે મારાથી પ્યાર કર્યો અને જેણે તેમની સાથે બુગ્ઝ રાખ્યું, તેણે મારી સાથે બુગ્ઝ રાખ્યું.

(૧૬) અબૂ હુરૈરાથી રિવાયત છે કે એક વખત આંહઝરત (સ.) જનાબે ફાતેમા (અ.)ના દરવાજા પર ઊભા થઈ ગયા એટલામાં ઈમામ હસન અથવા ઈમામ હુસૈન બહાર નીકળ્યા. હઝરતે તેમને ઈરશાદ કર્યો, અય મારી આંખોની ઠંડક ! આવ, તારા બાપના ખભા ઉપર સવાર થઈ જા . પછી તે સાહબઝાદા હઝરતની બન્ને આંગળીઓ પકડીને પવિત્ર ખભા ઉપર સવાર થઈ ગયા. એટલામાં બીજા સાહબઝાદા નીકળી આવ્યા. હઝરતે તેમને પણ ફરમાવ્યું, શાબાશ, અય મારી આંખોની ઠંડક! આવ, તારા બાપના ખભા ઉપર સવાર થઈ જા. ત્યાર પછી તે સાહબઝાદા પણ હઝરત (સ.)ની બન્ને આંગળીઓ પકડીને ખભા મુબારક ઉપર સવાર થઈ ગયા. ત્યાર પછી હઝરત (સ.)એ તેમની ગરદનને હાથથી પકડી અને પોતાનું મોઢું તેમના મોઢા ઉપર રાખીને ફરમાવ્યું, અય અલ્લાહ! હું એમને દોસ્ત રાખું છું, તું પણ તેમને દોસ્ત રાખ અને દોસ્ત રાખ એ માણસને કે જે એમને દોસ્ત રાખે.

(૧૭) અબૂ હુરૈરા (રઝી.અ.) કહે છે કે તમીમી અફ્રઅ ઈબ્ને હાબિસ જનાબે સરવરે આલમ (સ.)ની હુઝૂરમાં આવ્યો અને આપ (સ.)ને જોયા કે ક્યારેક હસન (અ.) અને ક્યારેક હુસૈન (અ.)ને ચૂમી રહ્યા છે. હું કહેવા લાગ્યો, આપ તો આ બન્નેને ચૂમો છે અને મારે દસ બાળકો છે તેમ છતાં હું એકનો પણ ચૂમતો પણ નથી. આં હઝરત (સ.)એ ફરમાવ્યું, જે નથી રહેમ કરતો, તેના પાર રહેમ કરવામાં આવતી નથી.

(૧૮) અબ્દુલ્લાહ બિન મસઊદ (રઝી.અ.)થી મરવી છે કે જનાબે રસૂલુલ્લાહ (સ.) નમાઝ પઢાવી રહ્યા હતા અને હસન અને હુસૈન (અ.) તેમની પીઠ મુબારક ઉપર કૂદયા કરતા હતા. એક વખત લોકોએ તેમને હટાવી દીધા તો આપ (સ.)એ ફરમાવ્યું, તેમને છોડી દો. મારી મા અને મારા બાપ તેમના ઉપર કુરબાન થઈ જાય, જે કોઈ મને પ્યાર કરે છે, તેણે એમને પ્યાર કરવો જોઈએ.

(૧૯) ઈસરાઈલ (રઝી.અ.) કહે છે કે જનાબે રસૂલ પાક (સ.)ને એવું ફરમાવતા સાંભળ્યા છે કે જે માણસ હસન અને હુસૈનને પ્યાર કરશે, તે મારાથી પ્યાર કરશે અને જેણે તેમની સાથે બુગ્ઝ કર્યું, તેણે મારી સાથે બુગ્ઝ કર્યું. અબૂ હુરૈરાથી પણ આના જેવી મરવી છે.

(૨૦) અબૂ હુરૈરા (રઝી.અ.) કહે છે કે એક વખત અમે આં હઝરત (સ.)ની સાથે નમાઝે ઈશામાં શરીક હતા. જ્યારે સરવરે દીંપનાહે સજ્દો કર્યો તો હસનૈન (અ.) હુઝૂર (સ.)ની પીઠ મુબારક ઉપર સવાર થઇ ગયા. જ્યારે આપ જનાબે સર ઉઠાવ્યું તો એ બન્ને સાહબઝાદાઓને પોતાના હાથ મુબારકથી ધીમેથી પોતાની પાછળના ભાગમાં ઉતારી દઈને નીચે બેસાડી દીધા અને જ્યારે ફરીથી હુઝૂર (સ.) સિજદામાં ફરીથી ગયા તો એ બન્ને સાહબઝાદાઓ ફરીથી હૂઝૂર (સ.)ની મુબારક પીઠ ઉપર સવાર થઇ ગયા એટલે સુધી કે હુઝૂર (સ.)એ નમાઝને અદા કરી અને એ બન્ને સાહબઝાદાઓને પોતાના સાથળ ઉપર બેસાડી દીધા.

(૨૧) અનસ બિન માલિક (રઝી.અ.) કહે છે કે આંહઝરત (સ.)એ એક માણસના માટે પરવાનો લખેલો હતો. તે હુઝૂર (સ.)ની ખિદમતમાં સલામ માટે હાજર થયો. હુઝૂર (સ.)એ વખતે નમાઝમાં હતા. તેણે જોયું કે હસનૈન (અ.) કોઈક વાર આપની ગરદન મુબારક અને ક્યારેક પીઠ મુબારક પર સવાર થાય છે અને આગળ પાછળ થઈને પસાર થઇ જાય છે. હુઝૂર (સ.) જ્યારે નમાઝથી ફારેગ થયા તો તે માણસે કહ્યું, આ બન્ને સાહબઝાદાઓએ નમાઝને કેવી ખરાબ કરી છે ! જનાબે સરવરે આલમ (સ.) એ ગઝબમાં આવી જઈને તે માણસને કહ્યું, તારો પરવાનો મને આપ અને તેની પાસેથી એ પરવાનો લઈને ફાડી નાખ્યો અને ફરમાવ્યું, જે કોઈ અમારા નાનાઓ ઉપર રહેમ ન કરે અને અમારા મોટાઓની ઈજ્જત ન કરે તે અમારો નથી (અને) અમે તેના નથી.


(૨૨) સલમાન (રઝી.અ.)થી મન્કૂલ છે કે ફરમાવ્યું રસૂલલ્લાહ (સ.)એ, "નામ રાખ્યું તેમનું હસન અને હુસૈન, હારૂન (અ.)ના ફરઝંદોના જેવું કેમકે તેમનાં નામ શબ્બર અને શબ્બીર હતાં."

(૨૩)જનાબે અમીર (અ.)થી મરવી છે કે જનાબે પયગમ્બરે ખુદા (સ.)એ ફરમાવ્યું કે મને એ બન્નેનાં નામ હસન અને હુસૈન રાખવાનો હુકમ થયો છે.

(૨૪)અબૂ હુરૈરા (રઝી.અ.) કહે છે કે જનાબે હસનૈન (અ.) આં હઝરત (સ.)ની હુઝૂરમાં કરી રહ્યા હતા અને જનાબે રિસાલત મઆબ (સ.) ફરમાવતા હતા, શાબાશ ! અય હસન ! જનાબે સૈયદા (અ.)એ અરજ કરી. યા રસૂલલ્લાહ ! આપ હસનને શાબાશી આપો છો ? આપે ફરમાવ્યું, હુસૈનને જિબ્રઈલ શાબાશી આપે છે. (ક્રમશઃ)


**રક્ષણ ફેબ્રીકેશન ગૃપ**

ગ્રીન હાઉસ, ખેતર, પ્લોટ, વાડી, વગેરેની ફેન્સીંગ જાળી અને ફેન્સીંગ તારની વાડનું કામ માલસામાન સાથે સંતોષકારક રીતે કરી આપવામાં આવશે.

સંપર્ક

મહંમદઅલી વી. ગોદડ – ૯૫૫૮૯૦૦૯૭૦
સાજીદઅલી એમ. ગોદડ – ૯૪૨૭૩૬૫૧૪૭
૯૬૬૨૦૯૫૫૮૮

**મુ.પો. હરિપુરા, પો.અરોડા, તા. ઇડર, જી.સાબરકાંઠા.**

હલ્કા ઇર્ફાને અહલેબૈત, મક્તબા જાફરીયા

# ખુત્બો : માનવસેવા વિષે

૭

**પ્રસ્તુતકર્તા : મોલ્વી ગુલામઅબ્બાસ મોહંમદહુસૈન મોમિન (ધોળકા)**

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اَلۡحَمۡدُ لِلّٰهِ رَبِّ الۡعَالَمِیۡنَ وَالصَّلٰوةُ وَالسَّلَامُ عَلٰی مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّیِّبِیۡنَ

રસૂલે ખુદા (સ.)એ ફરમાવ્યું છે કે, "જે કોઈ માણસ મુસલમાનના મામલાઓમાં રસ નથી લેતો તે પણ મુસલમાન નથી અને તે માણસ પણ મુસલમાન નથી કે જે અન્ય મુસલમાનની મદદ માટે પોકાર સાંભળે છે અને તેની મદદ માટે જતો નથી."

તો મોમિનીન અને મોમિનાત ! મુસલમાનના ગુણોમાંનો એક ગુણ આ પણ છે. જો આપણે સાચા અર્થમાં મુસલમાન થવું હોય તો બીજા મુસલમાનને મદદ કરવી પડશે. આ કાર્ય એટલે માનવસેવાનો સવાબ એટલો બધો છે કે તેના જેટલો કોઈ પણ અન્ય નેકીનો સવાબ નથી. હદીસમાં છે કે જે કોઈ પોતાના મુસલમાન ભાઈની જરૂરિયાત પૂરી કરે છે તે એવો છે કે જાણે તેણે આખા જીવન દરમિયાન અલ્લાહની ઈબાદત કરી હોય.

કેટલીક વખતે આપણાથી મદદ માગવામાં આવે છે, પરંતુ આપણી પાસે મદદ કરવાની શકિત હોતી નથી. આવી પરિસ્થિતિમાં જો આપણી નિય્યત પાક હશે તો પણ સવાબ મળશે જ. તેના અનુસંધાનમાં આપણા પાંચમા ઈમામ મોહંમદ બાકિર (અ.) ફરમાવે છે કે, "કેટલીક વખત એક મુસલમાન બીજા મુસલમાનની મદદ માગે છે અને બીજો મુસલમાન મદદ કરવાની ઈચ્છા રાખતો હોવા છતાં તેને મદદ કરી શકતો નથી, તો અલ્લાહ તેની આ નિય્યતના કારણે તેને જન્નતમાં મોકલશે."

આપણને માનવતાની સેવા વિષે સૌથી સારી હિદાયત હઝરત ઈમામ હુસૈન (અ.)થી મળે છે. તેઓ ફરમાવે છે કે, "લોકો જ્યારે તમારી મદદ માટે હાથ ફેલાવે છે તે તમારા માટે અલ્લાહની રહેમત છે, માટે તેના કારણે કંટાળી ન જાઓ અને બેચેન ન થઈ જાઓ."

ઘણી વાર એવી જગ્યાએ માનવસેવા કરવાના પ્રસંગો મળે છે. આપણા રોજિંદા જીવનમાં આપણને મોકા મળે છે. જ્યારે આપણે હજ કરતા હોઈએ તો આપણે બીજા હાજીઓની અજોડ સેવા કરવી જોઈએ. એ સેવા આપણી હજના અનુભવનો એક અજોડ ભાગ છે. જો લોકો આપણી પરવા ન કરે અને આપણને અપમાનિત કરે તો પણ યાદ રાખવું જોઈએ કે આપણી નિય્યત 'કુર્બતન ઈલલ્લાહ'ની હોવી જોઈએ.

એક અન્ય હદીસમાં છે કે જે મુસલમાન બીજા મુસલમાનની જરૂરિયાત પૂરી કરવા માટે તેની સહાયતા કરે તે એવા માણસ જેવો છે કે જેણે ખુદાના માર્ગમાં જિહાદ કરી હોય. (ગુલઝારે ઈબાદત, પેજ-૯૮)

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી મન્કૂલ છે કે, "જે માણસ વડીલો અને વૃધ્ધોનું સન્માન નથી કરતો તે અમારામાંથી નથી." (ગુલઝારે ઈબાદત, પેજ-૪)

બિરદરાને મોમિનીન ! ઉપરની હદીસોને ઊંડાણપૂર્વક વિચારવામાં આવે કારણ કે અલ્લાહની શ્રેષ્ઠ ઈબાદતોમાંથી એક ઈબાદત છે જિહાદ, જેનો ઘણો સવાબ છે. તો અઈમ્મા (અ.)એ એક મુસલમાનની સેવામાં જિહાદના બરોબર સવાબ બતાવ્યો છે.

**આવો આપણે ઈમામ (અ.)ની સીરતથી સબક ગ્રહણ કરીએ :**

હઝરત ઈમામ અલી નકી (અ.)ના જમાનામાં જાલિમ અબ્બાસી ખલીફા મુતવક્કિલ બીમાર પડી ગયો. હકીમો તેને સાજો ન કરી શકયા. મુતવક્કિલની મા ઘણી દુઃખી થઈ ગઈ. તેણે હઝરત ઈમામ અલી નકી (અ.)ને કહ્યું કે, "મારા દીકરાની મદદ કરો." ઈમામ અલી નકી (અ.)એ તેને દવા આપી. તે દવાથી મુતવક્કિલ સાજો થઈ ગયો. બધા હકીમો આશ્ચર્યમાં પડી ગયા. મુતવક્કિલ જાલિમ બાદશાહ હતો અને ખરાબ માણસ હતો તેમ છતાંય ઈમામ અલી નકી (અ.)એ તેની એટલા માટે મદદ કરી કે તેની મા આપની પાસે મદદ માગવા આવી હતી. જો કોઈ તમારી મદદ માગે તો તે સારો ન હોય તો પણ તમારે તેની મદદ કરવી જોઈએ.

આ કિસ્સાથી આપણને જાણવા મળે છે કે એક મુસલમાનની મદદ કેટલા અંશે લાભદાયી અને કુર્બતન ઈલલ્લાહ ભાવના ધરાવે છે. આપણા ઈમામ એક જાલિમ બાદશાહ સાથે જો આવી રહેમદિલીથી વર્તન કરતા હોય તો આપણે તેમના ચાહક છીએ, તો ચોકકસ આવા અખ્લાકી ગુણો આપણામાં ઉતારવા જોઈએ અને જો કદાચ આવા મોકાઓ ઉપર આપણે પોતાની જાતને દૂર રાખતા હોઈએ તો જાણી લઈએ આ હદીસના શબ્દો. હઝરત ઈમામ સાદિક (અ.) ફરમાવે છે કે, "જ્યારે કોઈ મુસલમાન સામર્થ્ય ધરાવતો હોવા છતાં પોતાના (દીની) ભાઈની મદદ કરવાથી દૂર રહે તો ખુદાવંદે આલમ પણ દુનિયા અને આખેરતમાં તેની મદદ કરવાથી દૂર રહે છે."

આપણા નબીએ કરીમ (સ.) મહાન દયાળુ હતા. રહેમતુલ્લીલ આલમીન હતા. માનવસેવાના ભેખધારી હતા. આવો, આપણે આપણા નબીની માનવસેવાનો એક પ્રસંગ સાંભળીએ અને આપણા ઈમાનમાં વધારો કરીએ કે જેથી માનવ સેવા કરવાનો શોખ પેદા થાય.

ઈસ્લામના મહાન પયગંબર હઝરત મોહંમદ મુસ્તફા (સ.) એકવાર આપ લાકડાં કાપવા માટે જંગલમાં ગયા હતા. એ જંગલમાં તેમણે એક વૃધ્ધ સ્ત્રીને જોઈ. તે સ્ત્રી જંગલમાં લાકડાં વીણી રહી હતી. આપ (અ.)એ પોતાના માટે જરૂરી લાકડાં કાપીને તેનો ભારો બાંધી દીધો અને હવે ઘેર જવાની તૈયારીમાં હતા, પરંતુ આપે આ વૃધ્ધ સ્ત્રી માટે જલ્દી જલ્દી થોડાક લાકડાં કાપીને એક બીજો ભારો પણ તૈયાર કરી દીધો. પહેલો ભારો જે આપે પોતાના માટે તૈયાર કર્યો હતો તે ભારાને વૃધ્ધ સ્ત્રીના આગળ મૂકીને કહ્યું, "માજી! આ તમારો ભારો." વૃધ્ધા તો આ ભલા માણસના આવા વર્તનથી એકદમ ખુશ થઈ ગઈ, પરંતુ તેણે કહ્યું, "પણ...આવડો મોટો ભારો હું કેવી રીતે ઊંચકી શકીશ." આપણા નબીએ કહ્યું, "તમે એની ચિંતા મારા

ઉપર છોડી દો. તમે ચાલતા થાઓ. પહેલા હું તમારો ભારો તમારા ઘર સુધી પહોંચાડી દઈશ, પછી પાછો આવીને હું મારો ભારો ઉપાડી જઈશ." આટલું કહીને રસૂલે ખુદા (સ.)એ તે વૃધ્ધા માટે તૈયાર કરેલો ભારો ઊંચકી લીધો અને એ વૃધ્ધાની સાથે તેના ઘર તરફ રવાના થયા.

ચાલતાં ચાલતાં વૃધ્ધાએ કહ્યું, "પણ ભાઈ ! તારી આ ભલાઈનો બદલો હું કેવી રીતે વાળી શકીશ? મારી પાસે તો એવું કશુ જ નથી, જે હું તને બદલામાં આપી શકું." વૃધ્ધાની આવી વાત સાંભળીને નબી (સ.)ના હોઠો પર સ્મિત ફેલાઈ ગયું. આપે તે વૃધ્ધાને કહ્યું, "માજી ! જો તમે મને બદલો આપવા માગતાં હો તો મને કંઈક નસીહત કરો. આપના જેવા બુઝુર્ગો તરફથી નસીહત અને શિખામણ કરતાં વધારે ઉમદા બદલો બીજો કયો હોઈ શકે." "પણ ભાઈ ! તું તો બહુ સમજુ અને ભલો માણસ હોય એવું દેખાય છે અને વળી હું શું શિખામણ આપી શકવાની ?" વૃધ્ધાએ શિખામણ આપવાની અશકિત દર્શાવતાં કહ્યું.

આમ છતાં નબી (સ.)એ તે વૃધ્ધા પાસેથી શિખામણની કોઈ વાત સાંભળવાનો આગ્રહ ચાલુ રાખ્યો, તેથી છેવટે વૃધ્ધાએ કહ્યું, "જો ભાઈ ! હું તને એક શિખામણ આપું છું. આપણા ગામમાં મોહંમદ નામનો એક માણસ રહે છે. એનાથી તું દૂર રહેજે. એની પાસે કદી જતો નહીં.'' નબી (સ.)એ પૂછ્યું, "એવું શા માટે? શું એ જુઠ્ઠો છે ?" વૃધ્ધાએ જવાબ આપ્યો, "ના, એ જૂઠો નથી. જુઠ્ઠું તો એ કદીય બોલતો નથી." આપ (સ.)એ પૂછ્યું, "તો પછી શું લોકોનો માલ હજમ કરી જાય છે ?" વૃધ્ધાએ કહ્યું, "ના, એવું પણ નથી. લોકોના માલ સાચવવાની બાબતોમાં તો તે ગામનો સૌથી વધારે ભરોસાપાત્ર માણસ છે." હઝરતે પૂછ્યું, "તો પછી એનામાં એવી શું બાબત છે કે તમે મને તેનાથી દૂર રહેવાની શિખામણ આપી રહ્યા છો ?"

"વાત જાણે એમ છે કે એ માણસ જાદુગર છે. જે કોઈ એની પાસે જાય છે તેના ઉપર તે કંઈક એવું જાદુ કરે છે કે બાપદાદાના વખતથી ચાલતા આવેલા ધર્મને છોડીને તે તેના નવા ધર્મમાં માનતો થઈ જાય છે. તેથી હું તને ચેતવું છું કે એનાથી દૂર રહેજે. એની નજીક ફરકતો પણ નહીં."

આટલી વાતો થતાં થતાં તો તે વૃધ્ધાનું ઘર આવી ગયું. નબી (સ.)એ એ લાકડાનો ભારો એ સ્ત્રીએ કહ્યું તે જગ્યાએ મૂકી આપ્યો અને પછી તેઓ પાછા જવા લાગ્યા ત્યારે વૃધ્ધાને એકદમ યાદ આવ્યું હોય તેમ પૂછ્યું, "અય ભાઈ ! તારું નામ પૂછવાનું તો હું ભૂલી ગઈ. બોલ, તારું નામ શું છે ? એ મને બતાવતો જા."

નબી (સ.)ના મનમાં વિચાર આવ્યો કે હું મારું નામ બતાવીશ તો આ વૃધ્ધા બિચારી મારું નામ સાંભળીને મારા જ મોઢે મારી ટીકા કરવા બદલ શરમાઈ જશે, તેથી આપ નામ બતાવવા આનાકાની કરવા લાગ્યા, પરંતુ વૃધ્ધાએ નામ જાણવા પોતાનો આગ્રહ ચાલુ રાખ્યો. છેવટે નાછુટકે આપે નામ કહ્યું, ''મારું નામ મોહંમદ છે." પછી તો એ જ દિવસે સાંજના સમયે પોતાના આડોશીપાડોશીઓને ભેગા કરીને તે વૃધ્ધાએ કહ્યું, "આ જ માણસ કે જે મારા ઘેર લાકડાનો ભારો પહોંચાડી ગયો તે જો મોહંમદ હોય, તો આ તો ઘણો સારો માણસ છે. આવા માણસની કોઈ વાત ખોટી હોઈ શકે જ નહીં. એ ધર્મ વિષે જે કંઈ કહે છે તે સાચુ જ હોવું જોઈએ."

પછી તો થોડાક જ કલાકોમાં તે વૃધ્ધાએ મોહંમદ (સ.)ને જાદુગરના બદલે અલ્લાહના રસૂલ તરીકે સ્વીકાર કરી લીધો અને કલમો પઢીને મુસલમાન થઇ ગઈ.

મોમિનીન અને મોમિનાત ! ઉપરની હકીકતથી જાણવા મળે છે કે ગેરમુસ્લિમના સાથે સારો વર્તાવ કરવો, તેના ઉપર ઉપકાર કરવો, અલ્લાહ અને તેના રસૂલ (સ.)ને પસંદ છે. તો આપણે રસૂલ (સ.)ની ઉમ્મ્તમાંથી છીએ. આપણે આપણા નબીની સીરત ઉપર ચાલીને દરેકની સાથે સારો વર્તાવ કરવો જોઈએ. એકબીજાની સાથે ભલાઈથી વર્તવું જોઈએ કે જેથી અલ્લાહ અને તેના રસૂલ (સ.) આપણાથી ખુશ થાય અને આપણે તેમની સીરત ઉપર અમલ કરીને આપણે જીવનને ધન્ય બનાવી શકીએ.

**અંતમાં દુઆ માગીએ :**

- અય અલ્લાહ ! બહક્કે મોહંમદ વ આલે મોહંમદ, અમને માનવસેવા કરવાની નેક તોફીક અતા ફરમાવજે.
- અય બારે ઈલાહા ! અમને તારા પ્યારા રસૂલ (સ.)ની સીરત ઉપર ચલાવજે.
- અય ખુદાયા ! અમારું ઈમાન મોહંમદ વ આલે મોહંમદ ઉપર કાયમો દાયમ સલામત રાખજે.
- અય મા'બૂદ ! અમોને અમારા પીર જે હિદાયત કરી રહ્યા છે તેને સમજવાની શકિત આપજે અને સમજ્યા પછી તેના પર અમલ કરનારા બનાવજે...આમીન

સલવાત


Abbas Ali 9925637429
Manjur Ali 9662238925

જ્યોતિ ઈલેકટ્રીક

ઘર, હોટલ, રેસ્ટોરેન્ટ, ગેસ્ટહાઉસ, તથા ઓફિસના ઈલેકટ્રીક માલ-સામાન અમારા ત્યાં વ્યાજબી ભાવે મળી રહેશે.

ઈસ્ત્રી, હીટર, ગ્રીઝર, મીક્સર બ્રેન્ડર મળશે.

Hi-Fi MODULAR
RR KĀBEL
Rapid Electric accessories
Crompton Greaves EVERYDAY SOLUTIONS
POLYCAB WIRES & CABLES
HAVELLS

(ગામ : સેદ્રાણાવાળા)

જી-૮૦, સામર્થ કોમ્પલેક્ષ, હોટલ સિધ્ધાર્થની સામે, તાવડીયા ચાર રસ્તા, સિધ્ધપુર.

મીકદાદઅલી
MO 99257 47592
(જેઠીપુરાવાળા)

મંઝર ચશ્માઘર

Manzar Optical

નંબરના ચશ્મા, ફેન્સી ગોગલ્સ તથા સનગ્લાસના ચશ્મા બનાવી આપવામાં આવશે.

L-5, આકાશગંગા કોમ્પલેક્ષ, નિરાલી બસ સ્ટેન્ડ રોડ, હિંમતનગર.




**'બોસ્તાન'માંથી ચૂંટેલી પંક્તિઓ**

## ADVENTURISM (જોખમીપણું/સાહસવાદ)

تنت زورمند است و لشکر گران
و لیکن در اقلیم دشمن مران
که وی بر حصاری گریزد بلند
رسد کشوری بی گنه را گزند

**તંત ઝોરમંદ અસ્ત વ લશ્કર ગરાન**
**વ લેકીન દર અક્લીમ દુશ્મન મુરાન**
**કે વઈ બર હસારી ગરીઝદ બુલંદ**
**રસદ કિશવરી બી ગુના રા ગઝંદ**

*(ભલેને તમે શક્તિશાળી હો અને તમારું લશ્કર તાકતવર હોય, પરંતુ દુશ્મનના પ્રદેશ પર હુમલો કરવાનું સાહસ ન ખેડો. દુશ્મન તો ઊંચેરા કિલ્લામાં જઈને આશરો મેળવી લેશે અને જમીનમાં રહેનારા તે નિર્દોષ લોકોને બિનજરૂરી નુકસાન વેઠવું પડશે.*

## ADVICE (સલાહ/શિખામણ)

شنیدم که یک بار در حله ای
سخن گفت با عابدی کلّه ای
که من فرّ فرماندهی داشتم
بسر بر کلام مهی داشتم
شیهرم مدد کرد نصرت وفاق
گرفتم ببازوی دولت عراق
طمع کرده بودم که کرمان خورم
که ناگه بخوردند کرمان سرم
بکن پنبهٔ غفلت از گوش هوش
که از مردگان پندت آید بگوش

**શનીદમ કે યક બાર દર હિલ્લા અય**
**સુખન ગુફ્ત બા આબદી કલ્લા અય**
**કે મન ફર્ર ફર્માનદહી દાશતમ**
**બસર બર કલામ મિહી દાશતમ**
**સિપેહરમ મદદ કર્દ વ નુસ્રત વફાક**
**તમૂઅ કર્દા બૂદમ કે કિરમાન ખૂરમ**
**કે નાગા બખૂર્દનદ કિરમાન સરમ**
**બકન પંબા ગફલત અઝ ગોશ હોશ**
**કે અઝ મુર્દગાન પંદત આયદ બગોશ.**

*(મેં એવું સાંભળ્યું છે કે એક વાર એક જગ્યાએ (એક ઘમંડી હાકિમની) માથાની ખોપરીએ એક પરહેઝગાર માણસને કહ્યું, "એક સમય એવો હતો કે મારી પાસે સંપૂર્ણ સતાનો ઠાઠમાઠ અને મારા માથા ઉપર મુગટ (તાજ) શોભતો હતો. મને આકાશી મદદ મળતી હતી અને વિજય મારો મદદનીશ હતો અને મેં મારી મહા સત્તાને કારણે ઈરાક ઉપર વિજય મેળવ્યો. કિરમાન ઉપર વિજય મેળવવાની મારી મહેચ્છાનો મેં આનંદ માણ્યો પરંતુ એકાએક કીડાઓ મારા મગજને કોરી ખાવા લાગ્યા." મરેલા માણસો તરફની નસીહત સાંભળવા શક્તિમાન બનવા તમારા કાનોમાં રહેલાં ડહાપણનાં રૂનાં પુમડાં કાઢી નાખો.)*

چو منکر بود پادشه را قدم
کہ یارد زد از امرِ معروف دم
تحکم کند سیر بر بوی گل
فرو ماند آواز چنگ از دُھل
گرت نھی منکر بر آید ز دست
نشاید چو بی دست و پایان نشست
و گر دست قدرت نداری، بگوی
کہ پاکیزہ گردد بہ اندرز خوی

**ચૂ મુન્કર બૂદ બાદશાહ રા કદમ**
**કે યારદ ઝદ અઝ અમ્રે મા'રૂફ દમ**
**તહક્કમ કનદ સીર બર બવી ગુલ**
**ફરૂ માનિંદ આવાઝ ચંગઅઝ દોહુલ**
**ગર્ત નહી મુન્કર બર આયદ ઝ દસ્ત**
**નશાયદ ચૂ બી દસ્ત વ પાયાન નશશ્ત**
**વ ગર દસ્ત કુદરત નદારી, બગવી**
**કે પાકીઝા ગરદદ બે અંદરઝ ખવી.**

*(જ્યારે બાદશાહ પોતે જ ઠપકો આપવાને પાત્ર હોય તો બીજાઓને સારાં કાર્યો બજાવી લાવવાની સૂચના આપવાની કોણ હિંમત કરી શકે? આદૂની તીવ્ર વાસ ગુલાબના ફૂલની સુગંધને પૂરેપૂરી રીતે દબાવી દેશે અને ઢોલનો અવાજ વીણા (સિતાર)ના સુમધુર સંગીતને પોતાની અંદર ડૂબાવી દેશે. જો તારી સત્તાની અંદર મનાઈ કરતું અનિષ્ટ પડેલું હોય તો તારે નિરાધાર માણસની માફક આળસમાં બેસી રહેવું ન જોઈએ. જો તું સત્તા વગરનો હોય તો બોલી દે કેમકે દુષ્ટ સ્વભાવ ધીર ગંભીર નસીહતને લીધે નિર્મળ બની શકે છે.)*


ફોન : ૨૫૬૨૦૧૮૦
મો. ૯૪૨૬૩૨૮૫૭૦
મો. ૯૮૯૮૬૬૭૭૪૧

**સરહિંદ**
**રેફ્રીજરેશન સર્વિસ**

ડીપ ફ્રીજ, વર્ટીકલ ફ્રીજ, બોટલ કુલર તેમજ વૉટર કુલર ઊંચી ગુણવત્તા અને વ્યાજબી ભાવે બનાવનાર તેમજ રીપેરીંગ અને સર્વિસ સંતોષકારક રીતે કરી આપનાર

**મળો જૂના અને જાણીતા**
**☞ બશીરભાઈ**
**દિલ્હી ચકલા, ઘી કાંટા રોડ,**
**આર. સી. હાઈસ્કૂલની પાસે, અમદાવાદ.**



ભોરણીયા સાદિકઅલી આર.
મો.૯૯૨૪૪૧૮૨૪૩
બાલીસણા ઝાકિરહુસૈન જી.
મો.૯૪૨૯૫૨૯૪૧૦
૯૪૨૮૮૪૯૪૭૭
(રસુલપુર-ખેરાલુવાળા)

**ન્યુ ચિરાગ ઈલેક્ટ્રીક**
**(સેલ્સ & સર્વિસ)**

અમારે ત્યાં **LED** મુવીંગ ડીસપ્લે, **LED** ક્લોક, હોટલ-દુકાનને લગતાં એક્રેલીક **& LED** બોર્ડ તેમજ હોટલ, ઈમામવાડા, ઝરીહ મુબારક કે દરગાહના માપ પ્રમાણે **LED** સીરીઝ, **LED** પટ્ટા, **LED** બોર્ડ તેમજ **LED**ને લગતું દરેક પ્રકારનું કામ હોલસેલ તેમજ રીટેઈલ ભાવે કરી આપવામાં આવશે.

**LED સ્પેશ્યાલિસ્ટ**

**બસ સ્ટેન્ડની બાજુમાં, રીગલ શોપીંગ સેન્ટર, વડનગર.**

Ref : Wayfaring (My search for Truth)

લેખન : હાજર પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદે.)

- **Miracles** (ચમત્કારો)

  Miracles do happen. What you need is an eye that sees them, an ego that accepts them, and a rationality that accomodates them.

  ચમત્કારો અવશ્ય થાય છે જ. તમારે જરૂર છે એવી આંખની કે જે તેમને જુએ, એવા સ્વાભિમાનની કે જે તેમનો સ્વીકાર કરે અને એવી સમજદારીની કે જે તેમને અનુસરે.

- **Thoughts** (વિચારો)

  Thoughts are your soul's legs. Never let them take your soul to a bad place and your soul will ensure that you succeed in life.

  વિચારો તમારા નફ્સના પગ છે. તમારો નફ્સ તેમને કોઇ ખરાબ સ્થળે લઈ જાય તેવી તેમને પરવાનગી ન આપો અને તમારા નફ્સને ખાતરી થઇ જ જશે કે તમે જીવનમાં કામયાબ થઇ ગયા છો.

- **Future** (ભવિષ્ય)

  Avoid wishful thinking and you will be able to predict the future.

  અપેક્ષાસભર વિચારો કરવાથી દૂર રહો અને તમે ભવિષ્ય ભાખવા માટે શક્તિમાન બની જશો.

- **Sweet Revenge** (વેરની મીઠી વસૂલાત)

  If you really want to avenge a wrongdoing, embarrass the wrongdoer by doing good to him.

  તમારે જો ખરેખર કોઇ ખરાબ કાર્યનું વેર વાળવું હોય તો તેની સાથે ભલાઈ કરીને તેની સાથે ખભા મિલાવો.

- **Love** (મોહબ્બત)

  Love is accepting, trusting, admiring and wishing well for someone. Possessing someone is not love.

  કોઇનો સ્વીકાર કરવો, વિશ્વાસ મૂકવો, પ્રશંસા કરવી અને તેના પ્રત્યે શુભેચ્છા દર્શાવવી તેનું નામ મોહબ્બત છે. કોઇના ઉપર માલિકી ધરાવવાનું નામ મોહબ્બત નથી.

- **Beauty** (સુંદરતા)

Beauty inspires, nudity provokes. A thin line called modesty separates beauty and nudity.

સુંદરતા પ્રેરણા ઉત્પન્ન કરે છે જ્યારે નગ્નાવસ્થા ઉશ્કેરાટ પેદા કરે છે. એક પાતળી રેખા સુંદરતા અને નગ્નતાને અલગ પાડે છે.

- **God** (અલ્લાહ)

  If you want to see God, stop looking for everthing else.

  જો તમારે અલ્લાહના દીદાર કરવા હોય તો બીજી કોઈ પણ વસ્તુને ખોળવાનું બંધ કરી દે.

- **Questions** (સવાલો)

  ''What do you want?'' is a question which your desire should answer. ''How?'' ''where?'' and ''why?'' are the questions which your conscience should answer.

  "તમારે શું જોઇએ છે ?" આ એક એવો સવાલ છે કે જેનો જવાબ તમારી ઈચ્છાએ આપવો જોઈએ. "કેવી રીતે ?" અને "ક્યાં ?" અને "શા માટે ?" આ બધા એવા સવાલો છે કે જેના જવાબો તમારા અંતરાત્માએ આપવા જોઈએ.

- **Freedom** (આઝાદી / સ્વતંત્રતા)

  What's real freedom? Freedom to trample upon others' rights or freedom to confine ourselves in a moral way?

  સાચી આઝાદી શું છે ? બીજાઓના અધિકારોને પગ તળે કચડી નાખવાની આઝાદી કે પછી સદાચારપૂર્વક પોતાની જાતને મર્યાદામાં રાખવાની આઝાદી ?

- **Health** (તંદુરસ્તી)

  Disease and health are just two appearances of the continuum called life. A person can change health into disease and disease into health by merely changing his thoughts and beliefs.

  બીમારી અને તંદુરસ્તી આ બન્ને માત્ર જીવન રૂપી અખંડ પ્રવાહની બે ઉપસ્થિતિઓ છે. કોઇ માણસ માત્ર પોતાના વિચારોને અને માન્યતાઓને બદલી નાખીને બીમારીને તંદુરસ્તીમાં અને તંદુરસ્તીને બીમારીમાં પલટાવી શકે છે.

**જાફરી આવાઝના ગ્રાહકના સરનામામાં ફેરફાર કરવાનો હોય કે અંક ન મળતો હોય તો મો.અકબરઅલી મસી (મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨)નો સંપર્ક કરવો**



# મીર અનીસના મરસિયા

## મરસિયા—૨

ખાતૂને જન્નત હઝરત ફાતેમા ઝહરા (અ.) અને સાનીએ ઝહરા હઝરત ઝૈનબ (અ.)ની વિશેષતા તેમજ પોતાના બન્ને પુત્રોને ઇમામ હુસૈન (અ.) પર ફિદા થવાની તેમની તાકીદ

**ઔન (અ.) અને મોહંમદ (અ.)ની શહાદત**

## مرثیہ-۲

خاتونِ جنّت حضرت فاطمہ زہراؑ اور ثانیِ زہرا حضرت زینبؑ کی توصیف اور حضرت زینبؑ کی اپنے بیٹوں کو امام عالی مقامؑ پر فدا ہونے کی تاکید

**عونؑ و محمدؑ کی شہادت**

بابا ہے یداللہ تو نانا شہِ لولاک — جن کے لیے پیدا کیے اللہ نے افلاک
مادر کا شرف جانتے ہیں صاحب ادراک — اس رشتے میں ہیں حضرتِ زینبؑ گہرِ پاک
ذی رتبہ خدیجہؑ ہوئیں زہراؑ کے شرف سے
ہر طرح فضیلت ہے انہیں ماں کی طرف سے

**બાબા હૈ યદુલ્લાહ તો નાના શહે લૌલાક — જિસકે લિયે પૈદા કિયે અલ્લાહને અફ્લાક**
**માદરકા શરફ જાનતે હૈ સાહેબે ઈદ્રાક — ઈસ રિશ્તેમેં હૈ હઝરતે ઝૈનબ ગુહરપાક**
**ઝી રુત્બા ખદીજા હુઈ ઝહરાકે શરફ સે**
**હર તર્હ ફઝીલત હૈ ઈન્હેં માઁ કી તરફસે.**

(બીબી ઝૈનબ (અ.)ના બાબા હઝરત અલી (અ.) છે તો નાના હઝરત રસૂલે ખુદા (સ.) છે કે જેમના માટે અલ્લાહ તઆલાએ આસમાનોને પેદા કર્યાં. માતાનો શરફ કેવો છે તે સાહેબે ઈદ્રાક જાણે છે. માતા સાથેના આ રિશ્તામાં હઝરત ઝૈનબ (અ.) પવિત્ર મોતી જેવાં છે. મા ફાતેમા (અ.)ના શરફથી બીબી ઝૈનબ (અ.) બીબી ખદીજા (અ.)ના રુત્બા જેવાં બની ગયાં. માતાની તરફથી બીબી ઝૈનબ (અ.)ને બધા જ પ્રકારની ફઝીલતો મળી છે.)

اِک صبح لبِ بام پس از طاعتِ داور — امّت کی دعا مانگتی تھیں کھولے ہوئے سر
جب تک کہ نہ چہرے پہ لیا گوشہ چادر — خورشید فلک شرم سے نکلا نہ فلک پر
اعدا نے جو تاراج کیا گھر کو نبیؐ کے
سر ننگے پھریں بعد حسینؑ ابنِ علیؑ کے

**ઈક સુબ્હ લબે બામ પસ અઝ તાઅતે દાવર ઉમ્મતકી દુઆ માંગતી થી ખોલે હુએ સર**
**જબ તક કે ન ચહેરે પે લિયા ગોશાએ ચાદર ખુર્શીદ ફલક શર્મસે નિકલા ન ફલક પર**
**આઅદાને જો તારાજ કિયા ઘરકો નબીકે**
**સર નંગે ફિરીં બાઅદે હુસૈન ઈબ્ને અલીકે**

(એક સવારે બીબી ઝૈનબ (અ.) ખુલ્લા આકાશ નીચે અલ્લાહ તઆલાની બારગાહમાં પોતાના માથાના વાળ ખોલી નાખીને ઉમ્મત માટે દુઆ માગી રહ્યાં હતાં. જ્યાં સુધી આપ (અ.)એ પોતાની ચાદરનો છેડો ચહેરા ઉપર ન નાખ્યો ત્યાં સુધી સૂર્ય શરમને કારણે આકાશમાં બહાર નીકળ્યો જ નહીં. દુશ્મનોએ નબી (સ.)ના ઘરાનાને તારાજ કરી નાખ્યું ત્યારે હુસૈન ઈબ્ને અલી (અ.)ની શહાદત પછી બીબી ઝૈનબ (અ.) ઊઘાડા માથે ફર્યાં.)

ماں باپ نے جو رنج و الم خلق میں پائے سب زینبؑ غمدیدہ کے حصے میں وہ آئے
فاقے بھی کئے میوۂ فردوس بھی کھائے عزت بھی ملی اور مصائب بھی اٹھائے
ملتا تھا چلن فاتح خیبر کے چلن سے
بولی نہیں باندھے گئے بازو جو رسن سے

**મોં બાપને જો રંજો અલમ ખલ્કમેં પાએ, સબ ઝૈનબે ગમદીદાકે હિસ્સેમેં વો આએ**
**ફાકે ભી કિયે મેવાએ ફિરદોશ ભી ખાએ ઈઝઝત ભી મિલી ઔર મસાએબ ભી ખાએ**
**મિલતા થા ચલન ફાતહે ખૈબરકે ચલનસે**
**બોલી નહીં બાંધે ગયે બાઝૂ જો રસનસે**

(બીબી ઝૈનબ (અ.)નાં માબાપે દુનિયામાં જેટલાં રંજ અને દુ:ખ ઉઠાવ્યાં હતાં તે બધાં ગમગીન ઝૈનબ (અ.)ના ભાગમાં પણ આવ્યાં. ફાકા પણ કર્યા અને જન્નતના મેવા પણ ખાધા. ઈજ્જત પણ મળી અને દુ:ખો પણ સહન કર્યાં. બીબી ઝૈનબ (અ.)ની ચાલચલગત ખૈબરના વિજેતા હઝરત અલી (અ.)ની ચાલચલગત સાથે મળતી આવતી હતી. જ્યારે આપનાં બાવડાં દોરીથી બાંધવામાં આવ્યાં ત્યારે આપ જરા પણ બોલ્યાં નહીં.)

مشہور ہے شیدائے برادر ہو خوش اوقات بے مرضئ شبیرؑ نہ کرتی تھی کوئی بات
فرزندوں پہ طفلی سے یہ تاکید تھی دن رات ماموں کی غلامی میں رہو جوڑے ہوئے ہات
صدقے گئی خادم ہیں ملک سبطِ نبیؐ کے
تم یہ نہ سمجھیو کہ نواسے ہین علیؑ کے

મશહૂર હે શૈદાએ બિરાદર હો ખુશ ઔકાત　　બે મર્ઝીએ શબ્બીર ન કરતી થી કોઇ બાત
ફરઝંદોં પે તિફ્લીસે યે તાકીદ થી દિન રાત　　મામૂકી ગુલામીમેં રહો જોડે હુએ હાથ.
સદકે ગઇ ખાદિમ હૈં મલક સિબ્તે નબીકે
તુમ યે ન સમજીયો કે નવાસે હૈં અલીકે

(પોતાનું કાર્ય યોગ્ય સમયે કરનારાં બીબી ઝૈનબ (અ.) પોતાના ભાઇનાં આશિક હતાં એ બાબત તો મશહૂર છે. શબ્બીરની મરજી ન હોય તો આપ કદી કોઇ વાત કરતાં નહીં. પોતાના ફરઝંદો (ઔનો મોહંમદ)ને બાળપણથી જ એવી તાકીદ કરેલી હતી કે મામૂજાનની ગુલામીમાં હાથ જોડીને ઊભા રહેવું. નબી (સ.)ના ફરઝંદ માટે ફરિશ્તાઓ ખાદિમ બન્યા છે તે બાબત માટે હું મારા ભાઇ પર કુરબાન છું, પરંતુ તમે એવું ન સમજતા કે તમે બન્ને અલી (અ.) ના નવાસા છો.)

محبوب الٰہی کے برابر انہیں سمجھو　　ہم مرتبۂ حیدر صفدر انہیں سمجھو
صدقے گئی سب خلق سے بہتر انہیں سمجھو　　آقا انہیں ملک انہیں سرور انہیں سمجھو
فرزندوں کو ماں باپ سے کیا ملتا ہے پیارو
ایسوں ہی کے ملنے سے خدا ملتا ہے پیارو

મહેબૂબે ઈલાહી કે બરાબર ઈન્હેં સમઝો　　હમ મર્તબાએ હૈદરે સફ્દર ઈન્હેં સમઝો
સદકે ગઈ સબ ખલ્કસે બહેતર ઈન્હેં સમઝો　　આકા ઈન્હેં, માલિક ઈન્હેં, સરવર ઈન્હેં સમઝો
ફરઝંદોંકો માં બાપસે ક્યા મિલતા હૈ પ્યારો
ઐસોં હી કે મિલને સે ખુદા મિલતા હૈ પ્યારો

((અય ઔનો મોહંમદ !) હુસૈન (અ.)ને તમે મહેબૂબે ઈલાહી હઝરત રસૂલે ખુદા (સ.)ની સમકક્ષ સમજજો. મર્તબાની બાબતમાં તમે તેમને હૈદરે સફ્દર અલી મુર્તઝા (અ.)ના જેવા સમજજો. હું એમના ઉપર કુરબાન થાઉં, તેમને આખી દુનિયાથી બહેતર સમજજો. તેમને તમે આકા, માલિક અને સરવર સમજજો. અય મારા પ્યારા ફરઝંદો! માબાપ પાસેથી તો ફરઝંદોને (બીજું) શું મળે છે ? આવા લોકોને મળવાથી તો ખુદા મળે છે.)

سر ماموں کے قدموں میں جھکانے میں شرف ہے　　نعلین کو آنکھوں سے لگانے میں شرف ہے
رومال کھڑے ہو کے ہلانے میں شرف ہے　　خادم کی طرح ہاتھ ڈھلانے میں شرف ہے
تسلیم کو جھکنا ہے عبادت کے برابر
آقا کی اطاعت بھی ہے طاعت کے برابر

સર મામૂ કે કદમોંમેં ઝુકાનેમેં શરફ હે
રૂમાલ ખડે હો કે હિલાનેમેં શરફ હે
નાલૈનકો આંખોંસે લગાનેમેં શરફ હે
ખાદિમ કી તરહ હાથ ધુલાનેમેં શરફ હે
તસ્લીમકો ઝુકના હે ઈબાદત કે બરાબર.
આકાકી ઈતાઅત ભી હે તાઅત કે બરાબર.

(મામૂજાનના કદમોંમાં મસ્તક નમાવવામાં શરાફત રહેલી છે. તેમની મોજડીઓને આંખે લગાવવામાં શરાફત રહેલી છે. ઊભા થઈને (વાયરો નાખવા) રૂમાલ હલાવવામાં શરાફત રહેલી છે. ખાદિમની માફક હાથ ધોવડાવવામાં શરાફત રહેલી છે. તેમને સલામ કરવા ઝુકવું તે પણ ઈબાદતના બરાબર છે. આકાની ઈતાઅત કરવી તે પણ બંદગી કર્યા બરાબર છે.)

ફૌજે ઉમ્રે સઅદ મેં ભગદળ સી મચી હૈ,
કરબોબલા કે રનમેં ચલી તેગે અલી હૈ.
કહેને લગે આઅદા કે યે અબ્બાસે અલી હૈ,
શેરે ખુદા કા શેર વફાઓકા વલી હૈ.
ઈસકે કરીં ન જાના કલમ સર કો કરેગા,
હૈદરકા પિસર હૈ યે ન નેઝોંસે ડરેગા.

ફૌજે ઉમ્રે સઅદ ખબરદાર, ખબરદાર,
આતા હૈ ઈબ્ને હૈદરે કર્રાર ખબરદાર.
ફૌજે હુસૈની કા હૈ યે સાલાર ખબરદાર,
પ્યાસી હૈ આજ તેગે અલમદાર ખબરદાર.
હૈદર સે શુજાઅત ઉસે વિર્સે મેં મિલી હૈ,
ક્યું કર ન મિલે યે ભી તો હમશકલે અલી હૈ.

- વલીઅહદ પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન બાવા (મદ્દે.)


અકબરઅલી ડોડીયા – ૯૭૩૭૭ ૬૧૧૦૯
બાકરઅલી બાદરપુરા – ૯૪૨૭૩ ૩૮૪૨૯

ફાઇવ થર્ટી
સ્વીટ એન્ડ બેકરી

બેકરીને લગતી વસ્તુઓ જેવી કે ટોસ બિસ્કીટ, નાન ખટાઈ, ફરસાણ વગેરે છૂટક તથા જથ્થાબંધ મળશે.

કોઈ પણ પ્રસંગે બેકરીને લગતી વસ્તુનો ઓર્ડર લેવામાં આવશે.

શીઆ મસ્જિદ પાસે, ઈલોલ તલાવ,
હિંમતનગર સાબરકાંઠા.



એહસાનઅલી એચ. બધરા
(હૈદરપુરા)
મો. ૯૫૩૭૬૭૨૧૭૨
મો.૯૫૩૭૬૬૭૪૧૪
ઓ. ૦૨૭૬૬ ૨૩૪૭૮૬

કમ્પ્યૂટર તેમજ લેપટોપનું રિપેરીંગ કામ સંતોષકારક કરી આપવામાં આવશે.

આશિષ ઇન્ફોટેક
કમ્પલિટ કોમ્પ્યૂટર સોલ્યુશન

* કોમ્પ્યૂટર સેલ્સ એન્ડ સર્વિસ
* નેટવર્કીંગ, પેરીફિરલ્સ * લેપટોપ રીપેરીંગ
* એન્યુઅલ મેઈનટેનન્સ * સીસીટીવી કેમેરા
* સોફ્ટવેર

દુ.નં.૪, સંતોકબા હોલની બાજુમાં,
રાજમહેલ રોડ, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫

હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) કૃત...

# મશાયખવાણી



## મક્તૂલનામા

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

### બયાન નં.૧૫

**ઉમ્મે સલમાસુ હદીસ, હે એસી રે સુણાહી,**

**સો કહીં કહીં ઠામ, સહી હદીસ લખાહી.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહે) ફરમાવે છે કે હઝરત બીબી ઉમ્મે સલમાથી એવી હદીસ સાંભળવા મળી છે કે જે સહીહ હદીસોમાં ઠેર ઠેર લખવામાં આવેલી છે.)

**કે નબી પાસ હસન, હુસેન રે આએ,**

**તબ નબીજી દોનુંકુ, લે ગલેકુ લગાએ.**

(તે હદીસ એવી છે કે એક દિવસ જ્યારે નબી (સ.)ની પાસે ઈમામ હસન (અ.) અને ઈમામ હુસૈન (અ.) આવ્યા તો આપ (સ.)એ તે બન્નેને પોતાના ગળા સાથે વળગાડ્યા.)

**અને કામલી ઓઢી થી, વે અનુકુ ઓઢાઇ,**

**એ ખબર તો સાચી, હે લખેસુ પાઇ.**

(નબી (સ.)એ એ વખતે જે કામળી ઓઢી હતી તે તેમણે તે બન્નેને ઓઢાડી દીધી. આ ખબર સાચી છે એવું લખેલું જોવા મળ્યું છે.)

**અને અલી કેરા હાથ, એક હાથ માંહે લીતા,**

**બીબી ફાતેમાકા હાથ, દુજે હાથ માંહે કીતા.**

(અને નબી (સ.)એ પોતાનો એક હાથ હઝરત અલી (અ.)ના હાથમાં લીધો હતો અને પોતાના બીજા હાથમાં હઝરત બીબી ફાતેમા (અ.)નો હાથ લીધો.

**અને મુબારક તનકુ, હાથ પકડ લગાએ,**

**કે કામલી માંહે, એ ભી આએ.**

(આપ (સ.)એ તે બન્નેના હાથ પકડીને પોતાના મુબારક શરીર સાથે લગાવ્યા. અને તે કામળી (ચાદર)ની અંદર તે બન્નેને પણ લઈ લીધાં.)

**જે કામલી ઓઢી થી, મુબારક જાતી,**

**સે સબકુ ઓઢાઇ, એસી સુની રે બાતી.**

(નબી (સ.)એ જે કામળી પોતાની મુબારક ઝાત પર ઓઢી હતી તે કામળી તે ચારેય જણને ઓઢાડી દીધી, એવું સાંભળવા મળ્યું છે.)

**બાદ નબીજીને દોઆ, પાસ રબકે મંગાહી,**

**એ ખબર તો સાચી, હે લખેસુ પાહી.**

(ત્યાર પછી નબીજીએ પોતાના રબની પાસે તેમના માટે દુઆ માગી. આ ખબર સાચી છે તેવું લખેલું જોવા મળ્યું છે.)

**કહ્યા ખુદાવંદા એહલેબયત, એ હે રે મેરી,**

**તુ કરમકી નજર, કર અનુકુ સવેરી.**

(નબી (સ.)એ એવી દુઆ માગી કે યા ખુદાવંદા ! આ મારી અહલેબૈત છે. તું તેમના ઉપર તારા કરમની નજર કરજે.)

**યું નબીજીને એહલેબયત, કર અનુકુ બતાએ,**

**જે તન એ ચારૂ, પાસ નબી કે સુનાએ.**

(આવી રીતે નબીજીએ એ ચારેય જણને

પોતાની અહલેબૈત તરીકે બતાવી દીધાં કે જે આપ (અ.)ની પાસે આવ્યાં હતાં.

**તો એહલેબયત અનુકુ, સહી કર જાનો,**
**યું ફરમુદા નબીકા, હે સહી રે પછાનો.**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે આ ચાર જણને અહલેબૈત તરીકે સાચા માનો એવું નબી (સ.)નું ફરમાન છે.)

**કે હસન હુસેન, બીબી ફાતેમા કહીએ,**
**ભી મુરતઝા અલી, ચારૂ રે લહીએ.**

(એ ચાર જણની વિગત એ છે કે તે ઈમામ હસન (અ.) છે, ઈમામ હુસૈન (અ.) છે, હઝરત બીબી ફાતેમા છે અને હઝરત અલી મુર્તઝા (અ.) છે.)

**કે એ એહલેબયત નબીને, અનુકુ બતાએ,**
**એ સુન સુન મોમિન, મન એતના લાએ.**

(નબી સાહેબે આ ચારેય જણને પોતાની અહલેબૈત ગણ્યા છે. હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે અય મોમિનો ! તમે આ બાબત સાંભળો અને મનમાં રાખો.)

**–: રે તુહી :–**

**કામલીમાં ચારૂ તન લેકર,**
**દોઆ માંગી જાન રે, દોઆ માંગી જાન;**
**સો ખાતમને એહલેબયત નામસુ,**
**કહ્યા અનુકુ માન રે, કહ્યા અનુકુ માન.**

–: રે તુંહી :–

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે નબી સાહેબે આ ચારેય તનને કામળીમાં પોતાની સાથે લઈને તેમના હકમાં દુઆ માગી હતી. અલ્લાહના છેલ્લા નબી (સ.)એ પોતાની અહલેબૈત તરીકે તેમનાં નામ લઈ લઈને તેમને સન્માન આપ્યું છે.)

## ‘જાફરી આવાઝ’ (માસિક)ના લવાજમ અંગે

દર વર્ષની માફક આ વર્ષે પણ ‘જાફરી આવાઝ’ (માસિક)નું લવાજમ મોહર્રમ માસથી લેવાનું નક્કી કરેલ છે. મોહર્રમ માસની ૨૯ તારીખ સુધીમાં (એટલે કે તા. ૪–૧૨–૨૦૧૩ સુધીમાં) જે જૂના ગ્રાહકોનું વાર્ષિક લવાજમ આવ્યું હશે તે જ ગ્રાહકો ગ્રાહકો તરીકે ચાલુ રહેશે. નવા ગ્રાહકોને ફેબ્રુઆરી–૨૦૧૪થી અંક મોકલવામાં આવશે. ઉપરોક્ત દર્શાવેલી તારીખ સુધીમાં જે જૂના ગ્રાહકોનાં લવાજમ આવ્યાં હશે તેમને જ અંક મોકલવામાં આવશે, જેની દરેકે નોંધ લેવી. મહેરબાની કરીને સમય મર્યાદા પછી લવાજમની રકમ મોકલવી નહીં. ચાલુ સાલે પંચવર્ષિય યોજના F.M. નું લવાજમ આ વર્ષે મોહર્રમ માસમાં પૂરું થાય છે. આ વર્ષથી લવાજમના દરમાં નીચે પ્રમાણે ફેરફાર કરવામાં આવેલ છે.

**વાર્ષિક લવાજમ : રૂા.૧૫૦/–, પચવર્ષિય લવાજમ : રૂા.૭૫૦/–, પરદેશનું લવાજમ : રૂા.૧૦૦૦/–**

આપનું લવાજમ આપના ગામના મુખી / મોલ્વી સાહેબ, આપના વિસ્તારના માનદ્ પ્રતિનિધિને સમય મર્યાદામાં આપી દઈને સહકાર આપવા વિનંતી છે. દરેક ગામના મુખી / મોલ્વી સાહેબ ઉપર જૂના ગ્રાહકોની યાદીની નકલ મોકલી આપવામાં આવેલ છે.

આપ સૌએ ભૂતકાળમાં અમને જે રીતે સાથ અને સહકાર આપ્યો છે એ રીતે આપતા રહેશો એવી અપેક્ષા રાખીએ છીએ.

ज्ञानगोष्ठि

સંપાદક : મોમિન રત્ન

## વસિયત વિષે

(ગતાંકનું ચાલુ)

**પોતાના માલમાંથી થોડીક શય (વસ્તુઓ) અથવા એક સહમ અથવા એક જુઝ અથવા કસીર માટેની વસિયત :**

અબાન બિન તુલ્લબે અલી ઈબ્નુલ હુસૈન (અ.)થી રિવાયત કરી છે. આં જનાબ (અ.)થી એક એવા માણસની બાબતમાં પૂછવામાં આવ્યું કે જેણે પોતાના માલમાંથી થોડીક શય (વસ્તુ) માટે વસિયત કરી. તો આપ (અ.)એ ફરમાવ્યું, કિતાબે અલી (અ.)માં શય (થોડીક જ વસ્તુઓ)થી મુરાદ છમાંથી એક (૧/૬) છે. (૫૪૭૩)

સકૂનીએ હઝરત ઈમામ જાફર સાદિક (અ.) થી રિવાયત કરી છે કે આપ (અ.)ને પૂછવામાં આવ્યું કે એક માણસે પોતાના માલમાંથી એક સહમ (ભાગ)ની વસિયત કરી તો આપ (અ.)એ ફરમાવ્યું કે સહમ આઠમાંથી એક છે અર્થાત્ ૧/૮. અલ્લાહ તઆલાના આ કોલના આધારે (સૂરએ તૌબા, આયત–૬૦, ભાષાંતર) : ઝકાત જે છે તે હક છે મુફલીસોનો અને મોહતાજોનો અને ઝકાતના કામ માટે જનારાઓનો અને જેનું દિલ ઉપર જવું મંઝૂર છે અને ગરદનોને છોડાવવામાં અને જે દંડ ભરે અને અલ્લાહના માર્ગમાં અને માર્ગના મુસાફરોનો. (૫૪૭૪)

વળી એ પણ રિવાયત છે કે સહમ છ માંથી એક (૧/૬) છે.

આ કિતાબના મુસન્નિફ (અ.રહ.) ફરમાવે છે કે જ્યારે ઝકાતના સહામ (ભાગો)માંથી એક સહમના માટે વસિયત કરવામાં આવશે તો સહમ આઠમાંથી એક થશે અને જ્યારે મીરાસના સહામ-માંથી સહમના માટે વસિયત કરવામાં આવશે તો સહમ છમાંથી એક હશે અને આ બન્ને હદીસો એકમત છે, વિરોધી નથી. એટલા માટે વસિયત કર-વાવાળી મુરાદ પર વસિયતો લાગુ થશે. (૫૪૭૫)

હસન બિન અલી બિન ફઝઝાલે સઅલ્બા બિન મયમૂનથી, તેમણે મોઆવિયા બિન અમ્મારથી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે એક વખત મેં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ને પૂછયું કે એક માણસે પોતાના માલમાંથી એક જુઝ (અંશ) ની વસિયત કરી. આપ (અ.)એ ફરમાવ્યું, જુઝ દસમાંથી એક હોય છે એટલે કે ૧/૧૦ (એક દસમાંશ). અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે (સૂરએ બકરા, આયત–૨૬૦, ભાષાંતર) : પછી દરેક પહાડ ઉપર એક જુઝ મૂકી દો. અને પહાડ દસ હતા. (૫૪૭૬)

બઝનવીએ હુસૈન બિન ખાલિદથી, તેમણે હઝરત ઈમામ અબૂલ હસન (અ.)થી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે મેં આંજનાબ (અ.)ને પૂછયું કે એક માણસે પોતાના માલમાંથી એક જુઝ માટે વસિયત કરી છે. આપ (અ.)એ ફરમાવ્યું, (તેના માલનો) એક તૃત્યાંશનો સાતમો ભાગ (એટલે કે ૧/૨૧).

આ કિતાબના મુસન્નિફ (અ.ર.) ફરમાવે છે કે પહેલાંના જમાનામાં માલદાર લોકો પોતાના માલને જુઝ જુઝ (પ્રમાણે) વહેંચતા હતા. તેમનામાં કોઈ પોતાના માલને દસ જુઝમાં વહેંચતો હતો તો કોઈ સાત જુઝમાં વહેંચતો હતો. તો એ માણસના દસ્તૂર પ્રમાણે તેની વસિયત ઉપર પણ અમલ થશે. અને

આ પ્રમાણેની વસિયત તે જ કરે છે, પરંતુ સામાન્ય લોકો વસિયત આવા શબ્દોમાં કરે છે કે જેના અર્થની લોકોને ખબર હોય, તેની ચોખવટ કરવાની જરૂર ન હોય.

અને જો કોઇ માણસ માલે કસીરની વસિયત કરે તો કસીર એંશી (૮૦) અને તેનાથી વધારે છે. અલ્લાહ તઆલાના આ કોલના આધારે (સૂરએ તૌબા, આયત–૨૫નું ભાષાંતર) : અલ્લાહ તઆલાએ તમારા લોકોની મદદ ઘણા પ્રસંગોએ કરી છે અને તે પ્રસંગો એંશી (૮૦) હતા. (૫૪૭૭)

**એક માણસ અમુક માલની વસિયત ફી સબીલિલ્લાહ કરે છે :**

મોહંમદ બિન ઈસા બિન ઉબૈદે હસન બિન રાશિદથી રિવાયત કરી છે કે એક વખત મેં હઝરત ઈમામ અબૂલ હસન અસ્કરી (અ.)થી રિવાયત કરી છે કે એક માણસે અમુક માલની વસિયત ફી સબીલિલ્લાહ કરી છે તો આપ (અ.)એ ફરમાવ્યું, ફી સબીલિલ્લાહથી મુરાદ અમારા શીઆ છે. (૫૪૭૮)

મોહંમદ બિન ઈસાએ મોહંમદ બિન સુલયમાનથી, તેમણે હુસૈન બિન ઉમરથી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે એક વખત મેં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ને અરજ કરી કે એક માણસે મને અમુક માલની ફી સબીલિલ્લાહ વસિયત કરી છે. આપ (અ.)એ ફરમાવ્યું, તેને હજમાં વાપરો. મેં અરજ કરી, તેણે તો ફી સબીલિલ્લાહ માટે વસિયત કરી છે. આપ (અ.) એ ફરમાવ્યું, તેને હજમાં સર્ફ કરો એટલા માટે કે હું અલ્લાહની સબીલોમાંથી કોઇ સબીલ (વ્યવસ્થા) હજથી અફઝલ અને બહેતર નથી જાણતો.

આ કિતાબના મુસન્નિફ (અ.ર.) ફરમાવે છે કે આ બન્ને હદીસો એકબીજા સાથે મેળ બેસે તેવી છે અને તે એવી રીતે કે જે રકમની ફી સબીલિલ્લાહ વસિયત કરી છે તેને મર્દે શીઆ પર સર્ફ કરો કે તે એનાથી હજ કરે અને તે હદીસના પ્રમાણે હશે કે કહેવામાં આવ્યું છે, સબીલિલ્લાહ અમારા શીઆ છે. (૫૪૭૯)

**મરનારની વસિયતમાં અગર વસી ફેરફાર કરશે તો તેનો જામીન રહેશે.**

મોહંમદ બિન સનાને ઈબ્ને મસ્કાનથી, તેમણે અબી સઈદથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે આંજનાબ (અ.)ને પૂછવામાં આવ્યું કે એક માણસે પોતાના વસીને હજ માટે વસિયત કરી, પરંતુ તેના વસીએ (હજના બદલે) એક ગુલામને આઝાદ કરી દીધો. આપ (અ.)એ ફરમાવ્યું, એનું નુકસાન વસી વેઠશે અને તે રકમથી હજ કરાવશે જેવી કે મરનારે વસિયત કરી છે એટલા માટે કે અલ્લાહ તઆલાનો ઈરશાદ છે. (સૂરએ બકરા, આયત–૧૮૧નું ભાષાંતર) : જે વસિયત સાંભળ્યા પછી તેમાં ફેરફાર કરે તો તેનો ગુનો એ લોકો ઉપર છે કે જે તેમાં ફેરફાર કરે. (૫૪૮૦)

હસન બિન મહેબૂબે મોહંમદ બિન મારૂથી રિવાયત કરી છે. તેનું બયાન છે કે મેં એક વખત હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ને પૂછ્યું કે એક વ્યક્તિએ એક માણસને વસિયત કરી કે તેના ૧/૩ (એક તૃત્યાંશ) માલમાંથી એક ગુલામ છસો દિરહમમાં ખરીદીને તેના તરફથી આઝાદ કરી દે તો વસીએ જઈને છસો દિરહમ એક માણસને હજના માટે આપી દીધા કે આ મરનારના તરફથી હજ કરી દે. તો ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું કે મારી નજરમાં આ વસીએ વસિયત કરનારના માલમાંથી છસો (૬૦૦) દિરહમનું નુકસાન કર્યું

જેના માટે તેણે ગુલામ આઝાદ કરવા માટે વસિયત કરી હતી. (૫૪૮૧)

મોહંમદ બિન અબી ઉમૈરે ઝૈદ નરસીથી, તેમણે સાબરીના સહાબી અલી બિન મજીદથી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે એક વખત મેં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ને પૂછ્યું કે એક માણસે મને પોતાના તર્કા (મરનારે છોડી દીધેલો માલ)ના માટે વસિયત કરી છે અને કહ્યું છે કે હું તેના તરફથી હજ કરું તો મેં તેના તર્કા પર નજર ફેંકી તો તે ખૂબ જ થોડો (માલ) હતો, હજના માટે કાફી નહોતો તો મેં અબૂ હનીફા અને અન્ય ફુકહાએ અહલે કૂફાને પૂછ્યું તો એ લોકોએ કહ્યું, તેને મરનારના તરફથી સદકા તરીકે આપી દો. પરંતુ જ્યારે હું તવાફમાં અબ્દુલ્લાહ બિન હસનને મળ્યો અને તેમને પૂછ્યું કે એક માણસ આપ લોકોના મૌલાઓમાં કૂફાવાસીમાંથી મરી ગયો અને પોતાના તર્કાની મને વસિયત કરી કે હું તેના તરફથી હજ કરું. પરંતુ મેં જ્યારે તેના તર્કાને જોયો તો હજ માટે કાફી નહોતો. પછી મેં મારી પાસે જે ફુકહા હતા તેમને પૂછ્યું. તે લોકોએ કહ્યું કે તે રકમ મરનારના તરફથી સદકામાં આપી દો. અને મેં સદકામાં આપી દીધી. હવે આપ શું ફરમાવો છો ? તેમણે જવાબ આપ્યો કે હઝરત જાફર બિન મોહંમદ (અ.)ની પાસે આવો અને તેમને પૂછો. તેથી હું હુજરામાં ગયો તો જોયું કે હઝરત જાફર બિન મોહંમદ (અ.) મિઝાબની નીચે ખાના–એ–ખુદાની તરફ મોઢું કરીને દુઆમાં મશગૂલ છે. પછી તેઓ મારી તરફ ફર્યા અને મને જોયો તો પૂછ્યું, તમારે મારાથી શું કામ છે ? મેં અરજ કરી કે એક માણસ મરી ગયો અને તેણે મને પોતાના તર્કાના માટે વસિયત કરી કે હું તે તર્કાથી તેના તરફથી હજ કરું. પરંતુ મેં નજર ફેંકી તો જોયું કે તે હજના માટે કાફી નથી તો મેં મારી પાસે જે ફુકહા હતા તેમને પૂછ્યું તો એ લોકોએ જવાબ આપ્યો કે તમે તેની તરફથી સદકો આપો. આપ (અ.)એ પૂછ્યું, પછી તમે શું કર્યું ? મેં અરજ કરી કે મેં તેના તરફથી સદકામાં આપી દીધા. આપ (અ.) એ ફરમાવ્યું, અગર તે રકમ મક્કાની હજ કરવા માટે પૂરી થઇ જાય છે તો પછી તેના જામીન છે અને જો રકમ મક્કાની હજ કરવા માટે પૂરી થતી ન હોય તો તમારા ઉપર કોઇ જમાઅત નથી, અગર મક્કાની હજ કરવા કાફી હોય તો તમે જામીન છો. (૫૪૮૨)

## શબ્દ પરિચય

### શયતાન

**શયતાન :** (شيطان) શયતાન અરબી ભાષાનો શબ્દ છે તેના અર્થ આ મુજબ થાય છે : (૧) અલ્લાહની આજ્ઞા ન પાળવાના અપરાધમાં જન્નતમાંથી હાંકી કાઢવામાં આવેલ જિન (૨) ધૂતારો (૩) દુષ્ટ આત્મા (૪) ઉદ્દંડ, શરારતી (૫) અવજ્ઞાકારી (૬) ભૂતપ્રેત (૭) દુરાચારી (૮) બહિષ્કૃત (૯) ગુમરાહ (૧૦) ફસાદી (૧૧) ઝઘડો (૧૨) ગુસ્સો. શયતાન ઉપરથી બનતા કેટલાક શબ્દો અને મુહાવરા : **શયતાનકા કાનમેં ફૂંક દેના** - શયતાને બહેકાવવો, શયતાને દિલમાં ઘમંડ પેદા કરવો **શયતાનકા લશ્કર** - તોફાનીઓની ટોળકી **શયતાનકી આંત** - બહુ લાંબી વસ્તુ **શયતાનકી ખાલા** - લડાઇ ઝઘડો કરનારી સ્ત્રી **શયતાન ઉછલના** - તોફાન સૂઝવું **શયતાન ઉતરના** - ગુસ્સો દૂર થવો **શયતાન ચૌકડી** - તોફાની ટોળકી **શયતાન સીરત** - શયતાની સ્વભાવનું **શયતાન સૂરત** - શયતાની સ્વભાવ કે આકૃતિવાળુ **શયતાનસે ઝિયાદા મશહૂર** - ખૂબ જ બદનામ, ખૂબ કુખ્યાત **શયતાને લઇં** - બહિષ્કૃત શયતાન **શયતાને મુજસ્સમ** - પૂરેપૂરો શેતાન, ખૂબ જ દુષ્ટ માણસ

# જાફરી પંચાંગ

**ચાંદ દેખાય તે પ્રમાણે અમલ કરવો.**

| અંગ્રેજી તારીખ | ઈસ્લામી તારીખ | વાર | તા.૧૬ માહે નવેમ્બર–૨૦૧૩ થી તા. ૧૫, માહે ડિસેમ્બર–૨૦૧૩ મુ.તા. ૧૧, મોહર્રમ–૧૪૩૫ થી મુ.તા. ૧૧, સફર–૧૪૩૫ |
|---|---|---|---|
| નવે. | મોહર્રમ | – | |
| 16 | ૧૧ | શનિ | અહલેહરમને કેદી બનાવ્યાં. ❖ વફાત : પીર સૈયદ અલી ખાલિદ (રહે.અ.) |
| 17 | ૧૨ | રવિ | ઝિયારત : હઝરત ઈમામ હુસૈન (અ.) ❖ **ગુરૂનાનક જયંતિ** |
| 18 | ૧૩ | સોમ | વફાત : અલ્હાજ પીર સૈયદ મહેરહુસૈન બાવા (રહે.અ.) |
| 20 | ૧૫ | બુધ | હઝરત આદમ (અ.)ની વફાત |
| 21 | ૧૬ | ગુરૂ | અસ્હાબે ફીલનો પ્રસંગ |
| 24 | ૧૯ | રવિ | **ઉર્સ : અલ્હાજ પીર સૈયદ મહેરહુસૈન બાવા (રહે.અ.) ધોળકા** |
| 25 | ૨૦ | સોમ | **ઉર્સ : હ. પીર મશાયખ બાવા (રહે.અ.), અમદા.** ❖ હ. ઈમામ હુસૈન (અ.)નું દસમું |
| 30 | ૨૫ | શનિ | વફાત : હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન (અ.) |
| ડિસે.1 | ૨૬ | રવિ | વીંછુડો બેસે : રાત્રે ૨–૧૫ |
| 2 | ૨૭ | સોમ | વીંછુડો |
| 3 | ૨૮ | મંગળ | વીંછુડો ઉતરે : રાત્રે ૨–૨૩ |
| 4 | ૨૯ | બુધ | ઈમામ હુસૈન (અ.)નું વીસમું |
| 10 | સફર-૬ | મંગળ | વફાત : પીર સૈયદ અલી સલામુદ્દીન (રહે.અ.) |
| 11 | ૭ | બુધ | **વિલાદત : હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.)** |
| 14 | ૧૦ | શનિ | ઈમામ હુસૈન (અ.)નું ત્રીસમું |

## શું તમે આ જાફરી આવાઝ વાંચ્યું ?

## લ્યો ત્યારે, આપો આના જવાબ.

સંપાદક : મોલ્વી કમ્બરઅલી દાવડા (કાટવાડ)

(૧) પારણામાં અઝદહાને કોણે ચીરી નાખ્યો હતો ?

(૨) કરબલામાં કરવામાં આવતા હરવલા (દોડ) માટે બીજો કયો શબ્દ વપરાયો છે ?

(૩) કોના ગમમાં રડવા જેવો ચહેરો બનાવવાથી જન્નત મળે છે ?

(૪) સદકો આપવાથી શું દૂર થાય છે ?

(૫) અલ્લાહે હઝરત મૂસા (અ.)માં જોયેલા કયા ગુણના કારણે તેમના સાથે કલામ કર્યા હતા ?

(૬) હઝરત અલી (અ.)ની વિલાયતની માઅરેફત આપણને કયા ઈમામે કરાવી છે ?

(૭) કોઈ આદરણીય વ્યકિતની મુલાકાતને શું કહે છે ?

(૮) અલ્લાહ તરફથી મળેલા ઈલ્મને કયા નામથી ઓળખવામાં આવે છે ?

(૯) "જે માણસ વડીલોનું સન્માન નથી કરતો તે અમારામાંથી નથી". આ હદીસ કયા ઈમામની છે.

(૧૦) 'ઝાકિર'નો અર્થ શું થાય ?

# આપણા ઘરની વાતો

● **અભિનંદન..:**



કિશોરગઢ નિવાસી **મો. ગુલામમોહંમદ નશીરભાઈ ભટ્ટને** એસ. એ. તાલુકા પંચાયત કચેરી, ધાનેરાથી પાલનપુર જિલ્લા પંચાયત કચેરી, કુટુંબ કલ્યાણ શાખામાં 'રિસર્ચ આસિસ્ટન્ટ' તરીકે પ્રમોશન મળેલ છે. તે બદલ જાફરી આવાઝ (માસિક) પરિવાર તરફથી હાર્દિક અભિનંદન. ⟶



⟵બાદરપુર (સિધ્ધપુર) નિવાસી **મો.શાકેરાબેન તાલિબભાઈ દત્ત** બી.ઈ. (ઈલેક.) માં સેમિસ્ટેર-I માં ૮૨.૩% તથા સેમિસ્ટર-II માં ૮૯.૧% મેળવી ઉત્તીર્ણ થયેલ છે. જાફરી આવાઝ (માસિક) પરિવાર તરફથી હાર્દિક અભિનંદન.

● **ઇન્નાલિલ્લાહે..:**



બાદરગઢ નિવાસી **મર્હૂમા મો.મરયમબેન જીવાભાઈ ખોરજીયા** મુ.તા. ૨૧, શવ્વાલ–૧૪૩૪, તા.૨૯–૮–૨૦૧૩ને ગુરૂવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. ⟶



⟵બાદરપુર નિવાસી **મર્હૂમા નૂરીબેન રસૂલભાઈ દાદાવાલા** મુ.તા. ૧૬, ઝિલ્કાદ–૧૪૩૪, તા.૨૯–૩–૨૦૧૩ને સોમવારના રોજ ૮૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે દયાળુ, રહમદિલ અને મોહંમદ વ આલે મોહંમદ (અ.)નાં ચાહક હતાં.



વાઘરોલ નિવાસી **મર્હૂમ મો.અલીરઝા હબીબભાઈ અસામદી** મુ.તા. ૭, ઝિલ્કાદ, તા.૧૪–૯–૨૦૧૩ને શનિવારના રોજ ૪૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. ⟶

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

## જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઇ (કઠોર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઇની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦૦/- મો.મર્હૂમા મરયમબેન જીવાભાઈ ખોરજીયા (બાદરગઢ)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો.કુલસૂમફાતેમા હસનઅલી મલેકપુરા (બાદરપુર) તરફથી તેમણે માહે રમઝાનુલ મુબારકના રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

# આપણા ઘરની વાતો

● **અભિનંદન..:**



કિશોરગઢ નિવાસી **મો. ગુલામમોહંમદ નશીરભાઈ ભટ્ટ**ને એસ. એ. તાલુકા પંચાયત કચેરી, ધાનેરાથી પાલનપુર જિલ્લા પંચાયત કચેરી, કુટુંબ કલ્યાણ શાખામાં 'રિસર્ચ આસિસ્ટન્ટ' તરીકે પ્રમોશન મળેલ છે. તે બદલ જાફરી આવાઝ (માસિક) પરિવાર તરફથી હાર્દિક અભિનંદન. ⟶



⟵ બાદરપુર (સિધ્ધપુર) નિવાસી **મો.શાકેરાબેન તાલિબભાઈ દત્ત** બી.ઈ. (ઈલેક.) માં સેમિસ્ટેર-I માં ૮૨.૩% તથા સેમિસ્ટર-II માં ૮૯.૧% મેળવી ઉત્તીર્ણ થયેલ છે. જાફરી આવાઝ (માસિક) પરિવાર તરફથી હાર્દિક અભિનંદન.

● **ઇન્નાલિલ્લાહે..:**



બાદરગઢ નિવાસી **મર્હૂમા મો.મરયમબેન જીવાભાઈ ખોરજીયા** મુ.તા. ૨૧, શવ્વાલ–૧૪૩૪, તા.૨૯–૮–૨૦૧૩ને ગુરૂવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. ⟶



⟵ બાદરપુર નિવાસી **મર્હૂમા નૂરીબેન રસૂલભાઈ દાદાવાલા** મુ.તા. ૧૬, ઝિલ્કાદ–૧૪૩૪, તા.૨૯–૩–૨૦૧૩ને સોમવારના રોજ ૮૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે દયાળુ, રહમદિલ અને મોહંમદ વ આલે મોહંમદ (અ.)નાં ચાહક હતાં.



વાઘરોલ નિવાસી **મર્હૂમ મો.અલીરઝા હબીબભાઈ અસામદી** મુ.તા. ૭, ઝિલ્કાદ, તા.૧૪–૯–૨૦૧૩ને શનિવારના રોજ ૪૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. ⟶

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

## જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઇ (કઠોર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઇની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦૦/- મો.મર્હૂમા મરયમબેન જીવાભાઈ ખોરજીયા (બાદરગઢ)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો.કુલસૂમફાતેમા હસનઅલી મલેકપુરા (બાદરપુર) તરફથી તેમણે માહે રમઝાનુલ મુબારકના રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૦૦/- મો.ગુલામમોહંમદ નશીરભાઈ ભટ્ટ (કિશોરગઢ) તરફથી તેમને કુટુંબ કલ્યાણ શાખામાં ‘રિસર્ચ આસિસ્ટન્ટ’ તરીકે બઢતી મળી તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦૦/- મો.મર્હૂમા નૂરીબેન રસૂલભાઈ દાદાવાલા (બાદરપુર)ના પરિવાર તરફથી.

**મર્હૂમ મો.અલીરઝા હબીબભાઈ અસામદી (વાઘરોલ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૨૦૧/- મો.સલમાબેન અલીરઝા અસામદી
રૂા.૧૦૧/- મો.મોહંમદઅલી અલીરઝા અસામદી
રૂા.૧૦૧/- મો.બાકરઅલી અલીરઝા અસામદી
રૂા.૫૧/- મો.સાકેરાફાતેમા મોહંમદઅલી પલસાણીયા
રૂા.૫૧/- મો.હકીમાફાતેમા મોહંમદઅલી પલસાણીયા
રૂા.૧૦૧/- મો.ઝુબેદાબાનુ યાકૂબભાઈ કડીવાલા
રૂા.૧૦૧/- મો.કુલસૂમબેન અબ્બાસભાઈ અસામદી
રૂા.૫૧/- મો.અબ્બાસઅલી હબીબભાઈ અસામદી
રૂા.૫૧/- મો.ઝોહરાબેન અબ્બાસભાઈ અસામદી
રૂા.૫૧/- મો.કમ્બરઅલી હબીબભાઈ અસામદી
રૂા.૫૧/- મો.હુસૈનાબેન કમ્બરઅલી અસામદી
રૂા.૫૧/- મો.કૌસરઅલી હબીબભાઈ અસામદી
રૂા.૫૧/- મો.આબેદાબાનુ કૌસરઅલી અસામદી

રૂા.૧૦૦/- મો.ગુલામમોહંમદ હાસમભાઈ તરફથી તેમના પત્ની મર્હૂમા કુલસૂમબેનની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦/- મો.ગુલામહૈદર ફતેહભાઈ મુખી સાહેબ (વસો) તરફથી તેમના પૌત્ર ઈર્શાદઅલીને બિસ્મિલ્લાહ પઢાવ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.સલમાફાતેમા તરફથી માહે રમઝાનુલ મુબારકના રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.


પીરો મુરશિદની દુઆથી અને મોમિન ભાઈ બહેનોના સહકારથી ૧૪ વર્ષથી ટૂર્સનું આયોજન ચાલુ છે.

**ઝહીર ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ**

ઉમરા ઝિયારત પ્રોગ્રામ

૧૦–૫–૨૦૧૪ : ૪૦ દિવસ

::::: આયોજક:::::

**હાજી માસૂમઅલી રસૂલભાઈ નાગલપરા (કેસીમ્પા)**
મો. ૯૪૨૭૬ ૮૩૯૩૦ / ૯૫૭૪૭ ૬૮૪૨૯
ઓફિસ : ૦૨૭૬૧ ૨૨૩૦૬૩
**હાજી ઈસ્માઈલભાઈ રસૂલભાઈ નાગલપરા (કેસીમ્પા)**
મો. ૯૫૭૪૯ ૯૯૭૩૫ / ૯૯૦૯૬ ૭૬૯૫૩

**મેડીકલ સ્ટોર્સ કોન્ટ્રાક્ટથી ચલાવવા આપવાનો છે.**

- પંદર વર્ષ જૂનો
- સારો નફો કરતો
- અમદાવાદ શહેરમાં

::::: સંપર્ક :::::
મો. ૯૮૭૯૧૪૪૮૫૮